# બ્રહ્મ વૈભવ

## ભાગ – ૫

### ૬૦ આધ્યાત્મિક ચિંતનો


આલેખન

પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત

**શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**



પ્રકાશન

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

**સ્થાપકઃ શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ**

## પ્રાપ્તિસ્થાન

પી.એ. શાહ જ્વેલર્સ
૧૧૦, હીરાપન્ના, હાજીઅલિ, મુંબઈ-૨૬.
ફોન : ૨૩૫૨૧૧૦૮, ૨૩૬૭૧૨૩૯

ચંદ્રકાન્ત એસ. સંઘવી
૬/બી, અશોકા કોમ્પ્લેક્ષ, જનતા હોસ્પિટલ પાસે,
પાટણ (ઉ.ગુ.) ફોન ૨૩૧૬૦૩

મૂળીબેન અંબાલાલ રતનચંદ જૈન ધર્મશાળા
સ્ટેશન રોડ, વીરમગામ, જૈન ધર્મશાળા

બાબુભાઈ સરેમલજી બેડાવાળા
સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે,
હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૫
મો.૯૪૨૬૫૮૫૯૦૪

દિલીપ રાજેન્દ્રકુમાર
૬, નંદિત એપાર્ટમેન્ટ, ભગવાનનગર ટેકરો,
પાલડી, અમદાવાદ. ફોનઃ ૨૬૬૩૯૧૮૯

ડો. પ્રકાશભાઈગાલા
બી-૫, સર્વોદય સોસાયટી, સાંઈનગર, સંઘાણી એસ્ટેટ,
એલ.બી.એસ.રોડ, ઘાટકોપર(પશ્ચિમ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૦૦૫૮૩૭

અક્ષય જે. શાહ
૫૦૬, પદ્મ એપાર્ટમેન્ટ,
સર્વોદય પાર્શ્વનાથ નગર,
મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૮૦
ફોન : ૯૫૯૪૫ ૫૫૫૦૫

**નકલ ૨૦૦૦** **મૂલ્ય :૩૦ રૂા.**

**પ્રથમ સંસ્કરણ : સંવત ૨૦૬૭**

મુદ્રણ : સચ્ચયાય રીદ્ધી ગ્રાફિક્સ : ૯૩૭૬૫ ૩૩૩૭૭

## સુકૃત સહયોગી

પિંડવાડા નિવાસી

લીલાબેન કુંદનમલજી તારાચંદ મહેતા


સુલોચનાબેન મહેન્દ્રકુમાર મહેતા

સલોની આવિશકુમાર

રાશી

આદિ મહેતા પરિવાર

આપની જ્ઞાન ભક્તિની ભૂરીભૂરી અનુમોદના....



# પ્રકાશકીય

પૂજ્ય ગુરુદેવના વિવિધ પ્રકારના સાઇઠ ચિંતનોને બ્રહ્મ વૈભવ માં પ્રકાશિત કરવાનું સદ્ભાગ્ય અમને પ્રાપ્ત થયું છે. તેનો અત્યંત આનંદ અનુભવીએ છીએ.

આ પૂર્વે પૂજ્યશ્રી ના જયવીયરાય સૂત્ર પરના વિવેચનને અમે પ્રસિદ્ધ કર્યુ જે સંઘમાં ખૂબ જ આવકાર પામ્યું છે. ચૈત્યવંદનના અંતે જયવીયરાય સૂત્રમાં પ્રભુ પાસે કરેલ તેર પ્રાર્થનાઓના રહસ્ય આમાં પ્રગટ કર્યા છે.

આ બ્રહ્મ વૈભવ માં રહેલ પૂજ્યશ્રીના વિશિષ્ટ સાઇઠ ચિંતનોનું વારંવાર વાંચન અને ચિંતન કરવાથી આત્માના દોષો રૂપી ભાવરોગો શીઘ્ર નાશ પામે છે અને સુંદર ભાવ આરોગ્યની પ્રાપ્તિ થાય છે.

આજે અર્થ અને કામ પુરુષાર્થ ખૂબ ફાલી રહ્યો છે. આમાં સુખની કલ્પનાઓ હોવાથી જીવો અર્થ-કામ તરફ દોટ મૂકી રહ્યા છે પણ હાથમાં સુખનો અંશ પણ પ્રાપ્ત થતો નથી ઉલ્ટા સંકલેશો વધી રહ્યા છે. આવી સ્થિતિમાં પૂજ્યશ્રીના ચિંતનો આપણને આગળ વધવા સુંદર બળ આપે છે.

પૂર્વાચાર્યોના એક શ્લોકના આધારે વર્તમાન ભવમાં જ મોક્ષના સુખની અનુભૂતિ કરવાનો ઉપાય બતાવેલ છે.

ટુંકમાં આ બધા જ ચિંતનો સુંદર સમાધિજનક બનશે. પાપબંધથી છોડાવશે અને પુણ્યાનુબંધિ પુણ્યના સર્જન કરાવી શીઘ્ર મુક્તિને પમાડશે.

સૌ કોઈ આ ચિંતનોનું ચિંતન કરી શીઘ્ર મુક્તિને પામો એજ શુભેચ્છા।

વિશેષમાં જ્ઞાન ભક્તિના કાર્યોમાં વિશેષ લાભો મળતા રહે તેવી શ્રુતાધિષ્ઠાયિકા સરસ્વતી દેવીને પુનઃ પુનઃ પ્રાર્થના

લિ.
સંઘવી અંબાલાલ રતનચંદ જૈન
ધાર્મિક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ






# સમર્પણ

માતા-ત્રણે બહેનો - પત્ની - ભત્રીજી - મામા - મામી - માસી વિગેરે સ્વજનોમાંથી બાવીશ આત્માઓ સંયમને પામ્યા. આવા એક ઉત્તમકુળમાં જન્મ પામી પૂજ્યપાદ ગુરુદેવશ્રી આચાર્યદેવ શ્રીમદ્વીજયભુવનભાનુસૂરીશ્વજી મ.સા. પ્રત્યે જીવન સમર્પિત કરી તેમના શિષ્યત્વ ને પામી સ્વગુરુ તથા અનેક મુનિ ભગવંતોની સુંદર અને અજોડ વૈયાવચ્ચ કરી જીવનને સાર્થક કર્યું. ચોપન વર્ષ રત્નત્રયીની નિર્મળ સાધના કરી,

સુરત મુકામે ૨૦૬૭ના કારતક સુદ ૭ ના રોજ
અત્યંત સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા તે ગુણગણનિધિ
પંન્યાસપ્રવર શ્રી જયતિલક વિજયજી ગણિવરને
અત્યંત બહુમાન સહ
આ નાનકડી પુસ્તિકા
સર્મપણ
કરીએ
છીએ........



# દિવ્ય આશિષ

પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ, સુવિશાળ ગચ્છસર્જક

આચાર્યદેવ શ્રીમદદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા

પૂજ્યપાદ ન્યાયવિશારદ, સુવિશાળ ગચ્છાધિપતિ, ઉગ્ર તપસ્વી

આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

પૂજ્યપાદ સુવિશુદ્ધસંયમ આરાધક, સમતાસાગર

પંન્યાસપ્રવર શ્રી પદ્મવિજયજીગણિવર્ય

પૂજ્યોના ચરણોમાં અનંતશઃ વંદના

# શુભાશિષ

પૂજ્યપાદ ગચ્છાધિપતિ પ.પૂ.સિદ્ધાંતદિવાકર આચાર્યદેવ

શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા



# ભાવભરીવંદના



અમારા કુટુંબમાંથી દીક્ષિત થઈને કુલને અજવાળનારા પૂજ્યપાદ

વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવશ્રીમદ્‌વિજય

હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

પૂજ્ય પ્રવર્તિનીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.

પૂજ્ય સાધ્વીજીશ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.

પૂજ્ય સાધ્વીજીશ્રી દિવ્યયશાશ્રીજી મ.

## (૧)

**ભાવનો ભૂખ્યો છું સ્વામી, શુભ ભાવ આપો,**

**મન મળ્યું છે મોટું, પણ ચારો ન મળે તો થાય ખોટું**

વળી દૂષિત ચારો મળે તો પણ ખોટું. શુભ ભાવનાના ચારાથી એને પુષ્ટ કરો.

પ્રભુ ! સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય તરીકે જન્મ આપીને આપે મને કેવું મોટું મન આપ્યું. પેલા એકેન્દ્રિયોને બિચારાને નાનું મન, વિકલેન્દ્રિયોને પણ ઠેકાણા વગરનું, મને સંજ્ઞી પંચેન્દ્રિય તરીકે સ્વામી ! કેવું મોટું મન મળ્યું પણ પ્રભુ ! આ મોટા મનને વિશાળ ઘણો ચારો જોઈશે ને ?

કોઈ એક દાનેશ્વરીએ ત્રણ જણાને હૃષ્ટપુષ્ટ ગાયો આપી ખૂબ જ દૂધ આપે ને સુખી કરી દે તેવી, પણ પ્રથમ વ્યક્તિ ગાય લઈને ગયો. એ તો રણમાં રહેતો હતો. ચારાના અભાવે ગાય થોડા કાળમાં મૃત્યુ પામી.

બીજી વ્યક્તિ ગાય લઈને ગયો ચારા માટે. ચારે બાજુ વિશાળ ઘાસ ઊગ્યું હતુ પણ બાજુમાં જ રહેલી કેમીકલ ફેક્ટરીના દૂષિત પાણીથી બધુ જ ઘાસ દૂષિત થઈ ગયું હતું. તેની ગાય અનેક રોગોની ભોગ બની. વળી એ ગાયના દૂધ પીવા દ્વારા આખું કુટુંબ રોગી થયું તથા એ દૂધ અન્ય નગરજનોમાં પણ જતું તેથી અનેક જીવો કેન્સરાદિ ઘોર રોગના ભોગ બન્યા.

ત્રીજી વ્યક્તિ ગાય લઈને પોતાના ગામે ગયો. ત્યાં તો



સારો વરસાદ સારું ચોક્ખું નિર્દોષ ઘાસ ઉગતું. આ ચારાથી ગાય પુષ્ટ થઈ દૂધ ઘણું આપવા લાગી. કુટુંબ અને નગર પણ આબાદ થયું. સૌ સારા આરોગ્યને ભોગવવા લાગ્યા.

અમારું મન એ ગાય છે. પ્રભુ ! આપે અમને આ મનરુપી ગાય આપી છે પણ અમારે ત્યાં બીજી વ્યક્તિ જેવો દૂષિત ચારો છે

મનને વિચારણા માટેના વિષયો રાગ-દ્વેષની વૃદ્ધિ કરે છે. વિષય કષાયોના વિકૃત વિચારોથી મન વધુને વધુ મલિન બને છે વળી તેના કારણે મનનો ખોરાક અત્યંત દૂષિત છે. શારિરિક પણ અનેક રોગો ઉભા થાય છે. વળી આ વિકૃત મન બીજા જનોને વિકૃત કરે છે, મલિન કરે છે, રોગી કરે છે, દુઃખી કરે છે.

અમારા મનનો દૂષિત ખોરાક એટલે અર્થ કામની કાતિલ વિચારણાઓ. રાગ-દ્વેષથી ભરપૂર અધ્યવસાયો. કૃષ્ણ-નીલ-કપોત લેશ્યાઓ. આ ખોરાકથી માત્ર આ લોક જ નહીં પણ ભવાંતરોમાં અનેક ભવો સુધી દીર્ઘકાળ સુધી અમારે જન્મ-મરણના દુઃખો સહન કરવા પડશે. અમારું આ દૂષિત ચારાવાળું મન અમને કદાચ નરકાદિમાં કે નિગોદાદિમાં મોકલી દેશે.

ત્રીજા માણસ જેવા સંત પુરુષો મનરૂપી ગાયને પ્રભુભક્તિ, ભજનો, સ્વાધ્યાય-આગમવાંચન, જાપ, જિનવચન-પ્રરૂપણા, સાધુભક્તિ-જનસેવા, જીવદયા, તત્ત્વચિંતન, શુભધ્યાન વગેરે સાત્ત્વિક ચારો ખવડાવી ગાયને પુષ્ટ કરે છે. તેના દ્વારા તેઓ અત્યંત સુખી થાય છે અને અનેક જીવોને સુખી કરે છે.

અમારા મનને પણ શુદ્ધ વિચારોનો ત્રીજા પુરુષ જેવો ખોરાક મળશે ત્યારે અમે પણ ન્યાલ થઈ જઈશું. અમારે પણ હવે એ માટે પ્રયત્ન કરવાનો છે, ચાલો નવકારનો જાપ કરીએ, પ્રભુ ભક્તિમાં મન લાવીએ, ગુરુ સમર્પિત જીવન બનાવીએ, ભક્તિ વૈયાવચ્ચમાં પ્રવૃત થઈએ, સ્વાધ્યાયના ઘોષ ઉભા કરીએ. તપ અને ત્યાગના શિખરો સર કરીએ, નિર્મળ સંયમનું પાલન કરી ભવાંતરમાં વિહરમાન પ્રભુના સાન્નિધ્યે સંયમ પ્રાપ્ત કરી, નિર્મળ અને મજબૂત મનથી ક્ષપકશ્રેણી આરોહણ કરી શીઘ્ર કેવલજ્ઞાન પામી સિદ્ધશિલા પર અનંતસિદ્ધ ભગવંતોની ભેગા ભળી જઈએ અને કેવલજ્ઞાન-કેવલદર્શન સાથે અનંત આવ્યાબાધ સુખના ભોક્તા બનીએ.

(૨)

તમે પરલોક, પુણ્ય, પાપને માનો છો કે કેમ ?

જો આ જીવ પરલોકમાં જશે એમ નિશ્ચિત માનતા હોવ તો પરલોકનો વિચાર કરવો પડે કે નહીં ? આપણે સારું સુખમય જીવન પરલોકમાં ઈચ્છીએ તો તદનુરૂપ વર્તન કરવું પડશે ને ?

પુણ્યથી સુખ, પાપથી દુઃખ આટલું તો જો માનીશું તો પછી પાપ કરવા કેમ કટિબદ્ધ થવાશે ?

**દુઃખથી છુટવા પાપથી છુટવું પડશે**

**સુખ પ્રાપ્ત કરવા પુણ્ય કરવું પડશે**

પાપપ્રવૃત્તિની આચરણા એ જ **આશ્રવ**. પાપપ્રવૃત્તિથી



અટકવું એ જ **સંવર**. પૂર્વે થયેલ પાપપ્રવૃત્તિ થી બંધાયેલ અશુભ કર્મનો તપ વગેરે દ્વારા આત્માથી છુટકારો કરવો તે જ **નિર્જરા**.

જીવ સિવાય જગતમાં દેખાતું કે ન દેખાતુ અન્ય સર્વે **અજીવ**.

શુભ કે અશુભ પ્રકૃતિથી પુણ્યકર્મ-પાપકર્મ આત્મા પર લાગે તે જ **બંધ**

ઉપયોગ લક્ષણવાળો જે છે તે **જીવ**.

સર્વ કર્મથી મુક્ત જીવની શાશ્વત સુખમય અવસ્થા તે જ **મોક્ષ**. આ જ મુખ્ય નવતત્ત્વો છે. આને જાણીને આશ્રવથી અટકી સંવર નિર્જરાના સાધક અનુષ્ઠાનો દ્વારા કર્મબંધ અટકાવી તથા કર્મોને છુટા કરી શીઘ્ર મોક્ષને પામવા આપણે સહુ કટિબદ્ધ થઈએ.

(૩)

ભાઈ તને યાદ છે ? આ મકાન તેં ભાડે લીધું છે. અને માત્ર થોડા વર્ષના જ માટે. વળી, ભાડે લેતી વખતે મકાન માલિક જોડે દસ્તાવેજમાં કરેલી શરતો (ટર્મઝ) તને યાદ છે ? તેમાં જણાવ્યું છે કે-

૧. આ મકાનને જે કંઈ રંગ-રોગાન, શણગાર કરવા હોય તે બધા તમારા ખર્ચે તમારે કરવાના છે.
૨. મકાનમાં તમારું ધન, સોનું, ચાંદી, હીરા, માણેક વગેરે વસ્તુઓ તમે રાખી શકશો.
૩. આ બધી વસ્તુઓની તમે મુદત દરમિયાન હેર-ફેર કરી

શકશો.

૪. પરતું જે ક્ષણે મુદત પૂરી થશે તે ક્ષણે તમારે અત્રેનું બધું અત્રે રાખીને ખાલી હાથે બહાર નીકળવું પડશે. અંદરથી કંઈ પણ લઈ જવાશે નહીં

૫. એક વિશેષ શરત એ હતી કે કોઈ કારણવશ વચ્ચેથી પણ નોટીસ આપીને કે વગર નોટીસે મકાન ખાલી કરાવીશ અને તે વખતે પણ તમારે બધું મૂકીને જ જવું પડશે...

આમ હોવા છતાં તું મકાનને શણગારવામાં પડી ગયો છે. રંગ રોગાન કરાવ્યા, ફર્નીચર કરાયા. અરે! તે તો મકાનને સુવર્ણથી મઢવા માંડ્યુ અને મોતીની માળાઓ બાંધવા માંડી છે. મણિ અને રત્નો જડવા માંડયા છે.

અમે તને ઘણીવાર યાદ કરાવીએ છીએ કે અચાનક નીકળી જવું પડશે ત્યારે શું થશે? પણ તને મકાનમાલિક પર વિશ્વાસ છે આવું નહીં થાય અમે તને ઘણા બીજાના પ્રસંગો પણ બતાવ્યા કે જો કેટલા બધા જનોને આ રીતે મકાન છોડીને નીકળી જવું પડયું છે! પણ તું અમને ગણકારતો નથી. હવે અમારી વાત માનીશ?

(૪)

વર્ષોથી આ ભાઈ કોમામાં ચાલી ગયા છે. શ્વાસની ધમણ ચાલે છે. ટ્યુબ વગેરે દ્વારા ખોરાક અપાય છે પણ ભાન બિલકુલ નથી. દવાઓ બધી નિષ્ફળ જાય છે ડોકટરોનું કહેવું છે કોમામાંથી ક્યારેક સ્વાભાવિક જાગૃતિ એકાદ ક્ષણ માટે આવશે એ વખતે તમે જો દવાનો ડોઝ પીવડાવી દેશો તો



એકદમ અસર કરશે. ફરી કોમામાં નહીં જાય. હંમેશ માટે જાગૃતિ આવી જશે. પણ એ સ્વાભાવિક જાગૃતિની ક્ષણ વખતે જો દવા પીવડાવવામાં વિલંબ થયો કે ચૂકાઈ ગયું તો પાછા કોમામાં જતા રહેશે પછી કોઈ ઉપાય નહીં રહે, પાછી દીર્ઘકાળ સુધીની બેભાન અવસ્થા જ રહેશે.

આનો ઉપનય સમજી ગયા હશો. અનાદિકાળથી નિગોદ એકેન્દ્રિયાદિમાં આપણે અસંજ્ઞી મન વગરના હતા. કોમામાં હતા. સ્વાભાવિક જ પંચેન્દ્રિયનો ભવ મળ્યો. એટલે કોમામાંથી બહાર આવ્યા. જાગૃતિ આવી હવે આ જાગૃતિમાં પ્રભુએ બતાવેલ ધર્મઔષધનું પાન થાય તો ફરી કોમામાં એટલે એકેન્દ્રિયાદિમાં જવું ન પડે. હમેંશ માટે કોમામાં એટલે એકેન્દ્રિયાદિના ભવો દૂર થઈ જાય અને આત્માનો વિકાસ ચાલુ રહે, પરંપરાએ છેક આત્માના શુધ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાય. અનંત સુખના ભોક્તા બનાય. પણ કદાચ કોઈક પ્રમાદ વશ જાગૃતિરૂપ મનુષ્યભવમાં ધર્મરૂપી ઔષધનું પાન ન થાય તો પાછુ એકેન્દ્રિયાદિના ભવોરૂપી કોમામાં જવું પડશે. જાગૃતિ એટલે મનુષ્ય ભવ મળવો મુશ્કેલ બનશે માટે મળેલા ક્ષણિક એવા આ મનુષ્ય ભવમાં ધર્મ ઔષધનું પાન કરી જીવન સફળ કરીએ. નહીંતર દીર્ઘકાળ સુધીના એકેન્દ્રિયાદિના નરક-નિગોદના પારાવાર યાતનાવાળા ભવોમાં ભટકવું પડશે. પાછો ઉદ્ધાર થવો મુશ્કેલ બની જશે.

(૫)

કેવલજ્ઞાન થતાની સાથે સમસ્ત જગતના સર્વ જીવોના

ત્રણે કાળના ભાવો, પરિસ્થિતિ, અવસ્થાઓ જોઈને સૌની શુદ્ધિ થાય અને સહુ જીવો સર્વ દુઃખથી મુક્ત બની મુક્તિના અનંત સુખને પામે તેવો માર્ગ જે પ્રભુએ બતાવ્યો તે જ શાસન એ જ તીર્થ અને માર્ગ બતાવનાર પ્રભુ તીર્થંકર.

તરણ તારણ જહાજ જેવા તમે મળ્યા પછી મન-વચન-કાયાના આવા અશુભ કે અલ્પ શુભ આચરણવાળો હું કેવી રીતે રહી શકું ?

પ્રભુ ! મને અત્યંત શુભ મન-વચન-કાયાના, યોગોનું આચરણ આપો, મારી કાયા સદા તારા વિહિત માર્ગે આગળ વધે. મારું વચન સદા તારી આજ્ઞાનુસાર પ્રવર્તે, મારું મન પ્રભુ! સદા શુભ ભાવોમાં રમતું રહે. શુભધ્યાન(ધર્મકે શુક્લ)માં પ્રવર્તમાન રહે. શુભલેશ્યામાં રમતું રહે. એવું પ્રભુ કરો એવી મારી ગાઢ વિનંતિ છે.

**"એવું કરોને સ્વામી જેથી રહું ચઢતે પરિણામ**
**ક્ષપકશ્રેણી આરોહણ કરીને પામું કેવલજ્ઞાન"**

ભગવાને આ માર્ગ વીતરાગ અવસ્થા અને સર્વજ્ઞપણામાં બતાવેલ છે એટલે પક્ષપાત રહિત એક માત્ર સત્ય માર્ગ આ જ છે. પરિપૂર્ણ માર્ગ પણ આ જ છે.

એટલે જ "सच्चं, अणुंत्तरं, पडिपुन्नं, केवलिअं" વગેરે વિશેષણોથી શાસ્ત્રમાં આ શાસનને નવાજ્યું છે અને "इत्थं ठिआ जीवा सिज्झंति, बुज्झंति, मुच्चंति परिनिव्वायंति, सव्वदुक्खाणमंतं करंति"। આ શાસનમાં રહેલા જીવો સિદ્ધ થાય છે. બોધ પામે છે અને સર્વ દુઃખોનો અંત કરે છે વગેરે



પ્રતિપાદન કરેલ છે.

## (૬)

## જન્મ કલ્યાણકે પ્રભુ પાર્શ્વને ભૂરિ ભૂરિ વંદના.

પ્રભુ! નમું છું, પ્રણામ કરું છું, વંદુ છું, પૂજુ છું, તારા ગુણગાનમાં મસ્ત બનું છું. તારી સાથેના ભેદ મિટાવી અભેદ કરવો છે.

હમણાં જ પેલા તારાચંદભાઈએ પુત્રના લગ્ન નિમિત્તે પત્રિકા સાથે સુવર્ણ મહોર મોકલી હતી. કોક ઠેકાણે ગૃહસ્થો પાંચ હજાર રૂપિયાનો ચાંલ્લો કરે છે. સામેથી ડબલ કે તેથી વધુ કિંમતની વસ્તુ પાછી આવે છે. ભીનમાલમાં તારા જન્મ કલ્યાણકે ભક્તિનું ભેટણું ધરીને તારી પાસે અપૂર્વ સમાધિ અને શાસન સંઘ ભક્તિના મનોરથ સફળ કરવાની માંગણી કરી હતી આને ફરી દોહરાવું છું. તારો એક મહિમા છે "पार्श्वात् चिन्तित-कार्य सिद्धिरखिला" પ્રભુ પાર્શ્વથી ચિન્તવેલા સર્વકાર્યની સિદ્ધિ થાય છે. હું એજ ઈચ્છું છું પણ ચિંતિત આગળ શુભ અને હિતકારી એવા વિશેષણ લગાડું છું. છદ્મસ્થ છું, મોહથી મૂઢ છું. કદાચ અશુભ ચિંતવન - મનોરથો ઘણા થાય છે. તે બધાને સફળ કરવા નથી ઈચ્છતો તે તો નિષ્ફળ કરજો. અશુભચિંતનથી પાછો વાળજે. પણ દાદા! શુભ મનોરથો હિતકારી મનોરથ બધા જ સફળ કરજે. બસ "ચિંતિત કાર્યસિદ્ધિરખિલા" નું વરદાન આજે મને આપજે. ગાવો ગાવો ગાવો ગાવો, પ્રભુ પાર્શ્વનો જન્મ કલ્યાણક ગાવો.

તારા જન્મ નિમિત્તે મને આ જરૂર આપજે.

પ્રભુ! ભક્તિનો ચાંલ્લો કેટલો છે એ ન જોશો દરિદ્ર માણસ કેટલો ચાંલ્લો કરી શકે ? પણ સજ્જન પુરૂષ ઉલ્ટું દરિદ્રને વધુ આપે છે.

મારા મનોરથ પૂરજો. તારી ભક્તિનો પ્રવાહ હૃદયકમલમાં ઉછળજો. મન સદા તારામાં લીન રહેજો. વચન-કાયા સદા તારી ભક્તિમાં પ્રવર્તમાન થજો. તારો મહિમા વિશ્વમાં વિસ્તારને પામજો.

તારા નામ સ્મરણ દ્વારા સહુ કોઈ સુખ-શાંતિ અને સમૃદ્ધિને પામજો. આ બાળક પર સદા રહેમ રાખજો. કરૂણા સભર દ્રષ્ટિથી પ્રભુ મને નિહાળજો.

વર્તમાન સમસ્ત વિશ્વનો ઉદ્ધાર કરવાનું બળ આપો. મારે અંગત ભક્તો નથી જોઈતા પણ જગતને બાહ્ય-અભ્યંતર બંને પ્રકારના દુઃખોથી બચાવવું છે તે માટે જોઈતી સામગ્રી અવશ્ય આપજો. અને તેનો નિરભિષ્વંગપણે ઉપયોગ કરી શકું તેવા ભાવ પણ આપજો, બાહ્ય સામગ્રી પ્રભુ! કદાચ શ્રીમંતો પાસેથી મળી શકશે. પરંતુ મને ઉત્તમભાવો અને શુભ પ્રણિધાનની શક્તિ અને પ્રવૃત્તિ તો નાથ તારી કૃપાથી જ મળશે. અવશ્ય કરૂણાભરી એક દૃષ્ટિ કરી મારા જીવનને સફળ કરજો.

પાર્શ્વ પ્રભુ , પાર્શ્વ પ્રભુ ,
પાર્શ્વ પ્રભુ , પાર્શ્વ પ્રભુ ,
તારા ચરણે તારા ચરણે
વંદન વાર હજાર



## (૭)

આત્માના પ્રદેશો અસંખ્ય છે. સ્વરૂપે આત્મા વીતરાગ, સર્વજ્ઞ, સર્વદર્શી , અનંતશક્તિમાન છે પણ પ્રત્યેક પ્રદેશ પર સૂક્ષ્મ કર્મ સ્વરૂપે પરિણમેલ કાર્મણ પુદ્‌ગલના અનન્તસ્કન્ધોએ કબજો જમાવી દીધો છે અને આત્માને વિકૃત, અજ્ઞ, અશક્ત કરી દીધો છે. હવે જો આ કર્મ પુદ્‌ગલો નાશ પામે આત્મપ્રદેશોથી છુટા પડે તો આત્માનું અન્નતજ્ઞાન-દર્શન-વીતરાગતા-અનન્તશક્તિ પ્રગટ થાય તેમ છે.

અસંખ્ય પ્રદેશ પરના પ્રત્યેક પ્રદેશ પર જામેલા અનંતા કર્મ સ્કંધોને છુટા શી રીતે પાડવા ? છે એનો કોઈ ઉપાય ?

હા છે. આ અસંખ્ય આત્મપ્રદેશો આખા શરીરમાં વ્યાપ્ત છે. વળી શરીરમાં ૩॥ કરોડ રૂંવાડા છે એટલે આ ૩॥ કરોડ રૂંવાડામાં અસંખ્યાત પ્રદેશો રહેલા છે. દરેક પર અનન્ત કર્મસ્કંધો છે.(પ્રત્યેક કર્મસ્કંધમાં અંનતા કર્મના અણુઓ છે.)

આ કર્મસ્કંધો એ આપણા દુશ્મનો છે. દુશ્મન માટે સંસ્કૃતમાં "અરિ "શબ્દ વપરાય છે.

કર્મરૂપી "અરિ"ને હણનારા આ જગતમાં અરિહંત તરીકે તરીકે પ્રસિદ્ધિને પામ્યા છે.

આપણે ૩॥ કરોડ સંખ્યામાં આ "ચતુરક્ષરી અરિહંત" પદનો જાપ કરી સ્થાપન કરી દઈએ તો આ પ્રત્યેક રૂંવાડામાં (રોમમાં) વ્યાપી રહેલ અસંખ્ય પ્રદેશો પર રહેલ

અનન્તા કર્મસ્કંધોનો નાશ થઈ શકે. માટે કર્મરૂપી અરિના નાશના સંકલ્પપૂર્વક સાડા ત્રણકરોડ રૂંવાડા પર સ્થાપિત કરવા સાડા ત્રણ કરોડ "**અરિહંત**" ના જાપનો પ્રારંભ કરીએ.

પ્ર. શી રીતે આ જાપ પૂર્ણ થઈ શકે ?

ઉ. એક માળા હાથમાં લો ચાર વાર અરિહંત બોલી તેનો પ્રત્યેક મણકા ફેરવતા રહો.

માળા પૂર્ણ થતાં લગભગ ૪૦૦ થી અધિક જાપ થશે. આવી ૬૦ માળા રોજ ગણો તો રોજ પચીશ હજાર જેટલો થાય વર્ષમાં ૯૦ લાખ અને ચાર જ વર્ષમાં તમારો ૩.૬૦ કરોડ થઈ શકે. પ્રારંભમાં કદાચ એક માળા ગણતાં તમને બે થી ત્રણ મિનિટ લાગશે. અભ્યાસ વધતા ૧ થી ૧ાા મિનિટમાં તમે ગણી શકશો.

એટલે રોજ ૧-૧ાા કે ૨ કલાકના જાપ દ્વારા તમે ચાર વર્ષમાં ૩.૫૦ કરોડ જાપ પૂર્ણ કરી શકશો.

કદાચ સમય આટલો ન કાઢી શકો તો છેવટે રોજ ચોવીશ (૨૪) માળા ગણશો તો પણ રોજ ૧૦હજાર જાપ થશે. વર્ષે ૩૬ લાખ ૧૦ વર્ષમાં તમારો જાપ ૩.૬૦ કરોડનો થઈ જશે. અને તે દ્વારા તમારા રૂંવાડે રૂંવાડે અરિહંત પરમાત્માની સ્થાપના થતા કર્મરૂપી અરિનો વિશાળ પ્રમાણમાં નાશ થશે. રાગ-દ્વેષ ઘણાં મંદ પડી જશે. જ્ઞાન-શક્તિ વગેરે પ્રગટ થશે. આત્મિક અનેરો આનંદ અનુભવશો. આ જ ભવમાં તમારું હૃદય આનંદથી ભરાયાનો અનુભવ થશે. બાહ્ય-અભ્યતંર શત્રુઓ દૂર થઈ જશે. જ્ઞાનવિમલસૂરિ મ.સા.પણ શત્રુંજયના સ્તવનમાં ગાય છે

**"બાહ્ય અભ્યતંર શત્રુકેરો ભય નહિં હોવે મુજને**



**સેવક સુખીયો સુજસ વિલાસી એ મહિમા પ્રભુ તુજનો રે"**

તમે પણ આ રીતે ખૂબ ઉલ્લાસપૂર્વક, એક માત્ર કર્મ અરિને હણવાના સંકલ્પપૂર્વક આ રીતે અરિહંત પદની સાધના કરી, કર્મનો હ્રાસ કરી સદ્‌ગતિ પ્રાપ્ત કરી શીઘ્ર સિદ્ધિપદને પામો એજ શુભેચ્છા.

## (૮)

**એક શુદ્ધ આત્મા મારો અસંખ્યાત પ્રદેશ રે,**
**પ્રતિ પ્રદેશે ગુણ અનંતનો વાસ રે,**
**કર્મો તણા ભારથી સર્વે થયા તે પ્રચ્છન્ન રે,**
**પ્રગટ કરો તેહને સ્વામી વંદન વાર હજાર રે..**

કર્મરૂપી અરિને હણનારા અરિહંત છે.

કર્મ મહાન અરિ-દુશ્મન છે. આખા જગતને નચાવે છે. છ ખંડના સમ્રાટ ચક્રવર્તિઓને નરકમાં મોકલી દે છે, પૂર્વધરોને નિગોદમાં ધકેલી દે છે. જીવોને પૃથ્વીકાયાદિમાં અસંખ્ય કાળચક્રો સુધી ભમાવે છે. અરે તીર્થંકર પ્રભુના જીવોને પણ નરકમાં ધકેલી દે છે.(શ્રેણિક વગેરે)

આ કર્મ જેવો બીજો કયો મોટો દુશ્મન જીવસૃષ્ટિનો હોઈ શકે ?

આ વાત ઉચિત જ છે. પરંતુ મને લાગે છે કે કર્મ કરતા ભયંકર દુશ્મન જીવોનું "**અજ્ઞાન**" છે.

કર્મનું પણ મૂળ અજ્ઞાન છે.

(અશુભ)કર્મની વિશિષ્ટ તાકાત અજ્ઞાનના કારણે છે.

અજ્ઞાનને અધંકાર જણાવેલ છે. આ અજ્ઞાનના અંધકારના કારણે જ જીવો સંસારમાં રખડે છે.

આ અજ્ઞાનના અધંકારના કારણે જ જીવો ભયંકર કર્મબંધન કરે છે.

આ અજ્ઞાનના કારણે જ જીવો હિંસા, ચોરી, જૂઠ, અનીતિ, દુરાચાર, પરિગ્રહના ઘોર પાપો કરે છે.

આ અજ્ઞાનના કારણે જ જીવો ક્રોધ-માન-માયા-લોભ-ચાર કષાયોને વશ થાય છે.

આ અજ્ઞાનના કારણે જ જીવો મિથ્યાત્વમાં મહાલે છે.

વિસ્તૃત અજ્ઞાનનો અંધકાર સમસ્ત વિશ્વમાં વ્યાપેલ છે.

આ અજ્ઞાનને કારણે જ જગતમાં મત્સ્ય ગલાગલ ન્યાય પ્રવર્તે છે. મત્સ્ય સમુદ્રમાં નાની નાની માછલીઓને ગળી જાય છે. વળી મોટા મગરમચ્છો મોટા માછલાઓને પણ ગળી જાય છે. આ મત્સ્ય ગલાગલ ન્યાય કહેવાય છે.

આ માત્ર  સમુદ્રોમાં જ નથી પણ સર્વત્ર પૃથ્વી પર પ્રવર્તે છે.

મોટાઓની ફરજ નાનાની રક્ષા કરવાની હોય છે. તેના બદલે મોટાઓ પોતાના સ્વાર્થ માટે નાનાઓને ગળી જવાની (ખતમ કરવાની)પ્રવૃત્તિ  કરી રહ્યા છે.

તિર્યંચોમાં પણ બળવાન તિર્યંચો વાઘ-સિંહ- વરુ વગેરે પોતાનાથી નિર્બળ એવા ઘેંટા, બકરા, વગેરેને મારીને પોતાનો ખોરાક બનાવે છે. ચકલીઓ પણ કીડી-ભમરીઓને ગળી જાય છે. ગીધ-ઘુવડ વગેરે નાના પક્ષીઓને પણ ખતમ કરે છે. તિર્યંચ જગતમાં પણ ભારે હિંસા પ્રવર્તે છે.



નારકીઓ પણ પરસ્પર મારામારી કરે છે. એક બીજા પર ભયંકર પ્રહારો કરે છે.

પરમાધામી દેવો પણ નારકીઓને પારાવાર પીડા આપે છે.

દેવોમાં પણ પરસ્પર હોંસા તોસી ચાલે છે. બળવાન દેવો નિર્બળ દેવોને હેરાન કરે છે. સુર-અસુરો વચ્ચે પણ યુદ્ધો પ્રર્વતે છે. આભિયોગિક દેવોની માનહાનિ કરાય છે. દા.ત. સૌધર્મેન્દ્રના હાથી તરીકે દેવે રૂપ લઈ પોતાની પીઠ પર ઈન્દ્રને બેસાડવા પડે છે. કેટલા દેવો બીજા દેવોની દેવીઓનું અપહરણ કરે છે. કેટલીક દેવીઓ પણ બીજા દેવો સાથે ભાગી છુટે છે. દેવલોકમાં પણ હાહાકાર વર્તી રહ્યા છે.

મનુષ્યનો આ જગતમાં ઉચ્ચભવ કહેવાય છે. પણ માનવ જગત પણ અજ્ઞાનથી ખદબદી ઉઠયું છે. માનવો પણ કેવી ઘોર હિંસાઓ કરે છે. વિજ્ઞાન એટલે પોતાનું જ્ઞાન જ ને? પણ આધુનિક વિજ્ઞાને ઘોર હિંસક અણુબોમ્બ વગેરેની શોધ કરી જેના દ્વારા ક્ષણવારમાં કરોડો મનુષ્યોનો સંહાર થઈ જાય છે. હિંસક શસ્ત્રો દ્વારા લાખો-કરોડો મનુષ્ય મરે છે. બુદ્ધિશાળી મનુષ્યો પોતાના સ્વાર્થ ખાતર અનેકને દરિદ્ર બનાવી સંપત્તિ પ્રાપ્ત કરે છે. મનુષ્યો માંસાહાર, પરસ્ત્રીગમન, વેશ્યાગમન, શિકાર, જુગાર, ચોરી, દારુપાન વગેરે ભયંકર પાપો કરી રહ્યા છે.

કેટલાક પાપી જીવો તીર્થો, મંદિરો પર પણ હુમલા કરે છે તેનો નાશ કરે છે.

કેટલાક ધર્મી જીવો ધર્મ આરાધનામાં પણ કષાયો મિશ્રિત

કરી સાધનાને નિષ્ફળ કરી રહ્યા છે કે અજ્ઞાની જીવો દેવદ્રવ્યનું ભક્ષણ વગેરે પણ કરી નરકાદિગતિના ઘોર પાપો એકઠા કરે છે.

પોતાના સ્વાર્થ ખાતર મનુષ્ય પણ અનેક પાપોને આચરે છે.

અરે ! અજ્ઞાનનું તાંડવ તો જુઓ ?

છેક ઉચ્ચ કક્ષાએ સાધુપણા સુધી આવેલા જીવો પણ ક્યાંય પ્રમાદમાં પડી જાય છે. શિથિલતાનો જીવનમાં વિસ્તાર થઈ જાય છે. ખાન-પાન વગેરે સુખશીલતામાં રાચે માચે છે. ક્યારેક કષાયોની પકડમાં પણ આવી જાય છે. નામના ખાતર સુકૃતોના લાભને પણ ગુમાવી કષાય પરિણતિ મજબૂત કરી દે છે.

અરે ! કેટલાક ઉત્તમ સાધુ વેષમાં રહીને પણ ન કરવા જેવા પાપો આચરે છે અને તેથી પણ આગળ વધેલા જીવો છેક ગુરૂદ્રોહ સુધી પહોંચે છે.

આ બધો અજ્ઞાનનો વિલાસ છે.

આ બધામાં અજ્ઞાન એ જ મુખ્ય કારણ છે. આ બધાના પરિણામો ઘોર દુર્ગતિના દુઃખો છે આ અજ્ઞાન દ્વારા બાંધેલા કર્મો દ્વારા જીવોને વર્ણનાતીત દુઃખો અસંખ્ય અસંખ્ય અને અનંતકાળ સુધી ભોગવવા પડે છે.

માટે જ સર્વજીવોના પ્રેમી એવા પરમાત્માએ જગતના જીવોના અજ્ઞાનને દૂર કરવા શાસન સ્થાપ્યું.

અજ્ઞાનને દૂર કરવા અર્થથી દ્વાદશાંગી પ્રર્વતાવી. આ દ્વાદશાંગી એ જ પ્રવચન છે.

શાસનનો પ્રાણ પ્રવચન છે

શાસનનો પ્રાણ દ્વાદશાંગી છે.



આ દ્વાદશાંગી અજ્ઞાનનો નાશ કરી સમ્યગ્જ્ઞાનના તેજને પ્રસરાવે છે તેના દ્વારા જન્મ-જરા-મરણ-શોક-રોગ-દારિદ્રયાદિના દુઃખોનો નાશ કરે છે. વિશાળ એવા કલ્યાણ સુખને પમાડે છે માટે જ શાસ્ત્રકારોએ આ દ્વાદશાંગીને પામીને પ્રમાદ છોડીને તેની આરાધના કરવા નિર્દેશ કર્યો છે.

जाइजरामरणसोगपणासणस्स,

कलाणपुक्खलविशालसुहावहस्स ।

को देवदाणवनरिंदगणच्चिअस्स,

धम्मस्स सारमुवलब्भ करे पमायं।।

જન્મ, જરા, મરણ, શોકનો નાશ કરનાર, પુષ્કળ કલ્યાણ કરનાર, વિશાળ સુખને લાવી આપનાર, સુર-અસુર નરેન્દ્રોના સમૂહથી અર્ચિત ધર્મનો સાર (પ્રવચન-દ્વાદશાંગી) ને પામીને કોણ પ્રમાદ કરે ?

સઘળા દુઃખોમાં, દુઃખોના કારણ કર્મબંધમાં, કર્મબંધના કારણ અજ્ઞાનનું નિવારણ કરી સમ્યગ્જ્ઞાનના પ્રકાશને પ્રસરાવવાનું એક માત્ર સાધન છે આ દ્વાદશાંગી. (પ્રવચન-પ્રભુનું વચન).

अर्हद्वक्त्रप्रसूतं, गणधररचितं द्वादशाङ्गं विशालम्

चित्रं बह्वर्थयुक्तं मुनिगणवृषभैर्धारितं बुद्धिमद्भिः।

मोक्षाग्रद्वारभूतं व्रतचरणफलं ज्ञेयभावप्रदीपम्

भक्त्या नित्यं प्रपद्ये श्रुतमहमखिलं सर्वलोकैकसारम् ।।

અરિહંતોના મુખમાંથી નીકળેલ, ગણધરોએ સૂત્રથી રચેલ, અનેક પ્રકારના અર્થોથી યુક્ત, બુદ્ધિશાળી પ્રધાન મુનિગણથી ધારણ કરાયેલ, મોક્ષનું અગ્રદ્વાર, વ્રત અને ચારિત્રના ફળ આપનાર વિશ્વના સઘળા જ્ઞેય પદાર્થોને પ્રગટ કરવામાં પ્રદીપ સમાન, સર્વલોકના એક માત્ર સારભૂત એવા આ શ્રુતને ભક્તિપૂર્વક નિત્ય હમેંશ માટે સ્વીકારું છું.

અહિં બુદ્ધિનિધાન વૃષભ(શ્રેષ્ઠપ્રધાન)મુનિઓથી ધારણ કરાયેલ આ દ્વાદશાંગી કહી છે. સંસારદાવાની ત્રીજી ગાથામાં પણ "**સારં વીરાગમજલનિધિં સાદરં સાધુ સેવે.**"

વિશ્વમાં સારભૂત વીરપ્રભુના આગમરૂપી સમુદ્રને આદરપૂર્વક સાધુઓ સેવે છે એમ જણાવ્યું છે. આવા અનેક પ્રતિપાદનો છે આ બધા દ્વારા સ્પષ્ટ જણાવ્યું છે કે,

"**આ દ્વાદશાંગી તથા આગમોનો અધિકાર એક માત્ર ગીતાર્થ મુનિઓનો જ છે બીજાનો નથી.**"

હા, ગીતાર્થ મુનિઓએ દ્વાદશાંગીમાંથી ગૃહસ્થોને ઉચિત પદાર્થોને સંગ્રહીને જે જે ગ્રંથોની રચના કરી હોય તેનું ગૃહસ્થો પણ અધ્યયન કરી શકે છે. વળી ગુરુગમથી દ્વાદશાંગીના ઉચિત પદાર્થોનું જ્ઞાન ગૃહસ્થો પણ મેળવી જીવનને સફળ કરી શકે છે.

આપણે સૌ પ્રભુના પ્રવચનની સુંદર સાધના કરી, પ્રવચનનો પ્રકાશ પામી સ્વ પર ના અજ્ઞાનને દૂર કરવા પ્રયત્ન કરીએ... આત્મ કલ્યાણ સાધી કર્મબંધને અટકાવી સંવર-નિર્જરાની સાધના કરી શીઘ્ર સર્વદુઃખોથી મુક્ત થઈ અનંત સુખના શાશ્વતકાળ માટે ભોક્તા બનીએ.



## (૯)

ઉપયોગ એ આત્માનું લક્ષણ છે. આત્મા સતત મન દ્વારા ઉપયોગમાં જ રહે છે. મનમાં ઉઠતા તરંગો વિચારો એ જ આત્માનો ઉપયોગ છે. જુદા-જુદા સંયોગો પરિસ્થિતિ વગેરેમાં તથા જુદા જુદા નિમિત્તો મળે અને મનમાં જુદા-જુદા પ્રકારના વિચારો અનુભવાય છે.

કોઈ પણ સંયોગોમાં જિનવચનાનુસારી ભાવો રહેવા જોઈએ.

ભાવો તો અસંખ્ય છે.

કોઈ પણ સંયોગોમાં અસંખ્યમાંથી કોઈપણ ભાવ ઉત્પન્ન થઈ શકે છે, પણ આમાં પ્રભુવચનાનુસારિ ભાવ જ જાગે બીજા ન જાગે એ શી રીતે શક્ય બને ?

દા.ત. શરીરમાં રોગો ઉત્પન્ન થયા તે વખતે

૧. અરે રે ! આ રોગો ક્યાંથી આવ્યા ?

અરે રે ! આ રોગો ક્યારે મટશે ?

અરે રે ! મારું શું થશે ?

અરે રે ! મારું રોગોથી મૃત્યુ નહીં થઈ જાય ને ?

અરે રે ! રોગો સહન થતા નથી

અરે રે ! ઓ બાપ રે મરી ગયો !

ભગવાન પણ કેવો નિર્દય છે આવા રોગો અમને મોકલે છે. આવા અસંખ્યાત પ્રકારના આર્તધ્યાન થઈ શકે છે. ક્યારેક રોગો વખતે રૌદ્રધ્યાન પણ થઈ શકે છે જેમકે,

૧. ડૉક્ટર શું સમજે છે? મને વિપરીત દવા આપી, તેથી રીયેક્શન આવ્યા અને રોગ વધ્યા આવા ડોક્ટરોને તો મારી જ નાંખવા જોઈએ.

૨. ઘરનાઓ કાળજી નથી કરતા તેથી મારો રોગ વધી ગયો. આ બધાને પતાવી દેવા સારા

૩. આવી રોગાવસ્થામાં પણ મારો પુત્ર મારી સામે જોતો નથી. તેને મેં જન્મ પહેલા પતાવી દીધો હોત તો સારું થાત.

ધર્મધ્યાન થઈ શકે છે જેમકે

૧. મારા કર્મના ઉદયથી આ રોગ આવ્યાછે મારે આવા વખતે સમતાપણે સહન કરવા જોઈએ.

૨. મેં પૂર્વે ઘોર પાપો કર્યા છે તેથી મારે આ સહન કરવું પડયું હવે મારે પાપો નથી કરવા.

૩. મેં હિંસા કરી બીજાને દુઃખ આપ્યું છે તથી આ રોગો આવ્યા છે.

૪. આ શરીર મારું નથી, શરીર મારા આત્માથી ભિન્ન છે, એમાં રોગ ઉત્પન્ન થાય તેમાં મારે શું?

૫. કર્મ નિર્જરાનો સુંદર અવસર મળ્યો છે સમતા ભાવે સહીને હું ખૂબ કર્મ નિર્જરા કરું.

૬. સનત્કુમાર ચક્રવર્તિએ ૭૦૦ વર્ષ ઘોર રોગ સહન કર્યા બીજા પણ મેતારજમુનિ, ખંધકમુનિ, ખંધકસૂરિના ૫૦૦ શિષ્યો, ગજસુકુમાલમુનિ, સુકોશલમુનિ વગેરેને અરે! ખુદ પ્રભુ મહાવીરે ઉપસર્ગોની કેવી ઘોર પીડા સહી! તેના હિસાબે મારી પીડા કોઈ ગણત્રીમાં નથી, સમતાભાવે આને સહન કરું.



૭. જગતમાં નિગોદમાં-નરકમાં, પૃથ્વીકાયાદિમાં વિકલેન્દ્રિયમાં, પંચે.તિર્યંચમાં, મનુષ્યમાં જીવો કેટલી બધી ઘોર પીડાઓ સહે છે. એની અપેક્ષાએ મારી પીડા કઈ વિસાતમાં છે? કંઈ જ નથી. અર્થાત.. આંશિક પણ નથી.

૮. મારા જીવે પણ સંસારમાં રખડતા નરક, નિગોદ, પશુ આદિના ભવોમાં પારાવાર પીડાઓ સહન કરી છે, પણ તે વખતે સમતાભાવ રાખ્યો નથી તેથી પીડાઓનો અંત આવ્યો નથી, બદલે અસમતાથી નવા કર્મો બાંધી પીડાઓ વધારી છે. હવે તો ખૂબ સમતાપૂર્વક પીડા સહન કરી સુંદર કર્મ નિર્જરા સાધી લઉં

૯. મારું આત્મસ્વરૂપ તો અનંત સુખમય છે. અનંતજ્ઞાનમય છે. રોગ તો શરીરને લાગેલા છે તેનાથી હું ભિન્ન છું.

**દેહ મન વચન પુદ્ગલ થકી,**
**કર્મથી ભિન્ન તુજ રૂપ રે,**
**અક્ષય અકલંક છે જીવનું**
**જ્ઞાન આનંદ સ્વરૂપ રે**

ઉપા. યશોવિજયજી મ.સા.

દેહ-મન-વચન-પુદ્ગલથી તારું સ્વરૂપ જુદુ છે તું અક્ષય છે, અકલંક છે અને જ્ઞાનાનંદ સ્વરૂપ છે.

મારે સદાય મારા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપમાં મ્હાલવું છે.

રોગો વખતે આવા વિચારો એ ધર્મધ્યાન છે વળી દેહ-આત્માની ઉત્કૃષ્ટ ભેદ પરિણતિરૂપ શુક્લધ્યાન પણ હોઈ શકે છે.

આ તો માત્ર થોડું જ દિગ્દર્શન કરાવ્યું છે પણ રોગોની પીડા વખતે અસંખ્ય પ્રકારના આર્તધ્યાન, અસંખ્ય પ્રકારના રૌદ્રધ્યાન, અસંખ્ય પ્રકારના ધર્મધ્યાન, અસંખ્ય પ્રકારના શુક્લધ્યાન હોઈ શકે છે.

અશુભભાવો ખૂબ દુર્ગતિમાં રખડાવનાર છે. ભયંકર અશુભ કર્મોનો બંધ કરાવી ઘોર દુઃખના ખાડામાં નાંખે છે. શુભધ્યાનના પરિણામો કર્મ નિર્જરા કરાવે છે. દુઃખોમાંથી છોડાવે છે. સુખના વિશાળ સમુદાયને આકર્ષે છે પણ આપણને શુભ ધ્યાનના પરિણામ આવે તેનું નિયામક કોણ ?

આનું નિયામક દેવ-ગુરુની કૃપા માત્ર જ છે. માટે ખૂબ ઉલ્લાસપૂર્વક દેવ-ગુરુની ભક્તિ-વૈયાવચ્ચ કરીએ તેમના આદેશોનું પાલન કરીએ અને તેમની કૃપા પ્રાપ્ત કરીએ.

આ તો એક માત્ર રોગના નિમિત્ત કે સંયોગોની વાત કરી, પણ આવા દાનપ્રાપ્તિ, યશપ્રાપ્તિ, ઈષ્ટસંયોગ, અનિષ્ટવિયોગ વગેરે ધનહાનિ, માનહાનિ, ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ વગેરે સેંકડો હજારો, નિમિત્તો કે સંયોગો વખતે અસંખ્ય પ્રકારના ભાવો આવી શકે છે. તેમાંથી તે વખતે આપણે શુભ ભાવોમાં જ રમવું જોઈએ. પણ! અશુભ ભાવોને અટકાવી શુભભાવમાં રમવું અર્થાત્ જે સમયે જે ભાવ હોવા જોઈએ તેવા ભાવ પ્રાપ્ત થાય એ કાર્ય સહેલું નથી તે માટે ગુરુની અનહદ કૃપા પ્રાપ્ત થઈ હોય તો જ સફળતા મળે છે. અન્યથા અસમાધિમાં ઘોર કર્મના બંધ થાય છે. ભવાંતરમાં દુર્ગતિમાં રખડપટ્ટી કરવી પડે છે.

માટે ખૂબજ ઉલ્લાસપૂર્વક પ્રભુની અને ગુરુદેવોની ભક્તિ



કરી તેમની કૃપા પ્રાપ્ત કરીએ. જેથી દરેક પરિસ્થિતિ, સંયોગમાં શુભ ભાવોમાં મન રમતું રહે. આ જ જીવનની સફળતા છે.

## (૧૦)
## પ્રભુ સાથે પ્રીત

જગતમાં સર્વ શક્તિમાન પરમાત્મા છે કોઈ પણ પ્રતિકાર ન કરી શકે તેવી સર્વ વિષયોની શક્તિ પરમાત્મામાં છે.

એક વાર પ્રભુ મનમાં વસી જાય તો કોઈ પણ કાર્ય અશક્ય રહેતું નથી. પ્રભુ સાથે પ્રીત થઈ જાય તો સુખનો સમુદ્ર આત્મામાં ઉછળે તેમ છે.

પ્રભુ સાથે પ્રીત થઈ ગયા પછી કંઈ પણ કરવાનું બાકી રહેતું નથી.

એક માત્ર પ્રભુ સાથે પ્રીત કરવાથી બધુ જ સધાઈ જાય છે. શ્રેણિક મહારાજાએ વીરપ્રભુ સાથે પ્રીત કરી સ્વંય વીર બની ગયા .(આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર વીર પ્રભુ જેવું જ શરીર-આયુષ્ય-ચારિત્ર વગેરે બધું જ)

મને પણ પરમાત્મા સાથે ઉત્કૃષ્ટ પ્રીત કરવાનો તલસાટ જાગ્યો છે. ઉત્સાહ વધ્યો છે.

પરમાત્મા સાથેની પ્રીત નિરુપાધિક, નિઃસ્વાર્થ હોય છે. દુનિયાના બધા જોડેના પ્રીતીસંબધો સ્વાર્થથી ભરેલા છે.

સ્વાર્થથી ભરેલા પ્રીતી સંબધોમાં તો નુકશાન હોય છે. સ્વાર્થથી “સોપાધિક ધન ખોય” સ્વાર્થસંબંધમાં તો આત્મધન ખોવાનું છે મારો નિશ્ચય થઈ ગયો મારે હવે પ્રભુ સાથે જ પ્રીત

કરવી છે. મેં પરમાત્માને જ સંપર્ક કર્યો, પ્રભુ મારે તમારી સાથે પ્રીત સંબંધ કરવો છે, શું કરૂ ?

પણ પ્રભુએ પ્રીતિસંબધ બાંધવા માટે આકરી શરતો મૂકી.

પ્રભુ :મારી સાથે તારે પ્રીતસંબંધ કરવો હોય તો

પુદ્ગલના મધુર શબ્દ પ્રત્યેની પ્રીતિ દૂર કરવી પડશે.

પુદ્ગલના સુંદર રૂપ પ્રત્યેની પ્રીતિ દૂર કરવી પડશે.

પુદ્ગલના સારા રસો પ્રત્યેની પ્રીતિ દૂર કરવી પડશે.

પુદગલના શ્રેષ્ઠ ગંધ પ્રત્યેની પ્રીતિ દૂર કરવી પડશે.

પુદ્ગલના કોમળ સ્પર્શ પ્રત્યેની પ્રીતિ દૂર કરવી પડશે.

પુદ્ગલના શુભ શબ્દાદિ પ્રત્યેના રાગને કાઢવો પડશે.

પુદ્ગલના અશુભ શબ્દાદિ પ્રત્યેના દ્વેષ ને પણ કાઢવો પડશે.

આ સાથે જગતના સર્વ જીવો પ્રત્યે પણ તારે નિઃસ્વાર્થ મૈત્રી ભાવને કરવો પડશે અને જીવો સાથે નિઃસ્વાર્થ મૈત્રીભાવ થતાંની સાથે જ દુઃખી અને અવિવેકી જીવો પ્રત્યે સ્વાભાવિક જ કરૂણાનો ભાવ ઉભો થઈ જ જાય. આવો ભાવ તારામાં થવો જોઈશે. અરે! અત્યંત અસાધ્ય પાપી જીવો પ્રત્યે પણ સ્વાભાવિક તિરસ્કાર જ નહીં થાય.

જીવો પ્રત્યે સ્વાર્થજનિક મૈત્રીભાવ પણ નકામો છે. વ્યવહાર માં જોતા પણ જણાય છે એક પિતા કે માતાને પોતાના પુત્રને રોગાદિ દુઃખમાં કણસતો જોઈ કેટલી બધી કરૂણા ભાવના જાગે છે. તે દૂર કરવા પોતાના ધન વગેરેના વ્યયપૂર્વક પણ કેવો પ્રયત્ન કરે છે. અરે ! કોઈ ખરાબ સોબતે ખોટા કાર્યોમાં પ્રવૃત્ત દિકરાને પણ મા-બાપ તિરસ્કૃત કરતાં



નથી. સામાન્ય સંયોગોમાં પણ માતા-પિતા ને પુત્ર પ્રત્યે પ્રીતિ ભાવ રહે છે. બસ, આવો પ્રીતિ-મૈત્રીભાવ જગતના એકેન્દ્રિયાદિ સર્વ જીવો પ્રત્યે રાખવાનો છે. સાથે દુઃખી જીવો પ્રત્યે કરૂણાભાવ અને પાપી જીવો પ્રત્યે માધ્યસ્થભાવ રાખવાનો છે. કોઈ પણ જીવ જોડે શત્રુભાવ, વૈરભાવ, અસદ્ભાવ, અરૂચિભાવ રાખવાનો નથી. જગતમાં કોઈ આપણો શત્રુ છે જ નહીં આપણા પ્રત્યે નિશ્ચયથી કોઈનો પણ વ્યવહાર પ્રતિકૂળ નથી પણ વ્યવહારથી પણ જે કોઈના પ્રતિકૂળ વ્યવહાર જણાય છે તે આપણા અશુભ કર્મના ઉદયના કારણે જ છે. વ્યક્તિઓ તો માત્ર નિમિત્ત કારણ જ બને છે માટે

**સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવ, દુઃખી જીવો પ્રત્યે કરૂણાનો ભાવ,**
**પાપી જીવો પ્રત્યે મધ્યસ્થ ભાવ,** આને તું કેળવ

વળી સાથે જે ઉત્તમ જીવો છે, ધર્મી જીવો છે કે સંસારમાં સુખી જીવો છે તેના પ્રત્યે સહેજ પણ મત્સરભાવ રાખવાનો નથી. ઉલટુ અન્ય જીવોના સુખને, સાધનાને, ધર્મને જોઈને પ્રમોદભાવ રાખવાનો છે. આનંદ ઊભો કરવાનો છે.

આ રીતે થશે તો તારો અને મારો નિઃસ્વાર્થ પ્રીતિભાવ ખૂબ મજબૂત થશે.

જેમ જેમ તારી પુદ્ગલો પ્રત્યેની પ્રીતિ તૂટશે, જીવો પ્રત્યે નિઃસ્વાર્થ પ્રીતિભાવ પ્રગટ થશે, તેમ-તેમ તારો મારી સાથેનો સંબંધ મજબૂત થશે.

આ ભાવ સિવાય કરોડો દ્રવ્યોના ખર્ચે તું ઉત્તમ ચૈત્ય વગેરેના નિર્માણ કરાવીશ કે મારી ભક્તિ પણ કરીશ તેનું

જોઈએ એવું ફળ પ્રાપ્ત નહીં થાય. કદાચ કોઈ મોટું પુણ્ય બંધાશે, સ્વર્ગના સુખો પણ મળશે પણ કોઈ અનુબંધવાળા પુણ્ય નહીં બંધાય તેથી મોક્ષની નિકટતા નહીં થાય. મુક્તિની નિકટતા તો ઉપરના ભાવોથી જ થશે.

હા, કદાચ ઉત્તમ ચૈત્યાદિના કાર્યો કરતા કે ગુરુ-વૈયાવચ્ચ કરતાં કરતાં ક્યારેક તારા વર્તમાન પુદ્ગલાસક્તિ અને જીવો પ્રત્યે સ્વાર્થમય પ્રીતિ, પ્રતિકૂળ જીવો પ્રત્યે વૈરભાવ, અસદ્ભાવ વગેરે ભાવો દૂર થતાં જાય પોતાનું અને સંસારના સ્વરૂપનું ચિંતન વગેરે થતું જાય અને તારા ભાવો નિર્મળ થતા જાય એ શક્ય છે માટે હે ભવ્યાત્મા ! તું

૧. ઉત્કૃષ્ટ ભાવોથી પ્રભુ ભક્તિ કરતો રહે.
૨. જિનપ્રતિમા-જિનચૈત્ય-સમ્યગ્જ્ઞાન-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા મારા પરિવાર સ્વરૂપ છે તેની પણ સુંદર ભક્તિ કરતો રહે.
૩. જગતના અન્ય દુઃખી મનુષ્યો પ્રત્યે અનુકંપા કરતો રહે.
૪. અન્ય જીવો, પશુઓ-પંખીઓ પ્રત્યે પણ જીવદયાના કાર્યો કરતો રહે.
૫. આ બધું જ કોઈ પણ પ્રકારની સંસારની આશંસા વિના જ કરજે. બદલાની કોઈ ઈચ્છા કરીશ નહીં. નામનાની પણ ઈચ્છા રાખીશ નહીં
   નામનાની ઈચ્છાથી પણ સુકૃતના-પુણ્યના ભાગાકાર થઈ જાય છે.
૬. વળી આવા ઉત્તમ કાર્યો કરતાં જગતના કોઈ પણ જીવો પ્રત્યે દ્વેષના અરૂચિભાવ શલ્યને હૈયામાં રાખીશ નહીં.



બીજાના પરાભવનો લેશ પણ ભાવ તારા ઉત્કૃષ્ટ સુકૃતને ખતમ કરી નાંખશે.

બીજાના સુકૃત કરતા વધારે મોટું સુકૃત કરી એના સુકૃતને હું દબાવી દઉં, એનો હું પરાભવ કરું આવી અશુભ લેશ્યાને મનમાં સહેજ પણ પેસવા દઈશ નહીં.

<u>સ્વ ઉત્કર્ષ અને પર અપકર્ષ એ મોટામાં મોટો અહંભાવ છે.</u> અહંભાવનું વિસર્જન જ પરમાત્મા સાથે પ્રીતિ કરવાનું શ્રેષ્ઠ સાધન છે. માટે આ રીતે જીવનમાં આચરણા કરી, શુભ ભાવોને ઉત્પન્ન કરી, અશુભભાવોને ખતમ કરતો જા. આવા પ્રયત્નથી તારું કલ્યાણ સુંદરશીઘ્ર થશે. આપણી પ્રીતિ અખંડ થશે. અનંત થશે....કદીપણ તૂટશે નહીં

પ્રભુના આ ઉપદેશને મેં હૃદયમાં ધારણ કર્યો અને તેને અનુસરવાનો દ્રઢ સંકલ્પ કરી હું હવે જીવનમાં આગળ વધી રહ્યો છું.

મને સંપૂર્ણ શ્રધ્ધા છે કે એક દિવસ પ્રભુ સાથેની અખંડ પ્રીતિ અનંતકાળ માટેની ચોક્કસ થઈ જશે.

## (૧૧)

## અસંખ્ય ચૈત્યોના વંદન-પૂજા-આંગી-સન્માનનો લાભ

વિશ્વમાં તિર્છાલોકમાં રહેલ વ્યંતર જ્યોતિષમાં અસંખ્ય શાશ્વતા ચૈત્યો તથા અસંખ્ય પ્રતિમાજી રહેલ છે. ભવનપતિના ભવનોમાં ૭ક્રોડ ૭૨ લાખ ચૈત્યો અને ૧૩,૮૯,૬૦ લાખ પ્રતિમાજી છે. ઊર્ધ્વલોકમાં વૈમાનિક દેવલોકમાં ૮૪ લાખ ૯૭ હજાર ૨૩ ચૈત્યો અને ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ પ્રતિમાજી છે. વળી

વ્યંતર જ્યોતિષ સિવાય તિર્ચ્છાલોકમાં નંદીશ્વરદ્વીપ, મેરુપર્વત, સરોવરો, કુટો, નદીના કુંડો, વૈતાઢયપર્વતો વગેરે પર કુલ ૩૨૫૯ ચૈત્યો અને ૩,૯૧,૩૨૦ પ્રતિમાજી છે. આમ કુલ વ્યંતર જ્યોતિષના અસંખ્ય અને તે સિવાય ૮,૫૭,૦૦,૨૮૨ ચૈત્યો અને ૧૫,૪૨,૫૮,૩૬૦,૮૦ પ્રતિમાજી છે. આ બધા શાશ્વત પ્રતિમાજી છે. રત્નોના છે. અને ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન જિનના પ્રતિમાજી સર્વત્ર છે.

આ સિવાય પણ પાંચ મહાવિદેહક્ષેત્ર, પાંચ ભરતક્ષેત્ર, પાંચ ઐરવતક્ષેત્ર એમ કુલ ૧૫ ક્ષેત્રોમાં રત્ન, સુવર્ણ, રજત, આરસ, પંચધાતુ વગેરેના લાખો, કરોડો, અબજો પ્રતિમાજી છે. આ બધાના વંદન, પૂજન, અંગરચના સન્માન (બહુમાન)નો લાભ લઈ શકાય તેવો ઉપાય શાસ્ત્રકાર ભગવંતોએ બતાવેલ છે.

દેવવંદનમાં પ્રથમ થોય પછી લોગસ્સ પછી સવ્વલોએ અરિહંત ચેઈઆણં સૂત્ર બોલી અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કહી ઉપર બોલાતી સ્તુતિ દ્વારા આટલો મોટો લાભ આપણને મળે છે, આ કાઉસ્સગ્ગ આ લાભ લેવા માટે જ કરાય છે.

આજે પણ ગમે તે ચૈત્યોમાં કે શત્રુંજ્યાદિ તીર્થમાં પ્રભુને મુગટ ચઢાવતા, આંગી કરતા, આંગીના દર્શન કરતા, આંગીના દર્શનથી, આભૂષણો ચઢાવતા આપણે કેટલો બધો આનંદ અનુભવીએ છીએ ? ઉપરોક્ત કાઉસગ્ગ દ્વારા ઉપર જણાવેલ અસંખ્ય ચૈત્યો, પ્રતિમાજી પર મુગટ, આંગી, આભૂષણો ચઢાવવાનો, પૂજા કરવાનો, વંદન કરવાનો,



ચૈત્યવંદન કરવા વગેરે ભાવથી કરવાનો લાભ મળે છે. આવો લાભ માત્ર સવ્વલોએ અરિહંત ચેઈઆણં સૂત્રના પાઠપૂર્વક અન્નત્થ કહી નવકારનો કાઉસગ્ગ કરી થોય બોલવા માત્રથી મળે છે. થોડા જ પ્રયત્નથી મળતાં આ મહાન લાભથી કયો જીવ વંછિત રહે ?

## (૧૨)

જૈન શાસનમાં બુદ્ધિ કરતા વિશેષ મહત્વ શ્રદ્ધાનું છે. અત્યંત બુદ્ધિનિધાન ચૌદપૂર્વધરો પણ ગુરુ પ્રત્યેની શ્રધ્ધા ગુમાવીને નિગોદ સુધી પહોંચી જાય છે. કદાચ ગુરુ આશાતનાદિનો તીવ્ર અનુબંધ પડી જાય તો અનન્તકાળ સુધી ત્યાં જન્મમરણ કરે છે. જ્યારે તીવ્ર શ્રદ્ધાવાન (દેવ-ગુરુ પ્રત્યે)માસતુસમુનિ જેવાઓ જ્ઞાન અને બુદ્ધિનો અભાવ હોવા છતા તે જ ભવમાં કેવળજ્ઞાન પામ્યા છે.

શ્રદ્ધા વગરની બુદ્ધિ અજ્ઞાનમાં ખપે છે. શ્રદ્ધાપૂર્વકની બુદ્ધિ સમ્યગ્જ્ઞાન બને છે. કુમારપાળ મહારાજા પણ પ્રભુ પાસે પ્રાર્થનામાં, "શ્રદ્ધા જળે શુદ્ધિ કરેલ વિવેકને ચિત્તે સજી"

કહેવા દ્વારા વિવેક એટલે જ્ઞાનને શ્રદ્ધારુપી જળથી શુદ્ધ કરવા અભિલાષા વ્યક્ત કરે છે.

આપણે પણ દેવ-ગુરુ પ્રત્યેની શ્રદ્ધાને વધુને વધુ મજબૂત કરતાં જઈએ તે દ્વારા જ્ઞાન નિર્મળ થશે. ચારિત્ર (આચાર)શુદ્ધ થશે અને મુક્તિ નિકટ બનશે.

## (૧૩)

## દીઠો નેમિનાથ સમાધિ રસે ભર્યો રે

**ભાસ્યુ આત્મ સ્વરૂપ અનાદિનો વિસર્યો હો લાલ.....**

સમાધિ રસથી ભરપૂર એવા નેમિનાથ પ્રભુના દર્શન કર્યા. પ્રભુ તો શુદ્ધ આત્મસ્વરૂપમાં રમણ કરી રહ્યા છે. પ્રભુને જોતાં જ આપણું શુદ્ધ આત્મસ્વરૂપ યાદ આવ્યું.

શુદ્ધસ્વરૂપ એટલું બધું સુંદર છે, સુખમય છે, આનંદમય છે કે તેમાં લીન થતાંની સાથે જ આખા જગતને ભૂલી જવાય છે એટલે જ શુદ્ધ સ્વરૂપમાં લીન જીવોને સંસારના અત્યંત અનુકૂલ ઈન્દ્રાદિના દિવ્ય સુખો તરફ પણ નજર જતી નથી, દુઃખો પણ નજરમાં આવતાં નથી, ભયંકર પ્રાણાન્ત ઊપસર્ગોનો પણ ખ્યાલ આવતો નથી અને તેથી આત્મસ્વરૂપમાં અત્યંત લીન એવા મહાપુરૂષો આવા પ્રસંગે ક્ષપકશ્રેણિ પર આરોહણ કરી કેવલજ્ઞાન પામી શીઘ્ર મુક્તિને પામે છે. આપણે પણ પરમાત્માના અચિંત્ય પ્રભાવથી આપણા આત્મસ્વરૂપમાં વિશેષ લીન બનતા રહીએ તો આપણને પણ આ દિવસો દૂર નથી.



## (૧૪)

## પ્રાર્થના

પ્રભુ ! એવી અવધિજ્ઞાનની લબ્ધિ આપો જેથી ભૂતકાળ માં થયેલ સમવસરણ સ્થિત અસંખ્ય તીર્થંકર પ્રભુઓના દર્શન કરી શકું.

(નમુત્થુણંની છેલ્લી ગાથા વખતે ભાવના)

વળી ભાવિમાં થનારા સમવસરણસ્થિત અસંખ્ય તીર્થંકર પ્રભુઓના દર્શન કરું.

વળી, કાનથી પ્રભુની દેશનાનું શ્રવણ કરું

**"દર્શન અમૃત પીધું નયન કટોરા ભરી ભરીને ,**

**વાણી અમૃત પાન કરાવો શ્રવણ કટોરા ભરી ભરીને."**

પ્રભુ ! મનઃ પર્યવજ્ઞાન, કેવલજ્ઞાનનો પાંચમા આરામાં વિચ્છેદ થયો છે પણ અવધિજ્ઞાનનો વિચ્છેદ સાંભળ્યો નથી તો અસંખ્યકાળનું સંપૂર્ણ અવધિજ્ઞાન નહીં પણ અસંખ્યકાળમાં થયેલ તથા થનારા અસંખ્ય તીર્થંકરો દેશના આપતા હોય તેમના દર્શન કરુ, દેશના શ્રવણ કરું એટલો માત્ર અવધિજ્ઞાનનો ટુકડો આપો તો પણ ઘણું છે.

## (૧૫)

## અરિહંત ચેઈઆણં વખતે પ્રણિધાન

પ્રભુજી! આપના ઉત્કૃષ્ટ ભાવવંદન,
આપના ઉત્કૃષ્ટ પૂજન,
આપના ઉત્કૃષ્ટ સત્કાર(આંગી, આભૂષણાદિ),
આપના ઉત્કૃષ્ટ સન્માન (સ્તુતિઓ દ્વારા)થતાં શુભ
સુકૃતનો એક નવકારના કાઉસગ્ગથી મને લાભ મળો.

**સવ્વલોએ અરિહંત ચેઈઆણં વખતે પ્રભુને પ્રાર્થના**

એવી રૂપવિકુર્વાની લબ્ધિ આપો જેથી અસંખ્ય રૂપ વિકુર્વી ત્રણે લોકના શાશ્વત-અશાશ્વત અસંખ્ય ચૈત્યોમાં પહોંચી જઉં. દરેક ચૈત્યમાં હું લબ્ધિથી વિકુર્વીત રૂપથી હાજર થઈ બધા જ પ્રભુને વંદન-પૂજન કરું. સત્કાર(ઉત્કૃષ્ટ રત્નો વગેરેથી આંગી)કરું, મુગટાદિ આભૂષણો ચઢાવું અને ઉત્કૃષ્ટ ભાવોથી સ્તુતિ-સ્તવના કરું. ચૈત્યવંદન કરું

આ બધું પણ કોઈ સંસારના ભૌતિક સુખોના હેતુથી નહીં, પણ એક માત્ર **બોધિ એટલે કે** સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે અને નિર્વાણ એટલે મોક્ષની પ્રાપ્તિ માટે. આપ કૃપા કરી મને આવી લબ્ધિ આપો.



## (૧૬)

પરાઘાત નામકર્મ એક પુણ્ય પ્રકૃતિ છે. આ પ્રકૃતિને ધારણ કરનારનો પ્રભાવ ખૂબ પડે છે. સામે રહેલા બધા જ લગભગ તેમના પ્રભાવમાં ખેંચાય છે. કોઈ સહેજ પણ વિરોધ વગેરે કરી શકતા નથી. આ પુણ્યપ્રકૃતિનો સદુપયોગ ખૂબ લાભદાયી થઈ શકે છે પણ કયારેક આ પ્રકૃતિવાળાનો પ્રભાવ એટલો બધો પડે છે કે તેમના હિતચિંતકો પણ તેમની આગળ કંઈ કહી-બોલી શકતા નથી. તેથી તેમના હિતને નુકશાન થાય છે. કયારેક એવું પણ થાય છે કે ગુરુ કરતાં શિષ્યનું પરાઘાત નામકર્મ બળવાન હોય છે. આવા સમયે હિતેચ્છુ એવા શિષ્યોએ પોતાના પુણ્યને ગૌણ કરી ગુરુ વગેરેના ચરણકમલમાં બેસી સામેથી હિતશિક્ષાની યાચના કરવી જોઈએ. પોતાના તર્કોને આગળ કરવાના બદલે ગુરુના અંતઃકરણની ઈચ્છા જાણી તે મુજબ પ્રયત્ન કરવો જોઈએ.

## (૧૭)

ભારે ટ્રાફિકવાળી સડક ઉપર મા નાના બાળકની આંગળી પકડીને ચાલી રહી છે. બાળક તોફાની છે. ઘણીય વાર આંગળી છોડીને આજુ-બાજુ દોડી જાય છે. પણ મા પાછળ પડીને પાછો પકડી લાવે છે. રસ્તામાં ચાલતા ભયંકર સ્પીડવાળા મોટા વાહનોથી બાળકની રક્ષા કરતી સાથે લઈ જાય છે.

અમારી સ્થિતિ આ બાળક જેવી છે. ગુરુભગવંતો માતાના સ્થાને છે. અમારી આંગળી પકડી સંસારથી મોક્ષના માર્ગ તરફ આગળ લઈ જાય છે. ટ્રાફિક ભયંકર છે. અનાયતનો, પતનના નિમિત્તો ઘણા છે. વળી વર્તમાન કાળે તો અનાયતનોએ માઝા મૂકી છે. અમે તોફાની બાળક છીએ માની આંગળીએ ચાલતા પણ આજુબાજુ કંઈ જોવાનું મળતા એટલે કે ઇન્દ્રિયોના અનુકૂળ વિષયો કે પ્રમાદના નિમિત્તો મળતા અમે આંગળી છોડી આજુ-બાજુ ભાગીએ છીએ અમને અત્યંત ઝડપથી ધસમસતા સામે આવતાં વાહનોનું (પ્રમાદના નિમિત્તોનું) ભાન નથી હોતું, પણ ગુરુદેવ અમને આવા વિષય-કષાયના પ્રમાદોથી બચાવી લે છે. અમને પાછા ખેંચી લે છે. અમારી રક્ષા કરે છે પણ ક્યારેક જો અમારું તોફાન વધી જશે તો ગુરુદેવ પણ શું કરી શકશે ?

શું અમે તોફાનો કે ભાગવાનું છોડીને ગુરુમાતાની આંગળી પકડી બરાબર વ્યવસ્થિત ન ચાલી શકીએ ? જો વ્યવસ્થિત ચાલીએ તો ગુરુમાતાને તકલીફ પણ ઓછી થાય. વળી અકસ્માતના પતનના ભયથી પણ અમારી રક્ષા થાય અને અમે શીઘ્ર મુક્તિના દ્વારે પહોંચી જઈએ.



## (૧૮)

### ऊप्पन्नेइ वा
### विगमेइ वा
### धुवेइ वा

સમસ્ત દ્વાદશાંગીનું જે ત્રણ પદોમાંથી સર્જન થયું, પ્રભુના મુખથી જે ત્રણ પદોના શ્રવણમાત્રથી વિશિષ્ટ કોટીનો ક્ષયોપક્ષમ પ્રગટ થતાં અંતમુહૂર્તમાં આચારાંગથી દ્રષ્ટિવાદ સુધીના બાર વિશાળ અંગસૂત્રોની ગણધર ભગવંતોએ રચના કરી,

તેવા આ ત્રણ પદોનું વારંવાર ધ્યાન કરીએ, સ્મરણ કરીએ, તેનું પૂજન કરીએ અને આપણે પણ જ્ઞાનાવરણ કર્મના તથા મોહનીય કર્મના વિશિષ્ટ ક્ષયોપશમ પ્રાપ્ત કરી સાધના માર્ગમાં આગળ વધીએ. પુનઃ પુનઃ આ ત્રિપદીને વંદન.

## (૧૯)

### રાગદ્વેષની આકુળતા વિનાની ચિત્તની સ્વસ્થ અવસ્થા એ સમાધિ.

શરીર પર લાગેલી ધૂળ કે મેલના પડ તો સાબુ સહિત પાણીના સ્નાનથી જશે. પણ અંતરના મેલ તો પ્રભુને સ્નાન(અભિષેક)કરાવ્યા વિના નહીં જાય.

"आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु"

આરોગ્ય - રોગરહિતપણું, દ્રવ્ય આરોગ્ય-રોગરહિત કાયા, ભાવઆરોગ્ય-કર્મનો રોગરહિત આત્મા અર્થાત્ મોક્ષ આપો પ્રભુ!

પણ મોક્ષ મેળવવા બોધિ એટલે રત્નત્રય અથવા વિશુદ્ધ સમ્યક્ત્વનું પ્રભુ દાન કરો.

પરંતુ ચિત્તની રાગ-દ્વેષની વિહ્વળ અવસ્થામાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. તેથી હે પ્રભુ! રાગદ્વેષની આકુળતા વિનાની ચિત્તની અવસ્થારુપ સમાધિ અને તે પણ સર્વશ્રેષ્ઠ સમાધિનું દાન કરો.

ટૂંકમાં મોક્ષ માટે સમ્યકત્વ અને

સમ્યક્ત્વ માટે સમાધિ જોઈએ છે.

## (૨૦)

આજે ભક્તિમાં આનંદ આવ્યો. પ્રભુ જોડે વાતચીત કરતા અક્ષય સંબંધ બાંધવાનું જાહેર કર્યું.

"પ્રભુ તમારી જોડે આજથી મારો શાશ્વત સંબંધ જાહેર કરું છું. હવે સંબંધ ક્યારેય તુટશે નહીં , એટલું જ નહીં પણ આ સંબંધમાં પ્રગતિ કરતા એક દિવસ આપણી સંપૂર્ણ એકતા થઈ જશે. તું અને હું એવો ભેદ નીકળી જશે."

વળી આજે જ પ્રભુ સાથે શાશ્વત સંબંધ બંધાતા મારા અશુભ અનુબંધો ઘણા તુટી ગયા અને શુભ અનુબંધો ઘણાં પુષ્ટ થયા એવો ભાવ જાગ્યો.



## (૨૧)

મુક્તિમાં ગયા પછી સ્થાપના નિક્ષેપે કે નામ નિક્ષેપે આ જગતમાં રહીને પણ પ્રભુ! તમે અસંખ્ય જીવોના હિત કર્યા. તમારો મહિમા કેટલો ગાઈએ ?

આ જગતમાં અસંખ્ય સમ્યગ્દષ્ટિ દેવો, સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય મત્સ્ય વગેરે તિર્યંચો, અસંખ્ય નારકો, કરોડો અબજો, મનુષ્યો તમને યાદ કરીને તમને ભક્તિપૂર્વક નમસ્કાર વંદન કરીને તમારી પૂજા કરીને કેવા સમ્યગ્દર્શનને નિર્મળ કરે છે. કર્મની નિર્જરા કરે છે. અર્થથી તમારા પ્રરૂપેલા શાસ્ત્રોના પઠન-પાઠન ચિંતનથી કેટકેટલા જીવો સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ કરે છે વળી તમારા બતાવેલા સર્વ સંયમના કે દેશસંયમના અનુષ્ઠાનોથી, પ્રવચનમાતાના પાલનથી કેટકેટલા જીવો સમ્યગ્ચારિત્રની વિશુદ્ધિ કરી રહ્યા છે.

અરે! કેટલાય જીવો તમારું દર્શન-ધ્યાન કરતાં તીર્થંકર નામકર્મ નિકાચિત કરવા સુધીનું શ્રેષ્ઠ કાર્ય કરે છે. આ બધામાં પ્રભુ ! તમે જ નિમિત્ત છો, જગતના જીવોના આ રીતે તમે કર્મને નિર્જરીત કરી દુઃખોનો નિકાલ કરી આપો છો. માટે તો પરમાર્હત્ કુમારપાળ મહારાજાએ આપની સ્તુતિ કરતાં કહ્યું,

विध्वस्त विश्वव्यसनप्रबंध!

त्रिलोकबन्धो ! जयताज्जिनेन्द्र!

વિશ્વના સઘળા સંકટોનો નાશ કરનાર ત્રિલોકબંધુ આપ જય પામો!

ખરેખર પ્રભુ! આપના અગણિત ઉપકારોને વિશ્વ કદી ભૂલી નહીં શકે.

## (૨૨)

આજે જ પ્રભુ! વાંચવામાં આવ્યું,"ભગવાન નેમિનાથ સ્વામીના અધિષ્ઠાયિકા અંબિકા દેવી વિમલ (મંત્રી) પર પ્રસન્ન થયા. અને દેવનું દર્શન અમોઘ (કદી નિષ્ફળ ન જાય) કહી ત્રણ વરદાન વિમલને આપ્યા."

પ્રભુ ! આપ તો દેવાધિદેવ છો. અરે! આ બધા દેવો તો આપના અનંતમાં અંશે પણ નથી આવી શકતા જો પ્રભુ સમ્યગદૃષ્ટિ દેવ માત્રનું દર્શન અમોઘ હોય, કદી નિષ્ફળ ન જ જાય. તો આ સર્વ દેવોના પણ દેવ, દેવાધિદેવ એવા આપનું દર્શન શું અમોઘ ન હોય ? અમોઘ જ હોય.

પણ હા, હવે ખ્યાલ આવ્યો.....

દેવના દર્શન ભૌતિકબળ અને સામગ્રી આપીને સફળ થાય છે. આપનું દર્શન અનન્તકાળમાં જે પ્રાપ્ત થયું ન હતું તેવું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રરૂપી ભાવ રત્નોને આપનારું છે તેથી હવે મને નિશ્ચિત ખ્યાલ આવી ગયો કે તમારા દર્શન નકામા નથી ગયા મને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે. મારું સમ્યક્ત્વ નિર્મળ થયું છે. ક્ષાયિકની નિકટ થયું છે. ભયંકર કર્મો દૂર થઈ ગયા છે. કર્મોની વિપુલ નિર્જરા થઈ છે.



આમ (આધ્યાત્મિક)ભાવ રત્નોની પ્રાપ્તિ મને આપના દર્શનથી થઈ છે. તેથી આપનું દર્શન પણ અમોઘ છે.

## (૨૩)

અનાદિકાળથી જીવને ચાર સંજ્ઞા લાગુ પડી ગઈ છે. સંજ્ઞા એટલે ઈચ્છા – વાસના.

૧.આહાર ૨.ભય ૩.મૈથુન ૪.પરિગ્રહ

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય નરક-દેવલોક-મનુષ્ય-સર્વત્ર જીવો પ્રાયઃ આ સંજ્ઞાને આધીન થાય છે.

તેથી જ એકેન્દ્રિયાદિ પંચે.તિર્યંચ વગેરે જીવોને પણ

૧. પ્રબળ આહારની ઈચ્છાઓ થાય છે.

૨. સાચા કે કાલ્પનિક ભયથી જીવો વ્યાકુળ થાય છે.

૩.મૈથુનની પ્રબળ વાસનાઓ હૈયામાં રમતી હોય છે.

૪.પરિગ્રહ એકઠો કરવાની પણ તીવ્ર લગની રહે છે.

આ ચારે સંજ્ઞાઓનો દરેક ભવમાં અભ્યાસ વધતો જાય છે પરિણામે આ સંજ્ઞાઓ દૃઢ બનતી જાય છે.

આ સંજ્ઞામાં રમણ એ આત્મામાં અશુભ પરિણામ છે તેનાથી અશુભ કર્મો તીવ્ર કોટીના બંધાય છે વળી અશુભ અનુબંધો પણ નવા બંધાય છે. જુના પુષ્ટ થાય છે.

આ ચારે સંજ્ઞા તોડવા માટે, તેનું જોર ખલાસ કરવા માટે, તેના દ્વારા બંધાયેલ કર્મને, અશુભ અનુબંધો તોડવા માટે શ્રેષ્ઠ કાળ એ આ મનુષ્ય ભવનો કાળ છે.

**અહિં લક્ષ્યપૂર્વકના તપથી આહારસંજ્ઞા તૂટે છે.**

અહિં લક્ષ્યપૂર્વકના દાનથી પરિગ્રહસંજ્ઞા તૂટે છે.

અહિં લક્ષ્યપૂર્વકના શીલથી મૈથુનસંજ્ઞા તૂટે છે.

અહિં લક્ષ્યપૂર્વકના પ્રભુ પ્રત્યેના શરણભાવથી ભયસંજ્ઞા તૂટે છે.

લક્ષ્યપૂર્વક એટલે સંજ્ઞાઓ તોડવાના લક્ષ્ય સાથે.

આપણે વિચારવાનું છે કે આપણે સંજ્ઞાઓ પુષ્ટ કરવા પ્રયત્ન કરીએ છીએ કે સંજ્ઞાઓ તોડવા માટે ?

જો સંજ્ઞાઓ વધારવાનો આપણો પ્રયત્ન આ મનુષ્ય ભવમાં હશે તો આપણું મોટું દુર્ભાગ્ય હશે. આપણું ભાવિ અંધકારમય હશે.

## (૨૪)

## લોગસ્સ ઉજ્જોઅગરે

સમસ્ત લોકને ઉધોતીત કર્યો, પ્રકાશિત કર્યો, સારાય વિશ્વનું સ્વરૂપ પ્રગટ કર્યું. જીવ-અજીવાદિ સર્વ પદાર્થો કેવલજ્ઞાન દ્વારા સંપૂર્ણ પણે જાણી જગતને જણાવ્યા.

આમાં શુદ્ધસ્વરૂપી જીવોનું સંપૂર્ણ આનંદમય સ્વરૂપ સાથે સંસારી જીવોની ચારગતિની દુઃખમય અવસ્થાઓ, દુઃખના કારણ કર્મો, કર્મબંધના કારણો વગેરે પ્રકાશિત કર્યા. આ એક રીતે વિચારીએ તો પ્રભુએ સંસારી જીવના ભાવ રોગોનું નિદાન કર્યું. પરંતુ પરમાત્મા એટલેથી અટકયા નહીં પણ આ સઘળા દુઃખથી છૂટવા માટે તેઓએ ધર્મતીર્થની સ્થાપના કરી માટે જ કીધું "धम्मतित्थयरे जिणे"

ધર્મતીર્થના કરનારા, વળી ધર્મતીર્થના કરનાર રાગદ્વેષ



રહિત જ હોય માટે "जिणे" કહ્યું.

આવા પુરુષ સમસ્ત વિશ્વમાં સર્વ શ્રેષ્ઠ પૂજાને પાત્ર ગણાય અને આમની સ્તુતિ, કીર્તન કરવું એ જ આપણું મુખ્ય કર્તવ્ય ગણાય માટે જ કહ્યું, "अरिहंते कित्तइस्सं"

અરિહંત-અર્હત્-अर्ह ધાતુ યોગ્યતાના અર્થનો છે તેથી સર્વશ્રેષ્ઠ અષ્ટપ્રાતિહાર્યાદિ દેવેન્દ્રો વગેરે સર્વજનની પૂજાને યોગ્ય હોવાથી તેમનું કીર્તન કરવાની પ્રતિજ્ઞા કરી. આવા આ અવસર્પિણીમાં આપણા ક્ષેત્રમાં ચોવીશ ભગવાન થયા. આ પ્રભુ પણ સંપૂર્ણ હતાં તેથી આગળ ચોથી લાઈનમાં પ્રતિપાદન કર્યું "चउवीसं पि केवली"

વળી આ ચોવીશ સિવાયના તીર્થંકરોને પણ "अपि" શબ્દથી ગ્રહણ કર્યા.

આ એક સુંદર પ્રતિજ્ઞા લોગસ્સ સૂત્રની પ્રથમ ગાથામાં કરી છે.

## (૨૫)

## "આગોતરા મિચ્છામિ દુક્કડમ્"

હે નાથ! આપના વચનથી ક્યારેય કષાયાદિક દુર્ધ્યાન ભાવો ન કરવા એવું મને સમજાયું છે, આમ છતાં મને ભય છે કે મારા અનાદિ કુસંસ્કારોની તીવ્રતા અને સત્ત્વની ઓછાશના કારણે કયારેક ભવિષ્યમાં કોઈ તરફથી પ્રતિકૂળતા કે નુકશાન-હાનિ આદિ થાય ત્યારે તેવા પ્રસંગોમાં મારાથી કંઈ

પણ તીવ્ર કષાયો આર્ત કે રૌદ્રધ્યાન થઈ જાય તો પ્રભુ ભાવિના શક્ય દુર્ધ્યાનો કે કષાયિક વૃત્તિની પણ હું આજથી નિંદા-ગર્હા કરું છું. તેને વોસિરાવું છું.

હાલ કોર્ટોમાં જેમ આગોતરા જામીન મંગાય છે તેમ હું આગોતર "મિચ્છામિ દુક્કડમ્" આપું છું.

(૨૬)

આજની વ્યાપારી કંપનીઓ પોતાનો માલ ખપાવવા કે વ્યાપાર ચલાવવા મોટું બજાર શોધે છે. પરદેશીઓ ભારતને મોટું બજાર સમજી અહિં વ્યાપાર કરવા દોડી આવે છે. મોટા બજારમાં વધુને વધુ માલ ખપાવવા વ્યાપાર કરવા પ્રબળ પુરુષાર્થ કરે છે. એ દ્વારા મોટી કમાણી ઉભી કરે છે.

આપણને પણ ભક્તિ અને મૈત્રી માટે કેટલા મોટા ક્ષેત્રો મળી ગયા છે.

ભક્તિ માટે અરિહંતાદિ અથવા જિનચૈત્ય, જિનપ્રતિમાજી, સમ્યગ્જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ક્ષેત્ર મળી ગયા છે જ્યારે પરાર્થ કરવા માટે સમસ્ત જીવરાશિ રૂપી ક્ષેત્ર મળ્યું છે આપણી પાસે જેટલી તન-મન-ધન વગેરેની શક્તિ હોય તે બધી આપણે બે ક્ષેત્રોમાં મન મૂકીને વાપરીએ તો પુણ્યબંધ અને પાપનિર્જરાની કેટલી બધી આત્મિક કમાણી થાય. આપણે સાતે ક્ષેત્રોમાં કયાં કયાં કયો-કયો લાભ મળે છે એ શોધતા જ રહેવાનું. સમસ્ત ભારત, કયારેક અવસરે પરદેશોમાં પણ આપણે સાતક્ષેત્રની



ભક્તિના લાભ લઈ શકીએ. કેટલું વિરાટ ક્ષેત્ર આપણને ભક્તિ માટે મળ્યું છે.

હજારો ચૈત્યો, લાખો પ્રતિમાજી, લાખો શાસ્ત્રપ્રતો, હજારો સાધુ-સાધ્વીજી મહારાજો, અને લાખો શ્રાવક-શ્રાવિકાઓની નિઃસ્પૃહભાવે ઉલ્લાસપૂર્વક કયારે ભક્તિ કરીશ? એવા મનોરથો સેવવાના.

સાથે અબજો મનુષ્યો અને અબજો પશુ-પંખીઓ પર હું નિઃસ્વાર્થભાવે પરાર્થ કયારે કરીશ...આ લોકોના પર શક્ય ઉપકાર કર્યા કરું.

ખરેખર ભક્તિ અને પરાર્થની તકો શોધતા રહો તે કરતા રહી આપણે મનુષ્ય જીવનને સફળ કરીએ.

જો આપણે આ વિશાળ ક્ષેત્રમાં ઉક્ત પુરુષાર્થ નહિં કરીએ તો આપણે ઘણી-ઘણી કમાવવાની તકો ખોઈ નાંખનાર બનીશું.

ગંભીરપણે વિચારીએ.....

(૨૭)

"બીજા તરફથી કડવા વચનો કે પ્રતિકૂળતા વગેરે સહવામાં મોટા પુણ્યબંધ કે પાપક્ષયના આત્મિક મહાન લાભની પ્રાપ્તિ થાય છે."- પૂ.પ્રગુરુદેવશ્રી આ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

આયંબિલની ઓળીઓ, માસક્ષમણ, સિદ્ધિતપ વગેરે કરવામાં, વિશિષ્ટ કોટિના દાન દેવામાં, શીલ પાળવામાં,

પ્રભુભક્તિમાં, સ્વાધ્યાય, જાપ, કાઉસગ્ગ વગેરે યોગોમાં આપણે કર્મનિર્જરા-પુણ્યબંધ માની અને આપણે ખૂબ ઉલ્લાસપૂર્વક પ્રવર્તન કર્યું પણ ઉપરોક્ત અન્યના કડવા વચન કે પ્રતિકૂળતા સહન કરવાના લાભો વિચારી તે વિષયમાં આપણે કંઈ પ્રવર્તન કર્યું ખરું ?

## (૨૮)

અનંતજ્ઞાન-અનંતદર્શન-અનંતશક્તિ,વીતરાગતાયુક્ત વિહરમાન જિન ક્ષેત્રથી ખૂબ જ દૂર છે. તેમનો યોગ શી રીતે થાય? તેમની ભક્તિ શી રીતે કરવી? વળી અત્રે થયેલા ચોવીશ પ્રભુ પણ હાજર નથી. મોક્ષમાં ગયા. કાળથી દૂર થયા. ભાવિમાં થનાર તીર્થંકરો પણ કાળથી દૂર છે. આ સ્થિતિમાં પ્રભુની ભક્તિ કરવા માટે આપણે સ્થાપના નિક્ષેપાનું માધ્યમ તૈયાર કર્યું છે. સ્થાપના નિક્ષેપાની ભક્તિ દ્વારા આપણે દૂર રહેલા પ્રભુની ભક્તિ કરીએ છીએ.

આ જ રીતે પ્રભુને પ્રાપ્ત કરવા માટે ગુરુ પણ એક શ્રેષ્ઠ માધ્યમ છે. ગુરુની ભક્તિ દ્વારા પણ પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે.

## (૨૯)

**"બધી સમસ્યાનો ઉકેલ એક માત્ર પ્રભુ ! તમે જ છો!"**

આ વિશ્વની કેટલી બધી સમસ્યાઓ છે ! આ દેશની પણ કેટલી બધી સમસ્યાઓ છે !



સંઘ-શાસનની પણ અનેક સમસ્યાઓ છે. અરે ! આપણી પોતાની પણ કેટલી બધી સમસ્યાઓ છે.

આ બધી સમસ્યાઓના ઉકેલ માટેના ઉપાયો શોધતા થાકી જવાય છે. મન પહોંચી શકતું નથી. સમસ્યાઓના ઉકેલ શોધી શકાતા નથી. ક્ષયોપક્ષમ ટૂંકો પડે છે. મન ખૂબ મૂંઝવણમાં પડી જાય છે. શું કરવું એ સૂઝતું નથી. આવી નિરાશા પરિસ્થિતિ વચ્ચે એકાએક હૃદયમાં ઝબકારો થયો અને એક વિશિષ્ટ શક્તિના દર્શન થયા.

અનંત કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં સર્વ સમસ્યાઓનો ઉકેલ પડેલો જ છે શા માટે મારે બધે રખડવું ? શા માટે મારે આડા-અવળા વિકલ્પો અને વિચારો કરવા? એક માત્ર પ્રભુનું હૃદયપૂર્વક શરણ સ્વીકારી લઉં, મારી બધી સમસ્યાઓ ઉકલી જશે. મને ખૂબ જ સ્વસ્થતા પ્રાપ્ત થશે.

યાદ આવે છે પ્રભુભક્ત પૂ. આ. કલાપૂર્ણસૂરિ મ. સા.

ક્યારેય ગમે તેવા સંજોગોમાં બીજું કંઈ યાદ ન કરતાં એક માત્ર પ્રભુના શરણને જ સ્વીકારતા અને ઉકેલ મેળવતા... તેમના જેવી શ્રદ્ધા અને સમર્પિતભાવ આપણા હૃદયમાં ક્યારે આવશે ?

કેવલજ્ઞાન, કેવલદર્શન, અચિંત્ય માહાત્મ્ય, અનંતશક્તિ યુક્ત વિશ્વના સર્વજીવોના સર્વ દુઃખોનો નાશ કરનારા, સર્વ જીવોને મુક્તિના અનંત સુખ આપવાની શક્તિ ધરનારા પ્રભુ મળ્યા પછી આ મહાન દેવાધિદેવની ઉપેક્ષા કરીને આપણે ખૂબ ગુમાવીએ છીએ. આપણી આ મહાન મૂર્ખતા છે.

અનંતશક્તિમાન, અનંત શાશ્વત સુખનાદાતાર પ્રભુની

ઉપેક્ષા કે તેમના ઓછા મૂલ્યાંકન કરીશું તો આપણે દીર્ઘ ભવભ્રમણ પ્રાપ્ત કરીશું.

જે દિવસે આપણે આપણું બધું જ મન-વચન-કાયા ધન વગેરે પ્રભુને સમર્પિત કરીશું. તે દિવસે સંપૂર્ણપણે પ્રભુની સર્વ શક્તિ કેવલજ્ઞાન , કેવલદર્શન વગેરે પ્રભુ આપણામાં સંક્રમિત કરી દેશે !

ક્યારે આવો ઉજ્જવળ દિવસ આવશે ?

## (૩૦)

ઉપયોગરૂપે ભલે ન હોય પણ અંદર લબ્ધિરૂપે પણ કષાયના શલ્યો પડયા હોય તો શ્રેષ્ઠ પ્રણિધાન થઈ શકતું નથી. પરમાત્માની ભક્તિ આદિમાં પણ સર્વશ્રેષ્ઠ ભાવો જાગી શકતા નથી. અનુભવમાં પણ જણાય છે ક્યારેક ગુરુદેવ પાસે પાપોની શુદ્ધિ કર્યા પછી દેરાસરમાં જતાં ખૂબ જ એકાગ્રતા, પ્રણિધાન અને શુભ ભાવો જાગે છે . સંયમ અને તપ દ્વારા આંતરિક શુદ્ધિ જેમ જેમ વધતી જાય તેમ તેમ પ્રણિધાન સુંદર થતું જાય છે એટલે સંયમ તપની જરા પણ ઉપેક્ષા કર્યા વગર સારી રીતે સેવવા જોઈએ.

## (૩૧)

કઠણમાં કઠણ વ્રત હોય તો બ્રહ્મચર્ય છે. સાધુઓ અને ગૃહસ્થો બંને માટે આ વ્રત દુષ્કર છે.

પણ પ્રભુએ આ વ્રતની સુંદર નવ વાડો બતાવી છે કે તેના



પાલનથી આ વ્રત સુકર થઈ જાય છે.

વાડોમાં જેટલા છીંડા પાડીએ તેટલા પ્રમાણમાં અશુભ પરિણામોરૂપી પશુઓ આત્મઘરમાં પેસે અને વ્રતની લીલી વાડી ખલાસ કરે.

મચ્છર પેસી જવાના ભયથી રાત્રે મચ્છરદાની ખુલ્લી ન રહી જાય તેની કેટલી બધી કાળજી કરીએ છીએ !

વિકારો પેસી જવાના ભયથી આપણે મજબૂત વાડોનું પાલન ક્યારે કરીશું ?

સ્ત્રીની વસતિમાં વાસ નહિં કરવાની આપણી પ્રથમ વાડ. સ્ત્રીની વસતિમાં વાસ નહિં કરવાનો અને આપણી વસતિમાં સ્ત્રીઓની અવરજવર થાય એ ચાલે ? વ્યાખ્યાન-વાચનાદિના પ્રસંગે આવે પણ પછી તુરંત જ તેમને જતાં રહેવું જોઈએ. એ સિવાયના કાળમાં આગમન અટકાવું જોઈએ. વળી વ્યાખ્યાનાદિની જગા પણ રહેઠાણથી અલગ હોય તો આ પ્રથમવાડનું સુંદર પાલન થાય.

બીજી વાડ સ્ત્રીકથા કે સ્ત્રીવિષયકથાની છે સ્ત્રીઓ જોડે વાતચીત કરવાથી આ વાડનો ભંગ થાય છે

અનદિકાળના જીવમાં વિજાતીય આકર્ષણના સંસ્કારો પડેલા છે નિમિત્ત મળતાં તે જાગૃત થાય છે. વિજાતીય જોડેની વાતચિતો-પરિચય વગેરેના સંસર્ગથી કામના આ સુષુપ્ત સંસ્કારો જાગૃત થાય છે. સ્વ. પૂ. પ્રગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ સરસ જણાવ્યું છે "અનાદિના કામસંજ્ઞાવાસિત જીવને વિજાતીય સાથેની વાતો સૂતેલા વાઘ સમા એ કામસંસ્કારોને જાગૃત કરે

છે. માટે વિજાતીય સાથે વાતો ન કરાય."

સ્ત્રી સાથેની કથાની માફક સ્ત્રીવિષયક ચરિત્રો કથાઓ પણ રાગની વૃદ્ધિ કરી જીવનું પતન કરાવે છે.

સ્ત્રીના શરીરમાંથી પ્રતિસમય પુદ્ગલો નીકળતા હોય છે તેથી સ્ત્રી બેઠેલ હોય તે જગાએ પણ મુહૂર્ત-બે ઘડી સુધી બેસવાનો નિષેધ છે. સાધ્વીજી તેમજ સ્ત્રીઓને પુરુષ બેઠેલ જગાએ એક પ્રહર સુધી બેસવાનો નિષેધ છે. આ ત્રીજી વાડ થઈ.

આ જ રીતે ચોથી વાડમાં સ્ત્રીના શરીરના, અંગોપાંગના દર્શનનો નિષેધ બતાવેલ છે. ભીતના આંતરે સ્ત્રી કે યુગલ હોય ત્યાં તેમના અવાજ વગેરે નુકશાનકારક હોઈ પાંચમી વાડમાં તેવા સ્થાને રહેવાનો નિષેધ છે.

પૂર્વક્રીડાનું સ્મરણ પણ જોખમકારક છે. માટે તેનો પણ છટ્ઠી વાડમાં નિષેધ કર્યો છે.

પ્રણીત(વિગઈઓથી ભરપુર)ભોજન તથા અતિરેક આહાર પણ બ્રહ્મચર્યના પરિણામના વિધ્વંસક વિકાર ઉત્પન્ન કરનાર હોઈ સાતમી-આઠમી વાડમાં તેનો નિષેધ જણાવ્યો છે.

નવમી વાડમાં શરીરની વિભૂષા પણ વિજાતીય તત્ત્વનું આકર્ષણ કરવા દ્વારા બ્રહ્મચર્યમાં જોખમકારી હોઈ તેનો નિષેધ કર્યો.

આ નવે વાડનું સંપૂર્ણ પાલન એ બ્રહ્મચર્યરૂપ મહાનગુણની રક્ષા કરનાર છે માટે સંયમી આત્માઓએ આ નવ વાડનું સુંદર પાલન કરવું જોઈએ.



## (૩૨)

નિરર્થક વિકલ્પો કરવા દ્વારા આપણે કેટલા બધા મનોયોગને નકામા કર્યા. પ્રકૃષ્ટ નિર્જરામાં કારણભૂત એવા મનથી ઘણીવાર વિપરીત વિકલ્પો કરી ઉલ્ટા કર્મબંધ કર્યા.

નિરર્થક વાતો અને વિકથાઓમાં ઉપયોગ કરીને જેનાથી સુંદર પ્રભુભક્તિ થઈ શકે કે સ્વાધ્યાયાદિ થઈ શકે તેવા કેટલા બધા વચનયોગને આપણે વેડફી નાંખ્યા.

કાયાયોગને પણ નિરર્થક અવર-જવર, ઉઠ-બેસ કે તેવી કેટલી બધી પ્રવૃત્તિઓમાં આપણે ગુમાવી દીધો.

સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યનો ભવ પ્રાપ્ત થયા પછી આ ત્રણે યોગમાં પ્રમાદ કરી આપણે ઘણું ગુમાવ્યું છે. હવે જાગીશું ખરા ? અને આ ત્રણે યોગનો સુંદર સદ્ઉપયોગ કરી વિપુલ નિર્જરા અને પુણ્યાનુબંધિ પુણ્યને ઉપાર્જન કરી જીવનને સફળ કરીશું ?

## (૩૩)

## ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

પિંડવાડાના એ મેશ્રી વણિક.

વાડી મોટી રાખેલી. રોજ વિશાળ સંખ્યામાં ફુલો ઉતરે. બધા જ ફુલો પિંડવાડામાં અને આજુ-બાજુના બધા જૈન-જૈનેતરના મંદિરોમાં ભક્તિથી જ વિના મૂલ્યે પોતાના જ માણસ સાથે મોકલી આપે. તેમના કહેવા મુજબ અમુક

સિઝનમાં ફુલ વધારે ઉતરે. અમુક સિઝનમાં ઓછા ઉતરે પણ સરેરાશ પાંચ હજારની પડે. ગુલાબના ફુલો ઉતરતા.

આજની ગણતરી મુજબ એક ગુલાબનો એક રૂપિયો ગણતા રોજના પાંચહજાર રૂપિયાના ફુલ મંદિરોમાં જાય. વર્ષે અઢાર લાખ રૂપિયાના ફુલ મંદિરોમાં જાય. પચીશ-ત્રીસ વર્ષથી લગભગ ચાલે છે. ગણત્રી કરો. આજની કિમંત મુજબ પચીશ વર્ષની કિંમત ગણીએ તો તેમના સાડા ચાર કરોડ રૂપિયાના ફુલ મંદિરોમાં ગયા. લગભગ અડધા જેટલા આપણા મંદિરમાં ગણીએ તો બે કરોડ રૂપિયાથી વધુના ફુલ તેમના જિનેશ્વર પ્રભુના ચરણે ચઢયા. આજે વર્ષે અઢાર લાખના ફુલ ચઢે તેમાં ૯ લાખ રૂપિયાના ફુલ જિનમંદિરમાં આવે. પિંડવાડાના બધા શ્રાવકો આ ફુલ પ્રભુને ચઢાવી ફુલ પૂજા કરે. તમે ૯ હજાર સાધારણમાં આપતાં વિચાર કર્યા કરો.

"આટલા બધા કિમંતના ફુલો મફ્ત શા માટે આપે છો ?" પૂછતા કહે "મારે બીજી આવક છે. પછી શા માટે ફુલોથી કમાણી કરવી ?"

પાંચ કોડીના અઢાર ફુલ પ્રભુને ચઢાવવા દ્વારા કુમારપાળ મહારાજા થયા. પ્રભુ ભક્તિ વિસ્તૃત કરી.

લાખો રૂપિયાના ફુલ પ્રભુ ચરણે ધરાવનાર એ અજૈન ભાઈની પણ કેટલી બધી ઉર્ધ્વગતિ થશે તે જ્ઞાની જાણે...



## (૩૪)

આજે સવારે પરોઢીયે પૂ. ઉપાધ્યાયજી વીરવિજયજી મ. અચાનક યાદ આવતા આખી ઉત્તમ ગુરુ પરંપરા યાદ આવી ભાવનગરથી નીકળી છેક પંજાબ જઈ પૂ. આત્મારામજી મ. પાસે પ્રવજ્યા ગ્રહણ કરી.

તેમના શિષ્ય પૂજ્ય દાનવિજયજી મ. (સકલાગમ રહસયવેદી આ. દાનસૂરીશ્વરજી મ.સા.)

ગુરુની જીવનના અંત સુધી સ્વયં કેટલી બધી સેવા કરી સ્વ. પરમગુરુદેવ પ્રેમસૂરિ મ. પણ પોતાના ગુરુ મ. એવા દાનસૂરિ મહારાજે તેમના ગુરુની કરેલ સેવાની અત્યંત અનુમોદના કરતા, ગુરુ મ. ની સેવાના પ્રભાવે પૂ. દાનસૂરિ મ. વ્યાખ્યાનમાં લોકપ્રકાશ જેવા દ્રવ્યાનુયોગના ગ્રંથનું વાંચન શરુ કરેલ. એ કાળે સંઘમાં વિસ્મય ફેલાયું. ઘણાના પ્રશ્નો-શંકાઓ આવી બધાને ઉત્તર આપી સમાધાન આપ્યું.

ગુરુસેવાના પ્રભાવે તેમને ન્યાયના કઠણ ગ્રંથો જાતે જ લાગી ગયા.

દાનસૂરિ મ. ની પાટે સ્વ. પરમગુરુદેવે પોતાના વિનય, સમર્પિતભાવ, ત્યાગ, તપ, નિઃસ્પૃહતા, પ્રશમ, લઘુતા વગેરે અનેક ગુણોથી ગુરુના હૃદયમાં કેવું સુંદર સ્થાન પ્રાપ્ત કરેલું, પરમગુરુદેવની શિષ્યો માટેની પણ નિઃસ્પૃહતાના કારણે તેમના ગુરુદેવે પોતાના શિષ્યો કરવા માટે તેમને આજ્ઞા કરવી પડેલી . આચાર્ય પદ પણ પરાણે આજ્ઞા કરીને આપવું પડેલ.

પરમ ગુરુદેવના શિષ્ય-પ્રશિષ્ય પૂ. પ્રગુરુદેવ આચાર્ય

ભગવંત શ્રીમદ્‌વિજય ભુવનભાનુસૂરિ મ. તથા પં પદ્મવિજયજી મ. આ બંને ભાઈઓએ એક સાથે ચારિત્ર લીધું. ગુરુ શિષ્ય બન્યા. દીક્ષાદિનથી એમની વિનય, સમર્પિતતા, ગુરુભક્તિ, સ્વાધ્યાય, તપ, ત્યાગ વગેરેની કેવી અદ્‌ભુત સાધના શરૂ થઈ ! ગુરુ મ. ના ગોચરી, પાણી, પડિલેહણ, કાપ , વિહારમાં ઉપધિ તથા પાણીના ઘડા ઉંચકી સાથે ચાલવું. ગુરુ મ. ની બધી જ ભક્તિ આ બંને મહાત્માઓએ ઉછળતા ઉમંગથી સ્વીકારી લીધી.

પદ્મવિજય મ.ની તો વળી વિશિષ્ટતા કે એક જ સાથે દીક્ષા ગ્રહણ કરી એક સાથે અભ્યાસ કર્યો છતાં વડીલ બંધુ એવા ગુરુ પાસે બાળક જેવા બનીને રહ્યા. પૂર્વના અત્યંત લઘુકર્મીપણા સિવાય આ શક્ય નથી. અરે, વર્ષો પૂર્વેના પાલી ચાતુર્માસમાં અચાનક એક સુશ્રાવક આગળ પ્રગુરુદેવના હૃદયમાંથી પોતાના સમર્પિત શિષ્ય માટે ઉદ્‌ગાર નીકળી ગયા. "ભણશાલી ! આ મારો શિષ્ય પદ્મવિજય મારાથી સો ગુણ આરાધક છે."

કેવી સુંદર આ ગુરુ પરંપરા આપણને પ્રાપ્ત થઈ. આને આલંબન લઈને આપણે પણ ગુરુ ભગવંતોના સમર્પિતભાવ, વિનય વગેરે સાધનાઓ જેવી સાધના કરવી પડશે. તો જ આપણો આ સંયમનો ભવ સફળ થશે.

સૌથી મોટામાં મોટો આપણો અંતરંગ દુશ્મન અહંત્વ છે. શાસ્ત્રકારોએ પણ આ અહંત્વનો નાશ કરવા માટે ગુરુ સમર્પિતભાવ અને ગુરુકુળને સેવવા જણાવ્યું છે. આપણને



આ અહંત્વ જ નડે છે અને તે મોક્ષના અનન્ય કારણભૂત એવા ગુરુસમર્પિતભાવ-વિનયથી નાશ પામે છે.

આપણે ગુરુસમર્પિતભાવ કેળવવા, વિનય ધર્મની આરાધના કરવા આટલું કરીએ.

૧. ગુરુ મ. પ્રત્યે ખૂબ જ બહુમાનવાળા થઈએ.
૨. ગુરુ મ. ના ગુણ-સાધના વગેરેને વારંવાર યાદ કરી ખૂબ અનુમોદના કરીએ.
૩. ગુરુના અનંત ઉપકારને હંમેશ આર્દ્રભાવે યાદ કરીએ.
૪. પ્રસંગ મળે ગુરુ-ગુણની સ્તવના કરતાં રહીએ.
૫. ગુરુ મ. ના પ્રત્યેક વચનને અમૃત માની ખૂબ બહુમાન પૂર્વક એનું પાન કરીએ.
૬. એમની આગળ બાળક જેવા થઈ રહીએ.
૭. એમની વાતોમાં ખોટા તર્કો ન કરીએ.
૮. એમની આજ્ઞામાં ખોટા તર્કો ન કરીએ.
૯. વગર વિચાર્યે એમની આજ્ઞાને સહર્ષ સ્વીકારીએ.
૧૦. પ્રતિકૂળ એવીપણ એમની આજ્ઞામાં સ્વહિત જોઈએ.

યાદ કરીએ પૂ. મલયગિરિ મ. ના શબ્દો..

"अधरीकृत चिन्तामणि - कल्पलता-कामधेनु-माहात्मयाः ।
विजयन्ता गुरुपादाः विमलीकृत्य शिष्यमतिविभवाः ।"

ચિંતામણી, કલ્પવૃક્ષ કલ્પલતા, કામધેનુના પ્રભાવને જેને ગૌણ કર્યો છે. તેવા શિષ્યના મતિવિભવને નિર્મળ કરનારા ગુરુ ચરણ કમળો વિજયને પામો.

## (૩૫)

## જૈન શાસનના તપસ્વીરત્નો

પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં ચારે બાજુ ભારતભરમાં કેટલો બધો ઘોર અને ઉગ્ર તપ થવા લાગ્યો છે! નાની ઉંમરમાં માસખમણ, સિદ્ધિતપ વગેરે કરનારા મળે છે. હમણાં જ ૪।।(સાડા ચાર ) વર્ષની ઉંમરના બાળકે અઠ્ઠાઇ તપ કર્યો. તપસ્યાની વિશિષ્ટ વાતો સાંભળતા હર્ષના આંસુ આવી જાય છે. તપસ્વીઓને ખૂબ ખૂબ ધન્યવાદ આપવા મન પ્રેરાય છે.

ખરેખર તપસ્વીઓ! તમે રંગ રાખ્યો છે શાસન પ્રભાવના પણ તમારા તપથી ખૂબ જ થાય છે. તમે ખૂબ ખૂબ સુંદર નિર્જરા સાધી છે. તમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

પણ હવે તમને થોડું સુચન કરવાનું મન થાય છે. તપના ઘોર કષ્ટો કાયા દ્વારા વેઠી કર્મ નિર્જરા કરી તમે આત્મા કેટલો બધો શુદ્ધ કરી દીધો! પાછો આ આત્મા આશ્રવોના સેવનથી, કર્મોથી ખરડાય નહીં, એ ધ્યાનમાં રાખવાનું છે.

વર્તમાન જમાનામાં અશુભ નિમિત્તો ઘણા છે તેમાં ફસાઇ ન જવાય તેની પણ કાળજી રાખવાની છે.

આપણા શાસનમાં સંયમથી અલંકૃત તપ જ ઉપાદેય ગણેલ છે. **દશવૈકાલિક સૂત્રની** પહેલી જ ગાથામાં धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संयमो तवो જણાવેલ છે. એટલે અહિંસા અને સંયમ પૂર્વકના તપને ઉત્કૃષ્ટ મંગલરૂપ ધર્મ



કહેલ છે. એટલે તપની સાધના પૂર્ણ થયા પછી તમે સૌ શક્ય અહિંસા અને સંયમ તરફ આગળ વધો એ જરૂરી છે. તે માટે પ્રથમ નંબરે સંપૂર્ણ ત્યાગરૂપ સર્વવિરતિ ધર્મની સાધના બને તો સ્વીકારજો. એ શક્ય ન બને તો છેવટે સદાચારમય જીવન અવશ્ય બનાવજો. નિરર્થક પાપોથી દૂર રહેજો. જીવન ધર્મમય બનાવજો. આપણા દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની શ્રધ્ધા પણ વધુને વધુ દૃઢ બનાવતાં રહેજો. જીવનનું લક્ષ્ય મોક્ષ બનાવજો અને આ જીવન સાધનાથી સફળ કરી સદ્‌ગતિને પામી શીઘ્ર મુક્તિને પામશો એ જ શુભેચ્છા.

## (૩૬)

જગતના બધા જ દુઃખો સાતે નરકાદિના, તિર્યંચોના, મનુષ્યોના, દેવના વગેરે બધા જ દુઃખો આપણા જીવે અનંતીવાર ભોગવ્યા છે.

નારકીમાં નિષ્કૂટમાંથી શરીરના ટુકડા કરીને બહાર કાઢયા. ઘોર અંધકાર અને ભયંકર ગંદકીથી દુર્ગન્ધથી ખદબદતું ક્ષેત્ર, ભૂખ, તરસ, ગરમી, ઠંડી, રોગ વગેરેની કારમી પીડાઓ વેઠી, વિશેષ પરસ્પર એક બીજા પર શસ્ત્રોના ઘા કરી વેદના ભોગવી, પરમાધામીથી પણ છેદન-ભેદન-દહન-ખંડન વગેરે કારમી વેદનાઓ અનુભવી, તિર્યંચના ભવોમાં પણ ભૂખ, તરસ, ખેતર ખેડવા, ભારો વહન કરવા, રોગાદિ સહવા અને અંતે અનેકવાર

કતલખાનામાં કપાઈ જવાની ઘોર પીડાઓ ભોગવી. મનુષ્યભવમાં પણ જન્મ-મરણ-દરિદ્રતા-દૌર્ભાગ્ય-અપયશ વગેરેના દુઃખો અને દેવભવમાં પણ પરાધીનતા, મત્સર મૃત્યુ વખતે દુર્ધ્યાનો, ઈન્દ્રાદિ રિદ્ધિમંત દેવોની ગુલામી-અપમાન વગેરે દુઃખો વેઠ્યા. એટલા બધા ભયંકર દુઃખો ભોગવ્યા છે જેનું વર્ણન કરી શકાય તેમ નથી.

પણ કુદરતનો નિયમ છે કે "**અશુભ કર્મોના ઉદય વિના દુઃખો આવતા નથી અને પાપો કર્યા વગર અશુભ કર્મના બંધો થતાં નથી.** "એનો અર્થ એ થયો કે દુનિયાના સર્વ પ્રકારના પાપો પણ આપણે કર્યા છે.

કયા પાપો આપણે નથી કર્યા ?

સંગમે પ્રભુ મહાવીર પર ઉપસર્ગો કર્યા તે રીતે આપણે પણ ભૂતકાળમાં સંગમ બનેલા અને તીર્થંકરો પર પણ ઘોર ઉપસર્ગો કરેલા....

કમઠે પાર્શ્વનાથ પ્રભુ પર ઉપસર્ગો કર્યા અનેક ભવ સુધી પ્રભુના જીવને હણ્યો. એ જ રીતે આપણે ઘણી વાર તીર્થંકરના જીવો પર પ્રાણાંત ઉપસર્ગો કર્યા છે. જગતમાં જેટલા પ્રકારના ઉગ્ર, મધ્યમ અને જઘન્ય પાપો છે તે બધા જ આપણે આચરેલા છે અને તેથી જ નરકાદિ ચારે ગતિઓમાં આપણે અનંતીવાર દરેક ભવોમાં જઈ આવ્યા છીએ અને પારાવાર પીડા પણ સહન કરી છે.

ઘોર હિંસાઓ, ભયંકર મૃષાવાદો, ભારે અનીતિ, પરદ્રવ્ય, અપહરણ, ભયંકર દુરાચારો અને પરિગ્રહની તીવ્ર



મૂર્છાઓના પાપો આપણે આચર્યા છે. ભયંકર ક્રોધ-અભિમાન-માયા પ્રપંચો અને લોભના પાપો આચર્યા છે. રાગ-દ્વેષ-કલહ-અભ્યાખ્યાન (ખોટા આળ મૂકવા)-પૈશુન્ય (ચાડી-ચુગલી)-રતિ-અરતિ-માયાપૂર્વક મૃષાવાદ-મિથ્યાત્વશલ્ય વગેરે અઢાર પાપો આપણે તીવ્ર-મધ્યમ કે જઘન્ય ભાવોથી આચર્યા છે. આ બધા દ્વારા તીવ્ર નિકાચિત કર્મ બંધ પણ કર્યા છે. આમાંથી કેટલાક નિકાચિત કર્મો અને ઘણા અનિકાચિત કર્મો પણ તીવ્ર રસવાળા હજી પણ આપણા આત્મામાં સત્તામાં પડયા છે. આ બધા કર્મો ઉદયમાં આવીને ક્યારે આપણું શું કરશે ? આપણને ક્યાં ફેંકી દેશે ? એની કલ્પના પણ થઈ શકે તેમ નથી.

આપણા કર્મો સુષુપ્ત અવસ્થામાં પડેલા રહ્યા છે

આપણા કાંઈક પ્રકૃષ્ટ પુણ્યોદયે કોઈક મહાપુરુષોની કૃપાથી આપણને સર્વ શ્રેષ્ઠ દેવાધિદેવ, ઉત્તમ ગુરુ ભગવંતો અને વિશ્વકલ્યાણકર શ્રીજિનશાસનની પ્રાપ્તિ થઈ ગઈ છે. હવે જો પ્રમાદમાં રહીશું અને મળેલા પ્રભુશાસનની આરાધના જોઈએ તેવી નહીં કરી શકીએ તો અંદર સત્તામાં સૂતેલા અશુભ કર્મોના ઉદયો અને મોહનીયકર્મજન્ય દુષ્ટ વાસનાઓ વિકારો જાગી જશે અને પાછા આપણને આ સંસારમાં પછાડી દેશે. પાછા સર્વ પાપો કરવાના અને સર્વ પ્રકારના દુઃખો ભોગવવાના એ ચક્ર ચાલુ થઈ જશે.

આમ ન થવા દેવું હોય તો પ્રમાદ છોડીને પ્રભુ શાસનની સુંદર આરાધના આપણે ચાલુ કરી દેવી જોઈએ. સામાન્ય

આરાધનાથી ઘોર કર્મો કેવી રીતે દૂર થશે ? માટે આરાધના પણ શક્તિને ગોપવ્યા વિના ઉગ્ર કરવી પડશે. પ્રથમ તો પ્રભુ અને પ્રભુની આજ્ઞામાં દ્રઢ શ્રધ્ધા ઉભી કરવી પડશે. તપ-ત્યાગમાં વીર્ય ફોરવવું પડશે. બાહ્ય તપમાં શક્તિ ગોપવ્યા વિના જેટલી શક્તિ હોય તેટલા ઉપવાસ-આયંબિલ-એકાસણા વગેરેમાં જોડાવું પડશે. તપ સાથે ત્યાગ પણ અપનાવવો જોઈશે. ઉણોદરી વગેરે તપો પણ આચરવા પડશે.

માત્ર બાહ્ય તપ જ નહીં, પરંતુ અભ્યંતર પણ છએ પ્રકારનો પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાઉસગ્ગમાં લીન થવું પડશે.

સરળતા પૂર્વક બાળકની જેમ ગુરુ પાસે બધા જ દોષોને, પાપોને પ્રગટ કરી પ્રાયશ્ચિત કરી આત્મશુદ્ધિ કરવાની, ગુરુ વિનય, વડીલ મુનિઓનો વિનય, પ્રભુનો વિનય, વગેરેમાં જરા પણ પ્રમાદ નહીં કરવાનો. અરે ! ઉત્તમ બહુમાન હૃદયમાં રાખી વિનયની પ્રવૃત્તિ કરવાની.

**ગુરુ બહુમાન એ તો આપણા માટે સંસાર પાર કરવા મહત્વનું સાધન છે.**

આપણી કમનસીબી છે કે આ મહાન તત્ત્વને આપણે પિછાણી શક્યા નથી. પ્રતિપક્ષી ગુરુઓની આશાતના પણ કરી છે. હૃદયમાં ગુરુ બહુમાન અત્યંત સ્થાપન કર્યા વિના કોઈનો મોક્ષ થયો નથી, થતો નથી અને થવાનો નથી.

ગુરુના હૃદય સાથે આપણું હૃદય મળી જવું જોઈએ. તેમની પ્રત્યેક આજ્ઞાઓનું અમૃત માનીને પાલન કરવું જોઈશે.



અનાદિકાળનો અહંત્વ દોષ આપણને ખૂબ પીડી રહ્યો છે એને દૂર કરવાનો એક જ માત્ર ઉપાય છે ગુરુ પારતંત્ર્ય

કેવલજ્ઞાનનું અનન્ય કારણ છે ગુરુ બહુમાન.

મુક્તિના અનંતસુખનું અનન્ય કારણ છે ગુરુ બહુમાન.

વીતરાગતા પ્રાપ્તિનું અનન્ય કારણ છે ગુરુ બહુમાન.

વર્તમાનમાં પણ ચારે ઘાતિકર્મના સુંદર ક્ષયોપશમ પ્રાપ્ત કરવનો અદ્દભુત ઉપાય છે ગુરુ બહુમાન....

ગુરુદેવ પં. પદ્મવિજયજી મ. ગુરુમાં ભગવાનનું દર્શન કરતા પૂ. પ. ચંદ્રશેખર મ. ભગવાન પ્રેમસૂરીશ્વરજી મ.તરીકે ગુરુને યાદ કરતા. બહુમાન પણ ભક્તિથી ટકે. ભક્તિથી વૃદ્ધિ પામે માટે વિનય ધર્મનું પણ સુંદર પાલન કરવાનું..

(વિનય= બાહ્ય પ્રવૃત્તિ    બહુમાન= આંતર પ્રીતી)

ગુરુ ભગવંત અને અન્ય મુનિઓની પણ વૈયાવચ્ચ અપ્રમાદ ભાવે કરવાની છે. વૈયાવચ્ચને ઉત્તરાધ્યયન સૂત્રમાં તીર્થંકર નામકર્મના બંધનું કારણ કહ્યું છે. વળી શાસ્ત્રમાં પણ વૈયાવચ્ચને અપ્રતિપાતિ ગુણ કહ્યો છે.

वैयावच्चं णिच्चं करेह, संजमगुणधरन्ताण ।
सव्वं किर पडिवायी, वैयावच्चं अपडिवायी ।।

પ્રાયશ્ચિત દ્વારા આત્મશુદ્ધિ કરવાની, બહુમાનપૂર્વક ખૂબ જ ગુરુ વિનય કરવાનો, ગુરુની સાથે અનેક મુનિઓની ઉલ્લાસથી વૈયાવચ્ચ કરવાની અને આ બધું કરવાની સાથે બાકીના સમયમાં વિકથાદિનું વર્જન કરી સતત સ્વાધ્યાયમાં વ્યસ્ત રહેવાનું.. શાસ્ત્રોના પદાર્થોને આત્મસાત્ કરવાના.

મન સતત તેમાં રમતું રાખવાનું શાસ્ત્રોનું ખૂબ જ્ઞાન મેળવવાનું.

સ્વાધ્યાયમાં મનના ઉપયોગથી અસંખ્ય કાળના કર્મો નિર્જરિત થઈ જાય છે.

આ રીતે સ્વાધ્યાયથી મનનું ઘડતર કર્યા પછી ધ્યાન યોગમાં લાગવાનું....

ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા. સંયમ ના અનુષ્ઠાનોમાં, સમિતિ-ગુપ્તિ વગેરેમાં પણ ચિત્તની એકાગ્રતા એ પણ એક જાતનો ધ્યાનનો જ અભ્યાસ છે.

નવકારાદિના ઉત્તમ શબ્દોનું (અક્ષરોનું)ધ્યાન એ પદસ્થ ધ્યાન છે.

અષ્ટપ્રાતિહાર્ય યુક્ત સમવસરણ સ્થિત પ્રભુનું કે છદ્મસ્થ અવસ્થામાં સંયમ સ્થિત પ્રભુનું કે તેવા બીજા પરમાત્માના કલ્યાણકો, જીવન પ્રસંગો વગેરેનું ધ્યાન એ રૂપસ્થ ધ્યાન છે.

સિદ્ધાવસ્થાનું સિદ્ધશિલા પર બિરાજમાન અનંત સિદ્ધોનું ધ્યાન એ રૂપાતીત ધ્યાન છે.

વળી પરમાત્માની આજ્ઞાની, રાગદ્વેષના અપાયોની કર્મના વિપાકોની, ચૌદરાજલોકમાં દેવલોક, નરક વગેરે સંસ્થાનોની વિચારણા એ ચાર પ્રકારના ધર્મધ્યાન છે આને પણ ધ્યાઈ શકાય.

પૃથક્ત્વવિતર્ક, એકત્વવિર્તક વગેરે શુક્લધ્યાનના સ્વરૂપને પણ વિચારી શકાય.

આ રીતે ધ્યાન યોગ દ્વારા વિપુલ કર્મ નિર્જરા થઈ શકે છે.



છેલ્લે કાઉસગ્ગયોગમાં પણ સ્થિર થઈ શક્યતા મુજબ કાઉસગ્ગ આચરી ઘણી કર્મ નિર્જરા આપણે કરી શકીએ.

અહીં બાર પ્રકારના તપને વિચાર્યો પણ આ તપ પણ સંયમપૂર્વકનો જોઈએ. સંયમ એટલે સંવરપૂર્વકનો પાપોનો નિગ્રહ જોઈશે. પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ અને છ કાયના જીવોની દયા એ સંયમ છે. મૂળગુણ અને ઉત્તરગુણોનું સુંદર પાલન એ સંયમ છે.

આ બધુ પ્રભુની આજ્ઞા મુજબ જ કરવાનું છે. પ્રભુની આજ્ઞા પ્રત્યેની અત્યંત શ્રદ્ધા એ સમ્યક્ત્વ છે.આમ સમ્યક્ત્વ સહિત સંયમ અને તપની ઉગ્ર સાધના કરવા દ્વારા જ આપણે વિપુલ કર્મ નિર્જરા સાધી મુક્તિને નિકટ કરી શકીશું....માટે આપણે સહુ સમ્યક્ત્વ સહિત સંયમ અને તપની આરાધના કરી મુનિ જીવનને સફળ કરીએ.

## (૩૭)

निर्जितमं[१]दमदनानां[२] वाक्[३]काय[४]मं[५]नोविकाररहितानाम् ।
[६]विनिवृत्तपराशाना-मिहैव मोक्षः सुविहितानाम् ॥

અહિં જ મોક્ષ સુખને ભોગવવું છે? ઉક્ત છ વસ્તુના આચરણથી અહિં જ મોક્ષના સુખ જેવો આનંદ અનુભવાશે.

**<u>૧) મદ</u>** : અભિમાનનો સર્વથા ત્યાગ.

મદ-અભિમાન આપણને સંકલેશ કરાવે છે. આપણું ચિત્ત અસ્વસ્થ કરે છે. આપણે મનમાંથી મદને તિલાંજલી આપીએ એટલે આપણી જાતમાં લઘુતા આવશે. આપણે કોઈ પ્રકારના

માન વગેરેની અપેક્ષા નહિં રહે. આપણે ખૂબ સુખી બની રહીશું.

<u>૨)મદન</u>:કામ...ભૌતિક સુખોની ઈચ્છા-ઈન્દ્રિયોના અનુકૂળ પદાર્થોમાં રાગ , પ્રતિકૂળ પદાર્થોમાં દ્વેષ

આ ઈચ્છાઓ દૂર થતાં આપણું મન સ્વસ્થ થાય છે. પવિત્ર થાય છે. આનંદવિભોર થાય છે.

<u>૩-૪-૫)મન-વચન-કાયાને વિકાર રહિત કરવા</u>: મન રાગાદિથી વિકૃત ન થાય. વાણી પણ રાગાદિથી યુક્ત કે રાગાદિ વધારે તેવી ન જોઈએ. ઉગ્ર સંક્લેશજનક વાણી પણ ન જોઈએ. કાયા પણ સદાચારથી પવિત્ર જોઈએ.

મનની પવિત્રતા જળવાય. ઉત્તમ વિરાગના, ઉપશમ ભાવના, મૈત્ર્યાદિભાવમાં મન સદા રમતું રહે.

વાણી પણ સૌમ્ય, મીઠી, પ્રિય અને હિતકારી હોય. કાયા પણ સદા સાધનામાં પ્રવૃત્ત હોય.

૬)પરની આશાઓ, કોઈ તરફથી અપેક્ષાઓ વગેરે નિવૃત્ત થઈ ગઈ હોય, નીકળી ગઈ હોય. બીજા તરફથી આશા-અપેક્ષા રાખીએ તે પૂર્ણ થતા રાજી થઈએ. સુખ અનુભવીએ છીએ. તે પૂર્ણ ન થતાં દુઃખી, આકુળ વ્યાકુળ થઈ જઈએ છીએ.

એટલે પારકી આશા કોઈ પણ જાતની રાખીએ જ નહિં તો સદા સ્વસ્થતા ટકી રહે છે.

ફરી વિચારીએ...

મદ અને કામ પર વિજય મેળવો. મન-વચન-કાયાને



સંસ્કૃત અવિકૃત રાખો(કષાયોથી ઉગ્ર વગેરે ન થાય.)

કોઈ પણ પ્રકારની આશા-અપેક્ષા ન રાખો....

અહિં જ મોક્ષના મહાસુખમાં મ્હાલતા થઈ જશો. પરલોકમાં સદ્ગતિ નિશ્ચિત થશે. મુક્તિ અત્યંત નિકટ થશે.

## (૩૮)

તીવ્ર ક્રોધના ભાવમાં તીવ્ર અનુબંધવાળા અશુભ કર્મો બંધાઈ જાય છે, એ આપણને ખ્યાલ છે. સાધુ પ્રત્યેના ક્રોધથી તપસ્વી મુનિ અશુભકર્મનો અનુબંધ કરી છેક ચંડકૌશિકના ભવ સુધી પહોંચ્યા આ વિષયમાં બીજા પણ અનેક દ્રષ્ટાન્તો પ્રસિદ્ધ છે. એ વાત આપણને પણ બહુ સ્પષ્ટ જણાય છે.

પરંતુ જેમ તીવ્ર ક્રોધથી તીવ્ર અનુબંધવાળા કર્મ બાંધે છે, તેમ તીવ્ર કામ અને તીવ્ર અર્થના (પરિગ્રહ)પરિણામ થી પણ તીવ્ર અનુબંધવાળા અશુભ કર્મ બંધાય છે એ તરફ લોકોનો ખ્યાલ ઓછો હોય છે.

તીવ્ર કામના પરિણામ એટલે સતત પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં રમતું મન અથવા વિશેષ કરીને સ્ત્રીના વિષયમાં રમતું મન.

સ્ત્રીના દેહના દર્શનમાં, ચિંતનમાં, અંગોપાંગના તીવ્રરાગથી નિરીક્ષણમાં, તેમાં વિશેષ આનંદનો અનુભવ કરવામાં, સ્ત્રીઓ જોડે રાગપૂર્વક વાતચીત કરવામાં કે સ્ત્રી વિષયક કથા કરવામાં, મૈથુનના પ્રસંગમાં અથવા તીવ્રરાગથી પાંચે ઈન્દ્રિયોના વિષયભોગમાં એટલે દર્શનની

જેમ કામવર્ધક સંગીત કે ઉદ્‌ગારો સાંભળવામાં, માલ-મેવા પકવાન્નના તીવ્ર રાગપૂર્વક થતાં ભોજનમાં, તીવ્ર રાગથી થતાં સજાતીય કે વિજાતીયના સ્પર્શમાં, સુગંધવાળા દ્રવ્યોના રાગપૂર્વકના ઉપભોગમાં વગેરે પ્રસંગોમાં પણ તીવ્ર અનુબંધો વાળા કર્મો બંધાય છે.

આ વાતો પણ વિચારવી ખૂબ જરૂરી છે.

વળી તીવ્ર અર્થના પરિણામ એટલે સતત ધનની ચિંતા, ધન ક્યાંથી મેળવવું? કેવી રીતે મેળવવું? વધુને વધુ કેવી રીતે મળે? કેવી રીતે વધતું જાય? ધનની રક્ષા કેવી રીતે કરવી? બીજાની પાસે રહેલું ધન મારી પાસે કેવી રીતે આવે? વળી ધન મેળવવા માટે હિંસા, જૂઠ, અનીતી, દુરાચાર વગેરેથી યુક્ત કાર્યોની વિચારણા પરિગ્રહની તીવ્ર મૂર્ચ્છા.....

આ બધાથી પણ તીવ્ર અનુબંધવાળા અશુભ કર્મોના બંધ થાય છે. એના ઉદયમાં ત્રાહીમામ્ પોકારી જઈએ, ઘોર નરક નિગોદાદિના દુઃખો એક વાર માત્ર નહીં પણ પરંપરા ચાલે છે. માટે પરિણામ વધુ તીવ્ર અશુભ ન બનતા રહે તેની ખૂબ જ સાવધાની રાખવી જરૂરી છે તથા સાથે પ્રભુભક્તિ-ગુરુભક્તિ-સંઘભક્તિ-તપ-જપ-સ્વાધ્યાય વગેરે દ્વારા તીવ્ર શુભ અનુબંધવાળા કર્મો પણ બાંધવા પ્રયત્ન કરતા રહેવો જોઈએ. જેથી અશુભનું શુભ દ્વારા નિવારણ પણ થતું જાય.



## (૩૯)

કોપનહેગનમાં વિશ્વના સેંકડો દેશોનું સંમેલન મળ્યું. વિષય હતો પર્યાવરણ બચાવવાનો. ગ્લોબલ વોર્મીંગથી વિશ્વાનું અસ્તિત્વ જોખમમાં આવી રહ્યું છે. કાર્બનડાયોક્સાઈડ વધતો જાય છે તે ચિંતાજનક છે તે ઘટાડવા અનેક સૂચનો થયા.

મારી દૃષ્ટિએ જગતનું આના કરતા વધુ દૂષિત પર્યાવરણ અશુભ વિચારો, અશુભ વાણી અને અશુભ વર્તનથી થયું છે. સમસ્ત આધ્યાત્મિક જગતમાં મન-વચન-કાયાના દૂષણોરૂપી કાર્બન ડાયોક્સાઈડ સર્વત્ર મોટા પ્રમાણમાં ફેલાઈ ગયો છે.

આને કંટ્રોલમાં લેવાની ખાસ જરૂર છે. જો આ કાર્બન ડાયોક્સાઈડ વધશે તો જગતનો વિનાશ નિશ્ચિત છે. કોઇ પણ જગતને બચાવી શકશે નહિં.

વળી, આ દૂષિત પર્યાવરણની શુદ્ધિનો ઉપાય નવકારમંત્ર છે.

નવકારનો તમે ભાવપૂર્વક જાપ કરો છો, ત્યારે તેના વાઈબ્રેશનો ચારે બાજુ ફેલાય છે. શાસ્ત્રોમાં શબ્દાદિના પુદ્‌ગલો એક સમયમાં અસંખ્ય યોજન સુધી(લોકના છેડા સુધી)ફેલાવવાનું વિધાન છે. એટલે તમારા જાપ દ્વારા નીકળેલા વાઈબ્રેશનો ચારે બાજુ ફેલાઈ અશુભ-ચિંતન-ભાષણ અને વર્તનથી ફેલાયેલ આધ્યાત્મિક દૂષણને વિશુદ્ધ કરે છે.

વળી આધ્યાત્મિક દૂષણોની શુદ્ધિ થતા જીવોના પુણ્ય વધે છે તેથી જીવોને બાહ્ય સામગ્રી પણ પ્રાપ્ત થાય છે સાથે સંતોષ, ચિત્તની પ્રસન્નતા, આંતરિક આનંદ, સમતાભાવ વગેરે અનેકગુણ પ્રાપ્તિના આનંદનો અનુભવ થાય છે.

નવકારનો અપરંપાર મહિમા છે. સમસ્ત વિશ્વમાં આધ્યાત્મિક પર્યાવરણ શુદ્ધિનું અદ્‌ભુત કાર્ય નવકાર દ્વારા થાય છે. માટે ખૂબ ભાવપૂર્વક, પ્રણિધાન પૂર્વક, ઉલ્લાસ પૂર્વક લાખો કરોડો જાપ કરો પછી જો જો તમારામાં અને આખા વિશ્વમાં કેવા ચમત્કાર સર્જાયછે.

તમે વિશ્વની રક્ષામાં નિમિત્ત બનશો. હા પણ આ રીતે નવકારના સાધક બનવા માટે તમારું જીવન પણ વ્યવસ્થિત જોઈશે.

આધ્યાત્મિક પર્યાવરણને દૂષિત કરતા અશુભ ચિંતનો, અશુભ વચનો અને અશુભ વર્તનનો તમારે પણ ત્યાગ કરવો પડશે. તમારું જીવન પણ સંપૂર્ણ શુદ્ધ બ્રહ્મચર્યાદિના પાલનવાળું અથવા છેવટે સદાચારવાળુ જોઈશે. મનને પણ જગત પરની કરૂણાભાવથી ભરી દેવું પડશે. સાથે મૈત્રી, પ્રમોદ અને મધ્યસ્થ ભાવનાઓથી પણ તમારું મન તરબોળ કરવું પડશે.

મૈત્રી ભાવનાને બદલે કોઈપણ જીવ કે જીવો પ્રત્યે વૈરભાવો, પ્રમોદભાવનાની બદલે મત્સર ભાવ, કરૂણાભાવની બદલે રાગદ્વેષ કે પક્ષપાતથી મન વ્યાપ્ત હશે તો પછી તમારો નવકાર જગતનું વિશુદ્ધિકરણ કેવી રીતે કરી શકશે ?



માટે જીવનને વ્યવસ્થિત બનાવી શુદ્ધ અને નિરાશંસભાવથી એક માત્ર જાતની અને જગતની રક્ષા નિમિત્તે ખૂબ જ ભાવપૂર્વક અને પ્રણિધાનપૂર્વક નવકારનો જાપ કરી જગતની રક્ષાનું મહાન પુણ્ય પ્રાપ્ત કરી લો.

## (૩૯)

બહુ સૂક્ષ્મતાથી આત્માને અને મનને તપાસીએ.

૧. આપણા મનમાં કોઈનો પણ પરાભવ કરવાની દુષ્ટવૃત્તિ પડી નથી ને ?

૨. આપણા મનમાં વિશ્વની સર્વ અથવા ઘણી ઘણી સંપત્તિ એકત્રિત કરવાની ભયંકર આસક્તિ નથી પડીને ?

૩. આપણા મનમાં પાંચે ઈન્દ્રિયોના વિષયો ભોગવવાની વાસનાઓ પડી નથી ને ?

૪. આપણા મનમાં વિશ્વના કે સમાજના ટોચ સ્થાને બેસવાની માનાકાંક્ષા નથી પડીને ?

૫. આપણા હૃદયમાં ગીતાર્થ ગુરુદેવોના હિતકારી વચનોને પણ અવગણીને મનનું જ ધાર્યું કરવાનો કદાગ્રહ નથી પડયો ને ?

૬. આપણા મનમાં આખુ વિશ્વ મારી પાછળ ગાંડુ બને, બધાને વશ કરી દઉં એવી કીર્તિકામના નથી બેઠીને ?

૭. મનમાં કોઈના પણ જિનવચનાનુસારી સુકૃતને અવગણવાની દુષ્ટ વૃત્તિ નથી બેઠીને ?

૮. બીજાની આરાધના, પુણ્ય કે બાહ્યસંપત્તિ જોઈને મનમાં

મત્સરની જ્વાળાઓ સળગતી નથી ને ?

૯. અન્યના સાચા-ખોટા દોષોને, કે પાપ-આચરણોને યાદ કરીને અનેકની સમક્ષ નિંદાદિ કરવાની પાપવૃત્તિ આત્મામાં નથી ને ?

૧૦.શિષ્ટ પુરુષોની આપત્તિમાં સૂક્ષ્મ પણ આનંદ કે સંતોષ નથી આવતોને ?

૧૧.છતી શક્તિએ શિષ્ટ પુરુષોની આપત્તિ દૂર કરવામાં ઉપેક્ષા તો નથી થતી ને ?

૧૨. કોઈ પણ જીવો પ્રત્યે યાવત્ દુશ્મન પ્રત્યે પણ મૈત્રી ભાવની છોળો ઉછળે છે ને ? દુશ્મનનું પણ સારૂં કરવાની અને દુશ્મન જોડે મૈત્રીભાવ થાય તેવી વૃત્તિ અને પ્રવૃત્તિ છે ને ?

૧૪.ક્રૂર, કઠોર અને હિંસક ભાવો આત્મામાં ભર્યા નથી ને ?

૧૫.અસત્ય વચનો બોલવામાં, સત્ય છુપાવવામાં નિષ્ણાંતપણું નથી ને ?

૧૬.સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન અથવા છેવટે સદાચાર પાલનથી તો ખસવું જ નથી એ નક્કી છે ને ?

૧૭.પરિગ્રહ સંપૂર્ણ ત્યાગી ન શકાય તો અલ્પતા રાખવા મન ઉત્સુક છે કે નહીં ?

૧૮.રાત્રિભોજન, કંદમૂળાદિ અભક્ષ્ય ભોજન હોટલના અશુદ્ધ ભોજનો વગેરે પાપાચારો જીવનમાં વિકસિત નથી ને ?

૧૯.અરિહંત સિદ્ધ પરમાત્મા સિવાય બીજા કોઈને દેવ તરીકે માનવા નથી, પ્રભુશાસનને વફાદાર પંચાચારના શુદ્ધ



પાલક મુનિઓને જ ગુરુ તરીકે માનવા અને પરમાત્માએ પ્રરૂપેલ તત્ત્વ કે આચારમાર્ગને જ શુદ્ધ ધર્મ તરીકે સ્વીકારવો એવી દ્રઢતા પૂર્ણપણે છે ને ?

૨૦.દુઃખમાં રીબાતા ગરીબો પ્રત્યે અનુકંપા અને દુઃખી પશુ-પંખીઓ પ્રત્યે જીવદયાના ભાવ જાગ્રત છે ને ?

૨૧.જીવન માંસાહાર, દારૂ, ઈંડા, કે અભક્ષ્ય ભોજનોથી દૂષિત થયું નથી ને ?

૨૨.જુગાર, શિકાર, પરસ્ત્રીગમન, વેશ્યાગમન, દારૂ, માંસાહાર, ચોરી આ સાત વ્યસનો કહેવાય છે. જે ઉભયલોક (આલોક-પરલોક)ને બગાડનાર હોઈ ઉભયલોક વિરુદ્ધ કહ્યા છે. તે જીવનમાં પેઠા નથી ને ?

૨૩.જેમાં ઘોર હિંસા થાય છે તેવા મહારંભ, મહાહિંસા વગેરેની પ્રવૃત્તિ ધંધામાં પણ ચાલતી નથી ને ?

૨૪.ઉપકારીઓ પ્રત્યે કૃતજ્ઞતા ભાવ બરોબર જાળવ્યો છે ને ? કૃતઘ્નતા ભાવ નથી પ્રગટ થયો ને ?

૨૫.વર્તમાનમાં ઉપકારી ગુરુ ભગવંતોનો દ્રોહ ક્યારેય કર્યો નથી ને ? ગુરુ ભગવંતોને અપ્રસન્નતા થાય તેવું નથી કર્યું ને ? ગુરુ ભગવંત પ્રત્યે પ્રતિકૂળ વર્તન નથી કર્યું ને ? હમેંશ તેમના પ્રત્યે ઉછળતું બહુમાન અને સમર્પણ ભાવ જાળવી રાખ્યા છે ને ?

## (૪૧)

जो जाणदि अरिहंत, दव्वत्त-गुणत्त-पज्जवत्तेहिं
सो जाणदि अप्पाणं, मोहो खलु तस्स जादि लयं

प्रवचनसार ગાથા-૮૧

અરિહંત તત્ત્વને જે દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી જાણે છે તે પોતાના આત્માને પણ જાણે છે તેનો મોહ લય પામી જાય છે.

દ્રવ્યથી ભગવાનનો આત્મા વિશિષ્ટકોટિના તથા ભવ્યત્વવાળો હોય છે, જેના કારણે અનાદિકાળથી હંમેશ માટે પરમાત્મામાં (સમ્યક્ત્વ પામ્યા પૂર્વે પણ) પરાર્થ-વ્યસનીપણું વગેરે દશ વિશેષતાઓ હોય છે.

એકેન્દ્રિયાદિના ભવમાં પણ પ્રભુ ચિંતામણી-કલ્પવૃક્ષ, વિકલેન્દ્રિયમાં લક્ષણવંત શંખ વગેરેના ભવોની કાયા દ્વારા જગત પર ઉપકાર કરે છે.

પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં પણ લક્ષણવંત અશ્વ, હાથી વગેરેની પોતાની કાયા દ્વારા જે રાજાદિને ત્યાં જાય છે ત્યાં તેના રાજ્યની-ધનની સંપત્તિની વૃદ્ધિ વગેરે કરે છે. શાંતિ મૈત્રીનું વાતાવરણ થાય છે.

ભવ્યત્વ પાત્રતાના અર્થમાં છે. ભવ્યજીવોમાં રહેલી મોક્ષમાં જવાની પાત્રતા એ ભવ્યત્વ છે. આવી પાત્રતા જુદા-જુદા જીવોમાં જુદા જુદા પ્રકારની હોય છે. જેના કારણે કોઈક જીવો એકલા મોક્ષે જાય છે, કોઈક જીવો લાખો કરોડો સાથે



જાય છે. કોઈ તીર્થંકર થઈને જાય છે. કોઈ ગણધર થઈને જાય છે. કોઈ પ્રભાવક આચાર્યાદિ થઈને જાય છે. કોઈક પોતાના આખા કુટુંબ સાથે સાધના કરી મોક્ષે જાય છે.

પ્રત્યેક ભવ્ય જીવોમાં મોક્ષમાં જવાની પાત્રતા હોય છે **દેવાધિદેવ તીર્થંકર ભગવંતોમાં આ પાત્રતા અતિ વિશિષ્ટ કોટિની હોય છે.** તેથી તેઓ આગલા ત્રીજા ભવે સમસ્ત સંસારની ભયંકરતા, તેમા અટવાઈ પીડાઈ રહેલા જીવોની પીડાઓ વગેરેથી અત્યંત કરૂણાદ્રષ્ટિ થઈ વિશિષ્ટ ભાવના ભાવે છે. જીવોને તારવાની પ્રવૃત્તિ કરે છે. એ દ્વારા તીર્થંકરનામ-કર્મનામના શ્રેષ્ઠ પુણ્યને ઉપાર્જન કરે છે. અને છેલ્લા ભવમાં ઉત્તમ રાજકુળમાં જન્મ પામી ચારિત્ર લઈ, ઉગ્ર સાધના દ્વારા કેવળજ્ઞાન પામી તીર્થની (ચતુર્વિધ સંઘની) સ્થાપના વગેરે કરે છે. સમવસરણમાં બેસી ઉભયટંક ઉપદેશ વગેરે દ્વારા અનેક જીવોને તારવાનું કાર્ય કરે છે. લોકોત્તર જીવન જીવે છે. પાંચ કલ્યાણકોની દેવો-મનુષ્યો દ્વારા ઉત્કૃષ્ટ ઉજવણી થાય છે. ઈન્દ્રો-દેવો-ચક્રવર્તિઓ-નૃપ-શ્રેષ્ઠિઓ વગેરે સર્વજન પૂજ્ય બને છે.

આ બધી વિચારણાઓ પરમાત્માના આત્મદ્રવ્યની થઈ. પરમાત્માના ગુણોની અને પર્યાયની વિચારણાઓ પણ કરવી જોઈએ.

## (૪૨)
## દેવાધિદેવની કરૂણા

દુનિયામાં માતાનો પુત્ર પરનો વાત્સલ્યભાવ અજબનો ગણાય છે. માતા પોતાના પુત્રના દુઃખને સહન કરી શકતી નથી એટલે પોતે દુઃખ સહીને પણ પુત્રના દુઃખને દૂર કરવા પ્રયત્ન કરે છે. ક્યારેક માતાઓએ પેટે પાટા બાંધીને(ભૂખ્યા રહીને) પણ પુત્રોને ભણાવ્યા છે, સુખી કર્યા છે, જીવનમાં સમૃદ્ધિવંત બનાવ્યા છે, આવા અઢળક દ્રષ્ટાન્તો છે.

પરમાત્મા જગતના જીવોની માતા સ્વરૂપે છે. ના, માતાના પુત્ર પરના વાત્સલ્યભાવથી પરમાત્માનો જગતના સર્વ જીવો પ્રત્યે અનેક ગુણ વાત્સલ્ય હોય છે. માતા પોતાના પુત્રના દુઃખને સહી શકતી નથી, દૂર કરવા પ્રયત્ન કરે છે તેમ પરમાત્મા પણ જીવોના દુઃખોને સહન કરી શકતા નથી. આગલા ત્રીજા ભવમાં જીવોના દુઃખોથી કરૂણાન્વિત થઈ અને તે દૂર કરવા પ્રબળ પુરુષાર્થ તેઓએ કરેલ અને તેના જ કારણે તીર્થંકરનામકર્મ જેવી ઉત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિનું ઉપાર્જન કરેલું. છેલ્લા ભવમાં પણ કેવળજ્ઞાન થતાની સાથે જ તેઓએ જગતના જીવોના દુઃખ દૂર કરવા જ શાસન સંઘની સ્થાપના કરી. દ્વાદશાંગીનું નિર્માણ ગણધરો પાસે કરાવ્યું અને જીવનના અંત સુધી શાસનને આગળ વધાર્યું અને પોતાની પાછળ પણ શાસન આગળ વધતું જ જાય તેવી વ્યવસ્થા કરી.

જરૂર છે માત્ર આપણે પ્રભુ પ્રત્યે અથાગ શ્રદ્ધા, આદર અને



બહુમાન ઉભુ કરવાની. ભયભીત થયેલ બાળક જેમ માતાને ચોંટી પડે છે, એ જ રીતે સંસારના ભયથી આપણે પરમાત્માને પકડી લેવા જોઈએ. કુમારપાળ મહારાજા પણ પ્રભુની સ્તવનામાં જણાવે છે.

**"ભયભીત થઈ એહથી પ્રભુ તુમ ચરણ શરણું મેં ગ્રહ્યું**
**જગવીર દેવ બચાવજે મેં ધ્યાન તુજ ચિત્તે ધર્યું."**

આપણે સૌ પણ કરૂણાન્વિત દેવાધિદેવનું શરણ સ્વીકારી નિર્ભય થઈએ.

## (૪૩)

અનુકંપા એ સમ્યક્ત્વનું લક્ષણ છે.બીજાના દુઃખોને કે પાપોને જોઈને કરૂણાન્વિત થઈ શક્તિ મુજબ તે દૂર કરવાનો પ્રયત્ન કરવો એ જ કરૂણા છે. અનુકંપા નામનું સમ્યક્ત્વનું લક્ષણ છે.

મને સમજાતું નથી કે આજે આખુ અહીંનું જગત દ્રવ્યભાવ દાવાનળમાં બળી રહ્યું છે, તીર્થો પર આક્રમણો આવી રહ્યા છે. શાસન પર આફતો આવી રહી છે. સંસ્કારો ધ્વંસ થઈ રહ્યા છે. ત્યારે, છતાં સામર્થ્ય અને શક્તિવાળા સમ્યગ્દ્રષ્ટિ દેવો! આપ કેમ ઉપેક્ષા કરી રહ્યા છો ?

## (૪૪)

## नंदि सया संजमे

સંયમમાં સદા આનંદ હોય છે. સંયમનો આનંદ વિશિષ્ટ કોટિનો હોય છે. એ એક માત્ર અનુભવ ગમ્ય જ હોય છે. વર્ણન કરી શકાતો નથી. માસક્ષમણના તપના છેલ્લા દિવસો હોય, બહારથી ત્રીશ દિવસનું ભૂખ્યું શરીર હોય અશક્તિ પણ જણાતી હોય પણ અંદરથી એક સિદ્ધિનો કેટલો બધો આનંદ હોય ?

આવી જ રીતે સંયમી આત્માને કોઈ ઘોર ઉપસર્ગાદિ પ્રસંગે પણ અંતરનો અઢળક આનંદ હોય છે. ઉપસર્ગ સહન કરતા થતી સંવર અને નિર્જરાની આરાધના પર લક્ષ્ય હોવાના કારણે જીવ અત્યંત સુખ અને આનંદનો અનુભવ કરે છે.

સંયમીનો આનંદ અનુભવ ગમ્ય જ હોય છે બીજાઓ તે અનુભવ કરી શકતા નથી.

"देवं -नाग-सुवन्न-किन्नरगण-स्सब्भूअभावच्चिए"

વૈમાનિકદેવો, ભુવનપતિદેવો, જ્યોતિષિદેવો અને વ્યંતરનિકાયનાદેવો ભોતિક સુખોની ટોચ પર હોવા છતાં સંયમના આનંદને અનુભવી શકતા નથી. પરંતુ સમ્યગ્દ્રષ્ટિ દેવો સમ્યગ્જ્ઞાન દ્વારા સંયમના આનંદને જાણે છે તેથી ફુલોની આજુબાજુ જેમ ભમરાઓ ભમે છે. તેમ સમ્યગ્યદ્રષ્ટિ દેવો-



મનુષ્યો પણ સંયમીઓની સુવાસથી પ્રેરાઈને સંયમી આત્માઓની ચૌતરફ ભમે છે. અને વિનયભક્તિ બહુમાન વૈયાવચ્ચ કરે છે.

## (૪૫)

હે નિરંજન નાથ !

તારા શાસનની રક્ષા અને અભ્યુદય તથા મારી ઉત્તમ શ્રેષ્ઠ સમાધિ સિવાય હાલ બીજી કોઈ ઈચ્છા મને નથી, આમ છતાં આવી કોઈ ઈચ્છા અનાદિકાળના કુસંસ્કારોના કારણે કદાચ થોડી ઘણી થઈ જતી હોવા છતાં તેનું મારે બહુ મહત્વ નથી.

પ્રભુ ! તારો કેટલો બધો અનંતો ઉપકાર ! તેં મને મારી આત્મરિદ્ધિના દર્શન કરાવ્યા વીતરાગતા, કેવળજ્ઞાન, અનંત શક્તિ વગેરે અનંતરિદ્ધિનો હું માલિક હોવા છતાં મને મારી રિદ્ધિનો ખ્યાલ જ ન હતો. અને તે મને એ અનંત આનંદ રૂપ મારા સ્વરૂપનું ભાન ન કરાવ્યું હોત તો મારી કેવી દયાજનક પરિસ્થિતિ હજીપણ હોત તે વિચારી શકાય તેમ પણ નથી. અનંત આત્મરિદ્ધિના દર્શક દેવાધિદેવ! તારા ચરણે મારા અનંત વંદન .

માત્ર અનંતરિદ્ધિના દર્શન જ કરાવ્યા નથી પણ તેં અનંતરિદ્ધિ પ્રગટ કરવાના ઉપાય પણ બતાવ્યા. અરે ! અનંત રિદ્ધિ પ્રગટ કરવાના કઠોર ઉપાયને સાધવાનું સામર્થ્ય પણ તારા પ્રભાવથી જ અમને પ્રાપ્ત થાય છે...

તો તારો કેટલો ઉપકાર માનીએ ?

### (૪૬)

આપણે (શિષ્યોને) તે ગુરુ તરફથી ક્યારેક મળતાં ઠપકાના શબ્દો જ સહન કરવાના છે. તેમાં પણ આપણે ઉણા પડીએ છીએ. જ્યારે ગુરુને તો આપણા હંમેશના પ્રમાદના વર્તનને સહન કરવાનું હોય છે. વાણી કરતા પણ વર્તનની પ્રતિકૂળતા સહન કરવી વધુ કઠણ છે. વળી આપણે તો એક જ ગુરુના ક્યારેક મળતાં ઠપકાના કઠોર શબ્દો સાંભળવાના. બીજા કોઈ તરફથી તો કંઈ નહિ, ગુરુને તો અનેક શિષ્યોના અસદ્વર્તનને સહન કરવાનું. ગુરુ પદ વહન કરવું કેટલું બધુ કઠીન છે ?

### (૪૭)

હે નાથ ! પરમાત્મન્ !

એવું પુણ્ય આપો કે જેથી આરાધના કરતાં વચ્ચે સંકલેશ ઉભા કરે, વિઘ્ન કરે, મનની સમાધિ જોખમાવે તેવા પ્રતિકૂળ વાતાવરણના વંટોળીયા ઉભા જ ન થાય.

તથા એવી ધીરતા આપો કે ગમે તેવા પ્રતિકૂળ વાતાવરણ ના વંટોળીયા વચ્ચે પણ મેરુ પર્વત જેવી સ્થિરતા સમાધિ મારી અડગ રહે.



### (૪૮)

વરસાદ ગમે તેટલો વરસે પણ વરસાદના પાણીના સંગ્રહ માટે જે પાત્ર જેટલું હોય તેટલું પાણી મળે. બાલદી, તપેલું, કોઠી વરસાદમાં મૂકીએ તો તે ભરાય, આજે મોટા બંધો બાંધે છે વરસાદ ગમે તેટલો પડે તો પણ બંધ જેટલો હોય તેટલું પાણી ભરાય. બાકીનું બધું પાણી સમુદ્રમાં જાય. કામ લાગતું નથી.

રાત-દિવસ થોભ્યા વિના બારે મહિના એક અવિરત વરસાદ વરસી રહ્યો છે અને તે પણ જાણે પુષ્કરાવર્તનો મેઘ તમે જાણો છો આ વરસાદને ?

આ વરસાદ છે અરિહંતોની કરૂણા...

આ વિશ્વ એટલે ચૌદ રાજલોકમાં પરમાત્માની કરૂણા સતત અવિરત વરસી રહી છે. એની શક્તિ ઘણી છે. અદ્ભૂત છે. અવર્ણનીય છે. આપણી શ્રદ્ધા જેટલી હોય, આપણો આદર, બહુમાન, ભક્તિનો પુરુષાર્થ જેટલો હોય તેટલી કરૂણા આપણને મળે.

પરમાત્માની થોડી પણ કરૂણા મહાલાભને કરે. પાત્રતા વધુને વધુ વિકસિત કરી આપણે દેવાધિદેવની વધુને વધુ કરૂણા પ્રાપ્ત કરવાને પુરુષાર્થ કરીએ...આપણું જીવન ધન્ય બનશે...સદ્ગતિ સુલભ બનશે, મુક્તિ નિકટ બનશે.

## (૪૯)

"જ્યાં પ્રાણ હોય છે ત્યાં મન અવશ્ય હોય છે તેથી મનની સ્થિરતા થતાં સહજ રીતે જ પ્રાણવૃત્તિ સ્થિર થઈ જાય છે."

પ્રાણ એટલે શ્વાસોશ્વાસ. આનાથી મન અને શ્વાસોશ્વાસ પરસ્પરના સંબંધ હોવાનું નક્કી થાય છે. એટલે મન જેટલું સંકલિષ્ટ, વિકલ્પોવાળું, વ્યગ્ર, ચિંતાશીલ એટલા શ્વાસોશ્વાસ પણ બગડે છે. જ્યારે મન નિર્મળ, શાંત, પવિત્ર, પરમાત્માના ધ્યાનમાં એકાગ્ર તેટલા શ્વાસોશ્વાસ પણ સ્થિર અને વ્યવસ્થિત બને છે. તેથી શારીરિક આરોગ્ય પણ સારું જળવાય છે. હૃદયમાં પરમાત્માદિનું ધ્યાન કરવાનું વિધાન અનેક ઠેકાણે બતાવ્યું છે. તેનાથી પણ લાભ એ છે કે હૃદયને પ્રાણવાયુ વિશેષ મળે. હૃદય લોહીને ચારે બાજુ શુદ્ધ કરીને મોકલે છે ત્યારે હૃદયમાં આ શુભ ધ્યાનથી લોહી પ્રાણવાયુ દ્વારા વિશેષ શુદ્ધ થઈ સમસ્ત શરીરમાં પહોંચી જાય છે. એટલે સમસ્ત શરીર પણ નિરોગી થતું જાય છે.

-આ. કલાપૂર્ણસૂરિ મ.

## (૫૦)

## પ્રભુ ! મહાવૈદ્ય

હે નાથ ! શાસ્ત્રકારોએ આપને મહાગોપ, મહાનિર્યામક અને મહાસાર્થવાહ તરીકે નવાજ્યા છે. પણ આજે આપને મારે



મહાવૈદ્ય તરીકે ઘોષિત કરવા છે.

સંસારના જન્મ-મરણાદિમાં કારણભૂત કર્મરૂપી મહારોગના અથવા રાગાદિ દોષોરૂપી મહારોગોને દૂર કરવા માટે આપ મહાન વૈદ્ય તરીકે પુરવાર થઈ ગયા છો. આપની વૈદ્યમય કાર્યવાહી પણ કેવી! જેવા જેવા દરદીઓ તેવી તેવી દવા આપે બતાવી.

અનંતા અભવ્યના જીવોને આપની અત્યન્ત કરૂણા હોવા છતાં તેમના રોગ જ અસાધ્ય નીકળ્યા આમ છતાં જેમ કેન્સરના દરદીને દવા દ્વારા રાહત અપાય છે, તેમ તેઓ પણ તમારા બતાવેલ દ્રવ્યચારિત્ર કે દ્રવ્યધર્મક્રિયાઓ દ્વારા અનંત કાળના સતત દુઃખોથી રાહત પામે છે દુર્ભવ્યોને પણ આપે કાળક્ષેપ કરાવ્યો. તેઓને પણ આપે અભવ્યો મુજબ (દ્રવ્ય ધર્મક્રિયાઓ દ્વારા) રાહત અપાવી.

ચરમાવર્તમાં પ્રવેશેલ અપુનર્બંધકાદિ જીવોને આપે વ્યવસ્થિત દવાનો કોર્સ શરુ કરાવ્યો. પ્રાથમિક કક્ષામાં રહેલા અપુનર્બંધકાદિ જીવોને માર્ગાનુસારી ગુણોની દવા આપી આનું પાલન કરતાં તેઓ સમ્યક્ત્વને પામ્યા. સમ્યગ્દ્રષ્ટિજીવો માટે સમ્યગ્શુદ્ધિ માટે સડસઠ વ્યવહાર વગેરે બતાવ્યા. તેના પાલન દ્વારા આ જીવો છેક ક્ષાયિક સમ્યક્ત્વ સુધી પહોંચી શકે વળી કર્મ નિર્જરા થતાં તેઓ દેશવિરતિ કે કોઈ વિશિષ્ટ સાધક જીવો સર્વવિરતિને પામવા લાગ્યા. વળી દેશવિરતિ જીવોને પણ સમ્યક્ત્વના આચારો સાથે અણુવ્રત, ગુણવ્રતો અને શિક્ષાવ્રતોરૂપી બારવ્રતની આરાધના રૂપી

ઔષધ આપ્યું. જેના પ્રભાવે તેઓ સર્વવિરતિ સુધી પહોંચ્યા.

સર્વવિરતિ જીવોને પ્રભુ આપે સર્વ સાવદ્યનો ત્યાગ કરાવ્યો. પાંચ મહાવ્રત, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું સંપૂર્ણ પાલન આપ્યું વળી પંચાચારની પ્રવૃત્તિ બતાવી. આનાથી આત્મશુદ્ધિ કરતા વિશેષ કરીને મોહનીય કર્મને ખપાવતા સર્વ જીવો ક્ષપકશ્રેણી વગેરેના મંડાણ કરે તે દ્વારા ઘાતિકર્મ ખપાવી કેવલજ્ઞાન સુધી પહોંચી જાય છે.

આમ જગતના જીવોના કર્મરૂપી ભાવરોગને મટાડવા આપે કક્ષા મુજબ ધર્મના દાન કર્યા જેથી જીવો આગળ પ્રગતિ કરતાં છેક કેવલજ્ઞાન સુધી પહોંચે છે. કેવળજ્ઞાની ભગવંત સ્વયં જ્ઞાન દ્વારા આયુષ્યનો અંતકાળ જાણીને સમુદ્ઘાત, આયોજિકાકરણ, યોગનિરોધ વગેરે કરી શૈલેશી અવસ્થા પામી શીઘ્ર પંચ હ્રસ્વાક્ષર ઉચ્ચારણ કાળ આયુષ્ય પૂર્ણ કરી લોકાગ્ર ભાગે અનંતસિદ્ધ પરમાત્માની ભેગા ભળી જાય છે ત્યાં અશરીરી, અરૂપી, નિરંજન, નિરાકાર અવસ્થામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખને અનુભવતા સ્થિર રહે છે હવે પાછુ કદી સંસારમાં આવીને તેને કદી પણ દુઃખનો અંશ ભોગવવાનો નથી.

આમ પ્રભુ તમે જગતના સર્વ જીવોને કર્મરૂપી ભાવ રોગ દૂર કરવાના વિવિધ ઉપાયો બતાવી મહાવૈદ્ય પણાને પામો છો.

વિશ્વના સર્વ જીવોના સર્વ ભાવરોગને દૂર કરનારા



"હે મહાવૈદ્ય આપનું મને હંમેશ માટે શરણ હો."

## (૫૧)

પૂ. વીરવિજય ઉપાધ્યાયજી મ. સં ૧૯૭૫ માગ. વદ. ૮ ખંભાત મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેઓનું ચરિત્ર ૧૯૭૭ માં તેમના ભક્ત બિકાનેર વાસી સુમેરમલજી સુરાણાએ લખેલ છે પૂ. મુનિ શ્રી રામવિજયજી(પૂ. આ. રામચંદ્રસૂરિ મ.) સાહેબે સંશોધન કર્યું છે. તેમાં પૂ. ઉપા. વીરવિજય મ.ના સાત શિષ્ય હોવાનો ઉલ્લેખ છે. પ્રથમ શિષ્ય પં. દાન વિ.(પૂ. આ. દાનસૂરી મ.) હોવાનો ઉલ્લેખ છે. પં. દાનવિજયજીને તે વખતે છ શિષ્ય હતા. પ્રથમ શિષ્ય પ્રેમ વિ.ગણી હતા. પ્રેમ વિ. ગણીને તે વખતે ત્રણ શિષ્ય હતા.

(૧) મુનિશ્રી રામવિજયજી (૨) મુનિશ્રી મનોહર વિ.
(૩) મુનિશ્રી કૈવલ્ય વિજયજી

આમ ગણીએ તો ઉપા. મ. ના અંતિમ સમયે ૭ શિષ્યો ૭ પ્રશિષ્યો (૬ પં. દાન વિજયજીના બીજા એક વિનયવિજયજીના હતા) ૩ પ્રપ્ર શિષ્યો થઈકુલ ૧૭ મહાત્માઓ તે પરિવારમાંથી પૂ. ઉપાધ્યાયજી મ. ના બે શિષ્યો નયવિજયજી, હેતવિજયજી તેમની હયાતીમાં જ કાળધર્મ પામેલા એટલે ૧૯૭૫ પૂ. ઉપા. વીરવિજયજી મ. નો હયાત પરિવાર ૧૫ સાધુઓનો થયો.

પૂ. પં. દાનવિજયજી મ. ના શિષ્યો-પ્રશિષ્યો થઈ ૯ નો પરિવાર ૧૯૭૭ માં હતો. પૂ. પ્રેમવિજયજી ગણિવરનો પરિવાર

ત્રણ શિષ્યોનો હતો. સં. ૧૯૭૭ એટલે ૯૦ વર્ષ પૂર્વેની આ વાત છે. હાલ ગણીએ તો પૂ. પ્રેમસૂરીશ્વરજી મ. નો ૪૫૦ + ૩૫૦ = લગભગ ૮૦૦ હયાત પરિવાર. કાળધર્મ ચોક્કસ ગણ્યા નથી પણ લગભગ ૨૦૦ ગણીએ તો ૧ હજાર મુનિઓનો પરિવાર થયો. ધન્ય છે એ મહાપુરુષને જેને ૧ હજાર મુનિઓનો પરિવાર થયો. ધન્ય છે એ મહાપુરુષને જેને ૧ હજાર મુનિઓનું સર્જન કર્યું. પૂજ્યપાદશ્રીની હાજરીમાં સમુદાય લગભગ ૩૦૦ મુનિઓ સુધી પહોંચેલ.

પૂ. દાનસૂરિ મ. ની હાજરીમાં પણ મુમુક્ષુઓને ચારિત્ર વગેરે માટે તૈયાર પૂ. પ્રેમવિજયજી મ. જ કરતા હતા. વ્યાખ્યાન, પ્રવચન વગેરે કર્યા વિના જ તેઓના ઉજ્જવળ, નિર્મળ, અત્યન્ત વિશુદ્ધ ચારિત્રના પ્રભાવથી મુમુક્ષુઓ ખેંચાઈને આવતા તેમની પાછળ પણ જે સમુદાયની વૃદ્ધિ થઈ તેમાં પણ તેઓશ્રીના શુદ્ધ ચારિત્રની છાયા એ જ કામ કર્યું છે.

એક વિશુદ્ધ ઉત્તમ સંયમી શું કરી શકે તેનું આપણને આમાંથી દિગ્દર્શન મળે છે. હજી આગળ વિચારીએ તો આ ૧ હજાર સંયમીઓ દ્વારા થયેલ શાસન પ્રભાવનાના કાર્યો, તેમના ઉપદેશથી થયેલ શ્રમણીઓ, ચૈત્યો, તીર્થો ઉપધાનાદિ તપો, સંઘો, શ્રાવક-શ્રાવિકાઓની આરાધના તીર્થરક્ષાદિ કાર્યો આ બધાનો સરવાળો કેટલો બધો થાય ?

એક મહાપુરુષે આ જગતમાં કેટલું બધુ સર્જન કર્યું ! તે આપણે જોઈ શકીએ છીએ.

તેઓના ચરણોમાં ભાવભર્યા વંદન કરીએ છે.



વિશાળ સમુદાય સર્જક તેમને હમેંશ યાદ કરવાપૂર્વક પ્રત્યેક **વિશિષ્ટ પ્રસંગોમાં તેમના દિવ્ય આશીષ પ્રગટ કરીએ એ સમુદાયસ્થ સૌ મુનિઓનું કર્તવ્ય છે.**

## (૫૨)

આજે સવારે ૫ કી.મી વિહાર કરી નંદીગ્રામ આવ્યા શ્રી સિમન્ધર સ્વામીનું ભવ્ય તીર્થ છે, દર્શન કર્યા.

બપોરે પ્રભુની ભક્તિ સુંદર થઈ. પ્રભુને વિનંતિ કરી કેટલાક સમર્થ માણસો બીજા શરણે આવેલા સંકટગ્રસ્ત નિર્બળોને જણાવે છે કે "તમે હવે નિશ્ચિંત થઈ સૂઈ જાઓ, બધી ચિંતા અમારા માથે," પ્રભુ ! આપ સર્વ સમર્થ છો, એવું એક પણ જાતનું સામર્થ્ય જગતમાં નથી જે આપનામાં ન હોય. હું આપના શરણે આવ્યો છું. સંકટગ્રસ્ટ છું. આપ પણ મને આવું આશ્વાસન આપી દો કે "હે ભક્ત ! નિશ્ચિંત થઈ જા. બધી ચિંતા મારા માથે."

આપના તરફથી આવું આશ્વાસન મળી જાય તો મારી સમાધિ કેટલી બધી સુંદર થઈ જાય. ઉત્તમ થઈ જાય શ્રેષ્ઠ થઈ જાય.

પ્રભુ ! તુજ ચરણે વંદન વાર હજાર.

(૫૩)

સ્વાર્થી અને લોભી માણસોના હાથમાં સત્તા કે તંત્ર આવ્યું તેઓ પોતાના સ્વાર્થ કે ધનલોભની ખાતર વિશ્વના પર્યાવરણને નષ્ટ કરી દે છે. પર્યાવરણ સમસ્ત વિશ્વના લોકના સ્વાસ્થ્યમાં અને આંતરિક સ્વભાવમાં કારણભૂત છે. પર્યાવરણના નષ્ટ થવાના કારણે લોકોના આરોગ્ય જોખમાય અને અભ્યન્તર સમતા વગેરે ગુણો નષ્ટ થાય.

ક્રોધ-કામ-મત્સર વગેરે અગણિત દોષો માનવોના જીવનમાં ઉભા થયા. આજે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ કે જ્યાં થોડું ઘણું પર્યાવરણ ટક્યું છે તેવા ગામડાઓના લોકોના જીવન પરસ્પર સહયોગી, સહાયક, સંતોષી પરાર્થવૃત્તિવાળા જણાય છે. જ્યારે શહેરીજનોના જીવન મોટે ભાગે સ્વાર્થી, મત્સરી, ક્રોધાદિ દોષોવાળા દેખાય છે.

પર્યાવરણ એ બાહ્ય-અભ્યતંર આરોગ્યનું કારણ છે. પર્યાવરણ એટલે કુદરતી વ્યવસ્થા.

(૫૪)

"णमो जिणमए"

જિનમત જગતમાં સર્વ જીવોને સમાધિના અત્યંત સુખને આપવા તત્પર છે.

જેમ જેમ જિનમત આત્મામાં પરિણત થાય છે. તેમ તેમ જીવનું સમાધિસુખ વધતું જાય છે.



સમાધિ એટલે ચિત્તની પ્રસન્નતા.

આ જ હિસાબે બાર મહિનાના પર્યાયવાળા સાધુને શુકલ લેશ્યાના ઉત્તમ પરિણામોની પ્રાપ્તિ બતાવી.

બાર મહિનાના સાધુ જીવનના અભ્યાસથી જિનમત અત્યંત આત્મામાં પરિણત થાય છે. પરિણામે સમાધિની માત્રા વધતા શુક્લ લેશ્યાના પરિણામ સુધી પહોંચી જવાય છે.

અપુનર્બંધક જીવોના હૃદયમાં જે પાપો પ્રત્યેના તીવ્ર ભાવનો અભાવ છે, સંસારના તીવ્ર રાગનો અભાવ છે. ઉચિત સ્થિતિનું પાલન છે, એ બધું જિનમત છે. આગળ વધતા સમ્યગ્દ્રષ્ટિ જીવોમાં તીવ્રશ્રધ્ધા સ્વરૂપ જિનમત વિશેષ પરિણત થાય છે. દેશવિરતિ જીવોમાં આંશિક પાલનપૂર્વક પરિણત થાય છે. સર્વવિરતિ જીવોમાં સંપૂર્ણ પાલન પૂર્વક પરિણત થાય છે.આગળ આગળ ગુણસ્થાનકોમાં જિનમત વધુ ને વધુ પરિણત થતા ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ થાય છે. કેવલજ્ઞાન પ્રગટ થાય છે. જીવ મુક્તિને પામે છે.

આપણે પણ જિનમતને ભાવથી નમસ્કાર કરી જિનમતથી આપણો આત્મા પરિણત થાય, તે માટે પ્રયત્ન કરીએ.

(૫૫)

વારસામાં મળેલી બાપની મૂડી બેફામ મોજ શોખ આનંદ માં વાપરીને ઘટાડતા, નવી કમાણી બિલ્કુલ નહી કરતા અથવા અતિ અલ્પ કરતા પુત્રને જોઈને કયા બાપને અથવા બીજા પણ સત્પુરુષને વ્યથા થયા વિના રહે ?

આ સ્થિતિ તમારી છે પૂર્વ ભવની મળેલી પુણ્યની મૂડીને આજે તમે બેફામ વાપરીને ઓછી કરી રહ્યા છો જે કંઈ મેળવો છો ભોગવો છો એ દ્વારા પૂર્વેના પુણ્યની મૂડીનો નાશ થઈ રહ્યો છે. તમે બીજી સાધના કરો, સુકૃત કરો તો પુણ્યની મૂડીનો ઉમેરો થાય છે.

પણ તમારા જીવનમાં સુકૃતનું ઠેકાણું નથી અથવા ક્યારેક હશે તો અલ્પ અને તે પણ ઠેકાણા વગરનું.

પચાસ સો કરોડની કમાણી થતા તમે નાચી ઉઠો છો. આનંદ ભરપૂર બનો છો પણ આ તમારું અજ્ઞાન છે કારણકે આ તમને જે પ્રાપ્ત થયું તે તમારી પૂર્વ કમાણીમાંના બેંક બેલેન્સમાં ઘટાડો થઈને મળેલ છે. તમે પચાસ સો કરોડનું સુકૃત કરો કે કોઈ વિશિષ્ટ શીલ, તપ, ભાવ ધર્મની આરાધના કરો તેની પૂર્ણાહુતિ પ્રસંગે તમે આનંદ પામો, નાચી ઉઠો તે વાસ્તવિક છે. જ્ઞાનજન્ય છે. કેમકે તેનાથી તમારું કર્મનું દેવું ઘટયું છે અને પુણ્યનું બેલેન્સ વધ્યું છે. નવી સુકૃતની કે સાધનાની કમાણી વિના તમારો પુણ્યનો ભોગવટો એટલે લક્ષ્મી પ્રાપ્તિ અને ઈન્દ્રિયના સુખોના ભોગવટા દ્વારા એક દિવસ પુણ્યની સમાપ્તિ થયે તમારી કેવી દુર્દશા થશે તેની કલ્પના પણ અમને ધ્રુજાવી દે છે. પણ શું કરીએ તમે અમારું માનતા નથી. પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે તમારામાં સાચી વિવેકદ્રષ્ટિ જાગૃત થાય.



## (૫૬)

જેમ આપણા શરીર હાલ બધાના તકલાદી થઈ ગયા છે. વળી શરીરને જોઈતા પૌષ્ટિક આહાર-પાણી-હવા વગેરેનું પણ ઠેકાણું નથી એટલે શરીરમાં અનેક પ્રકારની સમસ્યાઓ રહે છે. તકલીફો રહે છે.

આ જ રીતે આપણા પુણ્ય પણ તકલાદી છે. વળી પુણ્યની વૃદ્ધિ થાય તેવા વિશિષ્ટ અનુષ્ઠાનો કે તેવી સાધનાઓ પણ નથી. તેથી અનેક પ્રકારની સમસ્યાઓ પણ સૌને રહે છે અલબત દરેક ને એક સરખી જ નહિ પણ વિવિધ પ્રકારની અલગ અલગ સમસ્યાઓ રહે.

કોઈને પૈસાની તકલીફો, કોઈને પૈસા હોય પણ પત્નીનો સ્વભાવ બરાબર ન હોય, કોઈકને સામાજિક સમસ્યાઓ હોય, કોઈને કુટુંબની દીકરા-દીકરીઓ વગેરેની ચિંતા હોય, કોઈને શરીરની ચિંતા હોય, કોઈને ભવિષ્યની ચિંતા હોય, કોઈને બે ટંક ખાવાનું પણ પૂરતું નથી મળતું, આવું તો ઓછે વત્તે અંશે સૌને હોય આવી સમસ્યાઓમાં આપણે ક્યાં સુધી આર્તધ્યાન અસમાધિ કર્યા કરીશું? એના કરતા પુણ્યની ઓછાશ, પાપકર્મ ઉદય વગેરે વિચારીને સમાધિમાં શા માટે ન રહેવું?

આ જ આપણું કર્તવ્ય છે.

## (૫૭)

માણસને વિવિધ પ્રકારની નાની મોટી સમસ્યાઓ હોય છે. દા.ત. ઘરમાં થોડો ક્લેશ, ખીસામાંથી પાકીટ હજાર રૂપિયા સાથેનું ચોરાઈ ગયું, થોડા તાવની સુસ્તી શરીરમાં...

આવી કેટલીક સામાન્ય કોટિની સમસ્યાઓમાં જીવ અટવાતો હોય છે. ત્યાં અચાનક એને દશ કરોડ રૂપિયાની લોટરી લાગ્યાના સમાચાર મળે કે બીજા કોઈ પુત્રજન્મ, વ્યાપારમાં મોટો અણચિંતવ્યો લાભ વગેરે વિશિષ્ટ સમાચાર મળતા બધા જ દુઃખો વીસરાઈ જાય છે. શાંત થઈ જાય છે. એજ રીતે આપણે પણ શરીર, પરીવાર, ધન, સમાજ વગેરેની નાની મોટી સમસ્યામાં અટવાતા હોઈએ છીએ પણ આપણે જો સર્વ શ્રેષ્ઠ દેવ-ગુરુ-ધર્મ-સંઘ મળ્યાના આનંદને અનુભવીએ અથવા આત્મસ્વરૂપમાં રહેલ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતશક્તિ, નિરુપમસુખ, વીતરાગતા વગેરેને યાદ કરી આંતરિક આનંદની છોળો આત્મામાં ઉછળતી અનુભવીએ તો સમસ્યાઓની ચિંતા કે દુઃખ ક્યાં સુધી ટકવાના ? આપણે આપણા આત્મ સ્વરૂપમાં રહેલ અનંત સુખનો વિચાર કરતા નથી. ક્ષયોપક્ષમ ભાવથી પ્રાપ્ત ઉચ્ચ શુક્લ લેશ્યા વગેરેના પરિણામો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા નથી, એ જ આપણી મોટી ખામી છે.



## (૫૮)

એક બાજુ અત્યન્ત સુવાસિત એવા ખીર-ઘેબર-સિંહકેશરીયા મોદક, પેંડા બરફી વગેરે ઉત્તમ કોટીના ભોજનોના થાળો ભરેલા છે.

બીજી બાજુ વિષ્ટા, ઉકરડો ભરેલોછે

થોડા ભૂંડો ત્યાં આવ્યા છે કઈ બાજુ તેઓ દોડશે ?

તે આપણે સમજી શકીએ તેમ છીએ. ઉત્તમ મનુષ્યો કયા ખોરાક તરફ વળશે. તે પણ આપણે સમજી શકીએ તેમ છીએ.

આપણા મન માટે એક બાજુ

૧. વિશ્વના સર્વ જીવો પ્રત્યે મૈત્રી
૨. દુઃખી જીવો પ્રત્યે કરૂણાભાવ
૩. અનંત તીર્થંકર ભગવંતો, ગણધર ભગવંતો, મુનિઓ, શ્રાવકો વિશિષ્ટ અપુર્નબંધકાદિ જીવો પ્રત્યેનો તથા અન્ય સુખી જીવો પ્રત્યેનો પ્રમોદભાવ.
૪. પાપી જીવો પ્રત્યેનો મધ્યસ્થ ભાવ
૫. દેવ-ગુરુ પ્રત્યેનો બહુમાન ભાવ સમર્પિત ભાવ
૬. પુદ્ગલો પ્રત્યેનો વિરાગ ભાવ
૭. અનિત્ય-અશરણાદિ ભાવનાઓ
૮. તત્ત્વોના ચિંતન
૯. ઉત્તમ કોટીના ધ્યાન વગેરે ઉત્તમ કોટિના ખોરાકો છે.

બીજી બાજુ

૧. ઈષ્ટ શબ્દ-રુપ-રસ-ગંધ-સ્પર્શવાળા પુદ્ગલો પ્રત્યે રાગ.

૨. અનિષ્ટ શબ્દાદિ પ્રત્યે દ્વેષ......

૩. પ્રતિકૂળ આચરણવાળા જીવો પ્રત્યે ક્રોધ......

૪. અનુકૂળ આચરણવાળા જીવો પ્રત્યે રાગ......

૫. મળેલ સંપત્તિ સામગ્રીના અભિમાન......

૬. સંપત્તિ સામગ્રી વગેરે મેળવવા માયા અનેક જનોને સાથે ઠગવાની ભાવના.

૭. ધન-સત્તા, વિષય સુખો ખૂબ જ મેળવવાની તૃષ્ણા, મળેલ પ્રત્યે આસક્તિ.

૮. દેવ-ગુરુ-ધર્મ-સંઘ-સાધર્મિક પ્રત્યે પણ અસદ્‌ભાવ ક્રોધાદિના ભાવ.

૯. સ્ત્રીઓ સુંદરીઓ પ્રત્યેના તીવ્ર આસક્તિના ભાવો તેમના શરીર અંગોપાંગ વગેરે જોવાની, સ્પર્શવાની તીવ્ર લાલસાઓ ભોગોની ખૂબ આસક્તિ અને તૃષ્ણા.

આ અને આવા અનેક ઉકરડા જેવા ગંદા ભાવો પડયા છે.

આપણું મન કઈ બાજુ દોડશે ?

અનાદિકાળના અભ્યાસથી આપણું મન પણ આ ઉકરડા તરફ ભુંડની જેમ જઈ રહ્યું છે. તેને પાછુ વાળવાનું કામ ઘણું દુષ્કર છે. પ્રબળ પુરુષાર્થ કરીને આપણે તેને પાછુ વાળવું પડશે. આ માટે દેવ-ગુરુની કૃપા અત્યન્ત આવશ્યક છે. ઉપમિતિ શાસ્ત્રમાં આ માટે પ્રભુને પ્રાર્થના કરી છે.

પ્રભુને એ માટે વિશિષ્ટ પ્રાર્થના કરી છે.

अनादि अभ्यासयोगेन, विषयाशुचिकर्दमे
गर्ते शूकरसङ्काशं, याति मे चटुलं मनः



न चाहं नाथ शक्नोमि, तन्निवारयितुमलम्
अतःप्रसीद तद्देव !देव! वारय वारय

અનાદિકાળના અભ્યાસના કારણે ઉકરડાના ખાડામાં ભુંડની જેમ વિષયોરૂપી અશુચિના કાદવમાં મારું ચંચળ મન ચાલ્યુ જાય છે.

હે નાથ ! તેનું નિવારણ કરવા હું શક્તિમાન નથી. તેથી હવે દેવ પ્રસાદ કરો. હે દેવ ! આને(મનને) વિષયરૂપી કાદવમાં જતું અટકાવો... પ્રભુ ! કૃપા કરો....

આપણે પણ આ રીતે ખૂબ પ્રાર્થના પ્રભુને કરીએ અને પ્રચંડ પુરુષાર્થ કરીને સંસારના ઉકરડા જેવા વિષયતૃષ્ણા-આસક્તિ વગેરેના પૂર્વોક્ત અશુભભાવોથી મનને પાછુ વાળી ઉત્તમ ખીર અને ઘેબર જેવા મૈત્ર્યાદિ ભાવનાઓ, અનિત્યાદિ ભાવનાઓ, દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેના બહુમાન અને સમર્પણના ભાવો, તત્ત્વચિંતન અને શુભ ધ્યાનના અધ્યવસાય તરફ મનને વાળી દઈએ. પ્રકૃષ્ટ પુણ્યથી મળેલ મનુષ્ય જીવન સફળ કરીએ, સદ્‌ગતિ પામી પરંપરાએ મુક્તિ ના શાશ્વત સુખોના ભોક્તા થઈએ.

## (૫૯)

તમારે મુખ્ય ત્રણ વસ્તુ જાણવાની છે.

૧. તમારા આત્માનું અનન્તસુખમય-જ્ઞાનમય-અનન્ત શક્તિયુક્ત, દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ વિશિષ્ટ ગુણોરૂપી રત્નોથી ભરપૂર સામ્રાજ્ય

૨. આ સામ્રાજ્ય પ્રાપ્ત કરવામાં સહાયક ચારિત્ર ધર્મરાજાનું સૈન્ય.

૩. આ સામ્રાજ્ય પ્રાપ્ત કરવામાં અવરોધભૂત મહામોહાદિનું સૈન્ય.

ચારિત્ર ધર્મને મિત્રસ્વરૂપ અને મોહાદિના સૈન્યને દુશ્મનરુપ માનશો તો પછી દુઃખ પરંપરા લાંબો કાળ રહેશે નહિં.

આ પ્રમાણે માનવું એ જ સમ્યક્ત્વ.

સારા શબ્દ, રુપ, રસ, ગંધ, સ્પર્શ દુઃખરુપ છે, દુઃખના કારણ છે, દુઃખના જનક છે. બુદ્ધિના વિપર્યાસના કારણે તે સુખમાં કારણભૂત લાગે છે.

## આત્માનું સામ્રાજ્ય

આત્માના અસંખ્ય પ્રદેશો છે પ્રત્યેક પ્રદેશ પર અનંતાનંત સુખ છે. એ એવું સુખ છે કે જે નિરુપમ એટલે ઉપમાતીત છે. વિશ્વના કોઈ પણ સુખ સાથે તેની ઉપમા કરી શકાય તેમ નથી સંસારી સર્વ જીવોના ત્રણે કાળના સર્વ સુખોના સરવાળાથી અનન્તગુણ સુખ પ્રત્યેક આત્મપ્રદેશ પર છે.

વિશ્વના સર્વજીવો, પુદ્ગલો, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ વગેરે સર્વ પદાર્થોના ત્રિકાલિક સર્વ પર્યાયો (પ્રતિસમયની અવસ્થાઓ) એક સાથે પ્રતિસમય જાણી શકાય, જોઈ શકાય, તેવું જ્ઞાન-દર્શન સામ્રાજ્ય જીવ પાસે છે.



દેવેન્દ્રો કે તીર્થંકરો કરતાં પણ અનન્તશક્તિ જીવ સામ્રાજ્યમાં છે. જન્મ મરણથી મુક્તિ શાશ્વત સ્થિરાવસ્થા જીવની છે. રૂપાતીત અવસ્થામાં જીવ સદા મહાલે છે. શરીરની ઉપાધિ એને નથી. ગુરુ લઘુતા પણ એને નથી.

વિશ્વના સર્વ પદાર્થોના સંપૂર્ણજ્ઞાન સાથે આ બધા પર યત્કિંચિત્ રાગ કે દ્વેષનો પરિણામ થતો નથી. આવી સંપૂર્ણ વીતરાગતા જીવમાં સતત છે.

જીવનો કદી નાશ નથી. સુખમાં કદિ હાનિ નથી, વૃદ્ધિ નથી સતત સુંદર ઉક્ત જ્ઞાન-સુખાદિને સ્થિરપણે જીવ અનુભવે છે. આ જીવના સુખાદિનું વર્ણન કરવા કેવલજ્ઞાની કે તીર્થંકરો પણ સમર્થ નથી.

વચનાતીત, વર્ણનાતીત, ઉપમાતીત સુખને એક માત્ર શુદ્ધ સિદ્ધના જીવો જ અનુભવી શકે છે.

ભૂતકાળમાં અનંત જીવોએ આ શુદ્ધ અવસ્થા પ્રાપ્ત કરી છે. અને હાલ શાશ્વત કાળ માટે ભોગવી રહ્યા છે.

વર્તમાનમાં પણ જીવો આ શાશ્વત અવસ્થા પુરુષાર્થ દ્વારા મેળવી રહ્યા છે.

ભવિષ્યમાં પણ અનંતકાળમાં અનન્ત જીવો આ શુદ્ધાવસ્થાને (સ્વરૂપને) પામનાર છે.

આ વિશાળ સામ્રાજ્ય પ્રાપ્ત કરવા માટે મુખ્ય પાંચ કારણો કામ કરેછે. (૧) સ્વભાવ (૨) નિયતિ (૩) કાળ (૪) કર્મ (૫) પુરુષાર્થ

અનન્તકાળથી આવા વિશાળ સામ્રાજ્યવાળો જીવ એક શરીરમાં અનંત જીવોના સમાવેશ સાથે, ચર્મચક્ષુથી અદશ્ય એવો નિગોદ અવસ્થામાં જન્મ-મરણ કરતો રહે છે ત્યાં એનું જઘન્ય આયુષ્ય ૨૫૬ આવલિકા (૧ મુહૂર્તનો ૬૫૫૩૬ મો ભાગ હોય છે. એટલે ૧ સેકેન્ડનો લગભગ ૨૨ મો ભાગ) હોય છે. આવા જન્મ મરણાદિ દુ:ખોને ભોગવી રહ્યો છે

આ જીવની નિયતિ જ્યારે જાગૃત થાય છે ત્યારે તે આ નિગોદના અનાદિ વ્યવહારમાંથી બહાર નીકળે છે.

અનાદિ જન્મ-મરણ અવસ્થાને અવ્યવહાર અવસ્થા કહેવાય છે. આમાંથી બહાર નીકળે ત્યારે તેની વ્યવહાર દશા શરુ થાય છે. વ્યવહાર રાશીમાંથી એક જીવ શુદ્ધ સ્વરૂપને (મોક્ષને) પામે ત્યારે એક જીવ અવ્યવહાર રાશિમાંથી બહાર આવી વ્યવહાર રાશિપણાને પામે છે.

આમાં કારણ જીવની નિયતિ છે.

કેટલાક જીવોનો સ્વભાવ એવો હોય છે કે એમને સુખાદિમય શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવાની યોગ્યતા હોય છે. તેવા સ્વભાવને ભવ્યત્વ કહેવાય છે. જીવોમાં શુદ્ધ સ્વરૂપને પામવાની બિલ્કુલ યોગ્યતા નથી તે જીવોનું અભવ્યત્વ છે તેવા જીવો અભવ્ય કહેવાય છે.

ભવ્ય અભવ્ય બંને પ્રકારના જીવો નિયતિના કારણે અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવે છે. પણ આમાં અભવ્યના જીવો ક્યારેય મુક્તિને પામી શકવાના નથી તેઓમાં મુક્તિને પામવાની બિલકુલ યોગ્યતા નથી.



એટલે જીવને આ વિશાળ સામ્રાજ્ય પ્રાપ્ત કરવામાં બીજું કારણ થયુ સ્વભાવ ભવ્યત્વનો સ્વભાવ.

વ્યવહારરાશિમાં આવ્યા પછી પણ એક એવું કારણ છે કે જેના પરિપાક વિના જીવ શુદ્ધસ્વરૂપ માટે પ્રવૃત્તિ કરી શકતો નથી. આ છે કાળ, વ્યવહાર અવસ્થામાં આવ્યા પછી પણ ભવ્ય જીવો અનંતાનંત કાળ સુધી સુક્ષ્મ નિગોદ, બાદર નિગોદ, પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, પ્રત્યેક વનસ્પતિકાયના ભવોમાં અનંતકાળ સુધી પરિભ્રમણ કરતા રહે છે.

ક્યારેક થોડો કાળ પરિપક્વ થયે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞિ(મનવગરના) પંચેન્દ્રિય વગેરેના ભવોમાં જન્મ મરણ કરતાં અનન્તકાળ પસાર કરે છે. વચ્ચે વચ્ચે એકેન્દ્રિયાદિ નિગોદમાં પણ અવરજવર કરતા અહીંથી પણ વિશેષ કાળ પરિપક્વ થયે સંજ્ઞી પંચેન્દ્રિયમાં નરક, તિર્યંચ, મનુષ્ય દેવલોકના ભવોમાં પરિભ્રમણ કરે છે. અહીં વચ્ચે વચ્ચે પણ જીવો પાછા નિગોદ-પૃથ્વીકાયાદિ કે વિકલેન્દ્રિય આદિના ભવોમાં ભટકે છે.

આમ અનન્તાન્ત પુદ્ગલપરાવર્તનો સુધી સંસારમાં ભટકીને જીવ ચરમાવર્તમાં પ્રવેશ કરે છે.

ચરમ-છેલ્લો.

મુક્તિને પામવા પૂર્વેનો છેલ્લો ૧ પુદ્ગલ પરાવર્ત કાળને ચરમાવર્ત કાળ કહે છે. તે પૂર્વેના કાળને અચરમાવર્ત કાળ કહે છે. વ્યવહાર અવસ્થામાં આવ્યા પછી પણ જીવો આવા

અનન્તાન્તકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરે છે. અહીં એની અવસ્થા અભવ્ય જીવો જેવી જ હોય છે.

## પુદ્ગલ પરાવર્ત

૧ યોજન લાંબો, ૧ યોજન પહોળો, ૧યોજન ઉંડા ખાડાને યુગલિક પુરુષના તાજા જન્મેલા બાળકના પ્રત્યેક વાળના અસંખ્ય ટુકડાથી ભરી દેવો. પછી દર સો વર્ષે એક વાળ કાઢતા કૂવો ખાલી થાય ત્યારે ૧ પલ્યોપમ થાય. આમાં અસંખ્ય વર્ષ આવે.

૧૦ ક્રોડ X ૧ ક્રોડ આટલા પલ્યોપમ થાય ત્યારે ૧ સાગરોપમ થાય. ૧૦ કોટાકોટિ (અર્થાત્ ૧૦ ક્રોડ X ૧ ક્રોડ) સાગરોપમ થાય ત્યારે ૧ અવસર્પિણી કે ઉત્સર્પિણી (છ આરાનો સમુદાય) ૧ અવસર્પિણી અને ૧ ઉત્સર્પિણી મળીને ૧ કાળચક્ર થાય. આવા અસંખ્ય નહિ પણ અનંતા કાળચક્ર થાય ત્યારે **એક પુદ્ગલ પરાવર્ત થાય.**

અચરમાવર્ત કાળમાં કદી એને પોતાના વિશાળ આત્મિક સામ્રાજ્યનો, શુદ્ધ સ્વરૂપનો ભાસ જ થતો નથી કેવળ અશુદ્ધ ભાવોમાં જ રમતો રહે છે.

આમ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્તિમાં ત્રીજું કારણ કાળ છે.

ચરમાવર્તમાં સ્વરૂપનો થોડો ભાસ સ્વરૂપનું જ્ઞાન વગેરે થોડું થોડું જણાય છે પણ આત્મા પર અચરમાવર્તમાં બાંધેલ તીવ્રરસવાળા કર્મો જીવને આગળ વધવા દેતા નથી.



સકામ કે અકામ નિર્જરા કરવા દ્વારા કર્મનો ભાર ઓછો થાય છે. જીવ લઘુકર્મી બને છે. વળી ત્યારે મનુષ્ય ભવ વગેરે ઉત્તમ સામગ્રીઓને પામે છે. અરિહંત જેવા દેવ, નિર્ગ્રન્થ મુનિ જેવા ગુરુ અને પરમાત્માએ બતાવેલ વિશુદ્ધ માર્ગની પ્રાપ્તિ થાય છે.

આ ત્રણ પ્રાપ્તિ એટલે જીવની અત્યન્ત ઉચ્ચ કે સુંદર અવસ્થા. અહિં સુધી આવ્યા પછી પણ અનાદિના સંસ્કારના કારણે જીવને સંસારના વિષયો પર આકર્ષણ થાય છે. એને પ્રાપ્ત કરવા જોઈતી ધન સામગ્રી પ્રાપ્ત કરવાની તૃષ્ણાઓ ઉછળે છે આને કારણે જે તત્ત્વત્રયીની પ્રાપ્તિ થઈ હોય છે, તેના દ્વારા જે રત્નત્રયીની સાધના કરવાની હોય છે તેમાં જીવ પ્રમાદ કરે છે, અર્થ અને કામ તરફ આકર્ષિત થઈ બંને પુરુષાર્થો તરફ દોટ મૂકે છે. વચ્ચે ક્યારેક ક્યારેક તત્ત્વત્રયીની સાધના દ્વારા રત્નત્રયીને ઉપાર્જન કરવા પ્રયત્ન કરે છે. પણ આમાં બહુકાળ નિરર્થક વ્યતીત થઈ જાય છે. રત્નત્રયીની સાધનાનો કાળ અર્થ-કામની ઉપાસનામાં ચાલ્યો જાય છે. સંસારમાં ધન, કુટુંબ, પરિવાર, સંબંધીઓ, મિત્રમંડળ વગેરે સાથે સંબંધો થાય છે. જેના કારણે અનેક પ્રકારના રાગદ્વેષના પરિણામ થાય છે. શરીર પર પણ મમત્વ રહે છે. આ બધી એક મોટી જંજાળ ઉભી થઈ જાય છે. અને આ બધાના કારણે હિંસાદિ પાપસ્થાનકોનું(સાવદ્યનું)ખૂબ સેવન થાય છે. ભારે કર્મબંધો થાય છે. પાછા જીવનું નરક-તિર્યંચાદિ ગતિઓમાં પરિભ્રમણ થાય છે. અનેક જન્મ મરણો થવા છતાં

જલ્દી છુટકારો થતો નથી.

અર્થની તીવ્ર તૃષ્ણાના કારણે મમ્મણ શેઠ મરીને ૭ મી નરકે ગયો.

કામ(સંસારી સુખો)ની તીવ્ર તૃષ્ણાના કારણે કરુમતિ...કુરુમતિ કરતો બ્રહ્મદત્ત ચક્રવર્તી મરીને ૭ મી નરકે ગયો. આપણે પણ ભૂતકાળમાં અર્થ કામની વાસનાના કારણે અનેક મનુષ્ય ભવો નિરર્થક ગુમાવી અનન્તકાળ સંસારમાં ભટકયા છીએ અને નરકાદિના ઘોર દુઃખો સહ્યા છે. ખૂબ ગંભીરતાથી વિચારીએ નિયતિ-સ્વભાવ-કાળ-કર્મના જટીલ જંગલો પસાર કરી મહા મહેનતે જીવને તત્ત્વત્રયી(દેવ-ગુરુ-ધર્મ)ની પ્રાપ્તિ સાથે આ ઉત્તમ શ્રેષ્ઠ મનુષ્યાભવ મળ્યો. તત્ત્વત્રયીની ઉપાસના દ્વારા રત્નત્રયી(જ્ઞાન-દર્શન-ચારિત્ર)ની સાધના કરવાની છે. આ માટે જ આ મનુષ્યભવ છે.

એટલે હવે આ ભવમાં પ્રકૃષ્ટ પુરુષાર્થ કરી તત્ત્વત્રયી દ્વારા રત્નત્રયીની સાધના કરી વિપુલ પ્રમાણમાં કર્મ નિર્જરા સાધી શીઘ્ર અનંતસુખને પામીએ.

તત્ત્વત્રયી : દેવ, ગુરુ અને ધર્મ

અરિહંત દેવ, નિર્ગ્રન્થ મુનિ ગુરુ, અને સર્વજ્ઞ પરમાત્માએ બતાવેલ મોક્ષમાર્ગ એ ધર્મ.

રત્નત્રયી : સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર.

જિન અને જિનવચન એ જ સાર છે. બાકી બધું અસાર છે તેવી શ્રધ્ધા તે સમ્યગ્દર્શન.



સિદ્ધાંતોનું, વિશ્વના પદાર્થોનું, વિશ્વ વ્યવસ્થા વગેરેની સાચી જાણકારી તે સમ્યગ્જ્ઞાન અથવા સર્વજ્ઞ ભગવંતે પ્રરૂપેલ સિદ્ધાંતોનો યર્થાથ બોધ તે સમયગ્જ્ઞાન.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહના પાલન પૂર્વકનું જિનાજ્ઞાનુસાર જીવન તે ચારિત્ર.

## (૬૦)

નિશ્ચય વિનાનો વ્યવહાર મોળી (મીઠા-મરચા વગરની)દાળ જેવો છે.

વ્યવહાર વિનાનો નિશ્ચય મીઠા-મરચા જેવો છે. મીઠા- મરચાના ફાકડા ન મરાય. મારીએ તો મોઢામાં ફોલ્લા પડે, મીઠું, મરચુ તો બીજી વસ્તુમાં ભળી તેનો સ્વાદ વધારી આપે એવી રીતે નિશ્ચય યુક્ત વ્યવહાર સ્વાદિષ્ટ ભોજનની જેમ આત્માની પુષ્ટિ કરનાર થાય છે. નિશ્ચય વિનાનો વ્યવહાર પણ વિશેષ લાભદાયી બની શકતો નથી. અને વ્યવહાર વિનાનો એકાંત નિશ્ચય નુકશાનકારક બને છે.

ક્રોધાદિ વખતે જેમ શરીરમાં કડવા તીખા રસો ઝરે છે તેમ સમાધિગ્રસ્ત આત્માના શરીરમાં અમૃતરસો ઝરે છે. તેથી અત્યન્ત આનંદનો અનુભવ થાય છે. વિશિષ્ટ લબ્ધિઓ પ્રગટ થાય છે.

-પ.પૂ.ગચ્છાધિપતિશ્રી આ.
જયઘોષસૂરી મ.સા.

"સંયમ જીવન માટે સાક્ષાત્ પ્રેરણા અર્પી રહેલા, કલિકાળમાં સંયમીઓ માટે સાક્ષાત્ કલ્પતરૂ તુલ્ય પરમારાધ્યપાદની પરમ પવિત્ર છાયામાં વસવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. ત્યાં મારા જેવો અધિક શું લખી શકે? પૂજ્યશ્રીના જીવનમાંથી ખૂબ જ લૂંટવાનું છે. ભાગ્યવાન હશે તે લૂંટી શકશે. તેઓશ્રીના અંગેઅંગમાંથી પાવિત્ર્ય ઝરી રહ્યું છે, તેના અમીપાન કરીને કૃતાર્થ થઈએ."ભા.વ.૧, સં. ૨૦૧૦

પ.પૂ.પં શ્રી ભંદ્રકરવિજયજી ગણિવર્યના
પૂ. ધર્માનંદવિજયજી મ. પર ના પત્રમાંથી
પરમારાધ્યપાદ :
પ.પૂ.સિદ્ધાંતમહોદધિ પ્રેમસૂરીશ્વરજી મ.સા.





આ. હેમચન્દ્રસૂરિ

## નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ-નિક્ષેપે અરિહંત પરમાત્માની આરાધના

પાંચ ભરતક્ષેત્રમાં અને પાંચ ઐરાવતક્ષેત્રમાં ત્રણે ચોવીશીના ૭૨૦ તીર્થંકર ભગવંતો, પાંચ મહાવિદેહમાં ઉત્કૃષ્ટ કાળે થયેલા ૧૬૦ તીર્થંકર ભગવંતો, વર્તમાન વિહરમાન શ્રી સીમંધરસ્વામી આદિ વીશ તીર્થંકર ભગવંતો, ચાર શાશ્વત જિન, ચોવીશ ભગવાનના પાંચે કલ્યાણક આમ સહસ્રકૂટ ૧૦૨૪ જિનની આરાધના સચિત્ર...

ઉર્ધ્વલોક, અધોલોક, વ્યંતર તથા જ્યોતિષ ચક્રના શાશ્વત ચૈત્યો....

નંદીશ્વર દ્વીપ-રુચક દ્વીપ-કુંડલ દ્વીપ-માનુષોત્તર પર્વત પરના ચૈત્યો, મહાવિદેહ ક્ષેત્રના તથા જંબુદ્વીપમાં કૂટો-વૈટાઢય પર્વતો-દ્રહો-નદીના કુંડો-મેરુપર્વતના ચૈત્યો, આ જ રીતે ધાતકી ખંડ-પુષ્કરાર્ધ દ્વીપના શાશ્વત ચૈત્યો-ચિત્રો-નકશાઓ સાથે

શત્રુંજય, ગિરનાર, અષ્ટાપદ, આબુ, સમેતશિખર તીર્થો, અન્ય ૧૦૮ તીર્થોના મૂળનાયક તથા ચૈત્યો સાથે કેટલાક આધુનિક તીર્થો..૧૦૮ પાર્શ્વનાથ પ્રભુ...

અતીતમાં થયેલા તીર્થંકર ભગવંતો, અનાગતમાં થનારા તીર્થંકર ભગવંતો, વર્તમાનમાં તીર્થંકર નામકર્મ નિકાચિત કરતા દેવો-મનુષ્યો-નારકો.....

વર્તમાનમાં પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વીશ જિનેશ્વરો, ૮૪ ગણધરો-૧૦લાખ કેવળજ્ઞાની, ૧૦૦ કરોડ સાધુ-સાધ્વીઓ, અબજો શ્રાવક-શ્રાવિકાઓ અને અસંખ્ય ઇન્દ્રાદિ દેવોથી પરિવરિત શ્રી સીમંધર પ્રભુ....

આ બધાને જુહારવાનો, દર્શન-વંદન કરવાનો માહિતીસભર અદ્ભુત ગ્રંથ એટલે ત્રિલોક તીર્થ વંદના આ ગ્રંથ જીવનને પ્રભુ ભક્તિથી ભરી દેશે.

પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય હેચંદ્રસૂરીશ્વરજી મહારાજા
દ્વારા લિખિત-સંપાદિત-સંકલિત-પ્રેરિત ગ્રંથોની સૂચિ.

(૧) પદાર્થ પ્રકાશ ભાગ-૧ (જીવવિચાર-નવતત્ત્વ પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૨) પદાર્થ પ્રકાશ ભાગ-૨(દંડક-લઘુસંગ્રહણી પદાર્થ સંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૩) પદાર્થ પ્રકાશ ભાગ-૩ (૧લા ૨જા કર્મગ્રંથના પદાર્થ સંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૪) પદાર્થ પ્રકાશ ભાગ-૪(૩જા,૪થા કર્મગ્રંથના પદાર્થ સંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૫) મુક્તિનું મંગલ દ્વાર(ચતુઃશરણસ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદનાનો સંગ્રહ)
(૬) શ્રી સીમંધરસ્વામીની આરાધના(મહિમાવર્ણન-ભક્તિગીતો વગેરે)
(૭) ચાતુર્માસિક અને જીવનના નિયમો
(૮) વીશ વિહરમાન જિન સચિત્ર
(૯) વીશ વિહરમાન જિન પૂજા
(૧૦) બંધનથી મુક્તિ તરફ(બારવ્રત તથા ભવઆલોચના વિષયક સમજણ)
(૧૧) નમસ્કાર મહામંત્ર મહિમા તથા જાપ નોંધ
(૧૨) પંચસૂત્ર(સૂત્ર૧લું )સાનુવાદ
(૧૩) તત્ત્વાર્થ ઉષા (પૂ. આ.શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.)
(૧૪) સાત્ત્વિકતાનો તેજ સિતારો(પ.પૂ.પદ્મવિજયજી મ.નું ચરિત્ર)



(૧૬) પ્રેમપ્રભા ભાગ-૨(વિવિધ વિષયોના ૧૬૦ શ્લોકો સાનુવાદ)
(૧૭) પ્રેમપ્રભા ભાગ-૩(બ્રહ્મચર્ય સમાધિ અંગે શાસ્ત્રીય શ્લોકો-વાક્યો-સાનુવાદ)
(૧૮) સાધુતાનો ઉજાસ(લે.પૂ.પં. પદ્મવિજયજી મ.(પ્રેમપ્રભા ભાગ-૪))
(૧૯) પરમ પ્રાર્થના (અરિહંત વંદનાવલી, રત્નાકર પચ્ચીશી, આત્મનિંદાદ્વાત્રિંશિકા આદિ સ્તુતિઓનો સંગ્રહ)
(૨૦) ભક્તિમાં ભીંજાણા(પ. પદ્મવિજયજી ગણિવર્ય)(વીરવિજયજી મ. કૃત સ્નાત્રનું ગુજરાતીમાં વિવેચન)
(૨૧) વૈરાગ્યશતક, ઇન્દ્રિયપરાજયશતક, સિંદૂરપ્રકર, ગૌતમકુલક સાનુવાદ (પૂ. આ જયઘોષસૂરિ મ.સા.)(પ્રેમપ્રભા ભાગ-૫)
(૨૨) આદીશ્વર અલબેલો રે (પૂ. ગણિ કલ્યાણબોધિવિજયજી) (શત્રુંજયતીર્થના ચૈત્યવંદનો-સ્તુતિઓ-સ્તવનોનો સંગ્રહ)
(૨૩) ઉપધાન તપવિધિ
(૨૪) રત્નકુક્ષી માતા પાહિણી
(૨૫) સતી-સોનલ
(૨૬) નેમિ દેશના
(૨૭) નરક દુઃખ વેદના ભારી
(૨૮) પંચસૂત્રનું પરિશીલન
(૨૯) પૂર્વજોની અપૂર્વ સાધના(મૂળ)
(૩૦) પૂર્વજોની અપૂર્વ સાધના (સાનુવાદ)
(૩૧) અધ્યાત્મયોગી (આ.કલાપૂર્ણસૂરિજીનું સંક્ષિપ્ત જીવન દર્શન)
(૩૨) ચિત્કાર
(૩૩) મનોનુશાસન
(૩૪) ગુરુદીવો, ગુરુ દેવતા (પ્રેમપ્રભા ભાગ-૬)
(૩૫) ભાવે ભજો અરિહંતને

(૩૬) લક્ષ્મી સરસ્વતી સંવાદ

(૩૭) પ્રભુ ! તુજ વચન અતિ ભલું(પ્રેમપ્રભા ભાગ-૭)

(૩૮-૪૦) અરિહંતની વાણી હૈયે સમાણી ભાગ-૧,૨,૩,

(૪૧) સમાધિ સાર(પ્રેમપ્રભા ભાગ-૮)

(૪૨-૪૪) રસથાળ ભાગ-૧,૨,૩(૪૫) સમતાસાગર (પૂ.પંપદ્મવિજયજી મ. ના ગુણાનુવાદ)

(૪૬) પ્રભુ દરિસણ સુખ સંપદા

(૪૭) શુદ્ધિ (ભવઆલોચના)

(૪૮) પ્રભુ ! તુજ વચન અતિ ભલું(પ્રેમપ્રભા ભાગ-૯)

(૪૯) ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિભલો

(૫૦) કામ સુભટ ગયો હારી(પ્રેમપ્રભા ભાગ-૧૦)

(૫૧-૫૨) ગુરુની શીખડી, અમૃતની વેલડીભાગ-૧-૨ (પ્રેમપ્રભાભાગ-૧૧,૧૨)

(૫૩) પદાર્થ પ્રકાશ ભાગ -૫(ત્રણ ભાષ્યનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૫૪) મહાવિદેહના સંત ભરતમાં

(૫૫) પદાર્થ પ્રકાશ ભાગ -૬(પાંચમો કર્મગ્રન્થ પદાર્થ-ગાથા-શબ્દાર્થ)

(૫૬) પદાર્થ પ્રકાશ ભાગ -૭(૬થો કર્મગ્રન્થ પદાર્થ-ગાથા-શબ્દાર્થ)

(૫૭) પદાર્થ પ્રકાશ ભાગ -૮(બૃહત્સંગ્રહણીના પદાર્થ-ગાથા-શબ્દાર્થ)

(૫૮) રસથાળ ભાગ-૪

(૫૯) આર્હન્ત્ય

(૬૦) જયવીયરાય (જયવીયરાય સૂત્ર પર વિવેચન )



## અંગ્રેજી સાહિત્ય

1.) A Shining Star of Spirituality
(સાત્ત્વિકતાનો તેજ સિતારોનો અનુવાદ)

2.) Padartha Prakash Part -1
(જીવવિચાર-નવતત્ત્વ)

3.) Pahini-AGem-womb Mother
(રત્નકુક્ષિ માતા પાહિણીનો અનુવાદ)

## સંસ્કૃત સાહિત્ય

समतासागरचरितम् (પ.પદ્મવિજયજી મ. નું જીવન ચરિત્ર)

ઉપરોક્ત પુસ્તકોમાંથી કોઇ પણ પુસ્તકની પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો તથા શ્રાવક-શ્રાવિકાઓને જરૂર હોય તો અમને જાણ કરશો.